# Shree Sangrahani Sootra



*Ācārya Hemcandrasuri*

પંન્યાસ શ્રી પદ્મવિજયગણિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું
(વિ. સં. ૨૦૬૯ અષાઢ સુદ-૯)

# શ્રી સંગ્રહણિ સૂત્ર

મૂળ-ગુજરાતી તથા અંગ્રેજી અનુવાદ સહ

: પાવનકારી પ્રેરણા :
પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય**
પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ**

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

વિ. સં. ૨૦૬૯ | વીર સં. ૨૫૩૯

પ્રકાશક -
સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ

સંસ્થાપક :
શ્રાદ્ધવર્યા શ્રી મૂળીબેન અંબાલાલ (ખંભાત)

શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન શાળા
શાસન સમ્રાટ ભવન
ક્રમાંક: 00122
સ્થાન: 04.03

# પ્રાપ્તિસ્થાન

- **પી.એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ–૪૦૦૦૨૬.
  ફોન : ૨૩૫૨૨૩૭૮, ૨૩૫૨૧૧૦૮
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૬, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭. ફોન : ૨૬૬૩૯૧૮૯
- **બાબુભાઈ સરેમલજી બેડાવાળા**
  સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે,
  હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ–૩૮૦૦૦૫.
  મો : ૯૪૨૬૫૮૫૯૦૪
- **ચંદ્રાકાંત એસ. સંઘવી**
  ૬–બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા ગરનાળા પાસે,
  પાટણ–૩૮૪૨૬૫. (ઉ.ગુ.). ફોન : ૦૨૭૬૬–૨૩૧૬૦૩
- **અક્ષયભાઈ જે. શાહ**
  ૫૦૨, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, સર્વોદયનગર,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૮૦.
  ફોન : ૨૫૬૭૪૭૮૦, મો : ૯૫૯૪૫૫૫૫૦૫

**પ્રથમ આવૃત્તિ** — **નકલ ૪૦૦**

**મૂલ્ય : રૂા. ૮૦-૦૦**

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ**
ન્યૂ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ.
**Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com**

## સુકૃત સહયોગી

# શ્રી
# કચ્છી વિશા ઓશવાળ
# માપર જૈન મહાજન

## માપર, તા. માંડવી (કચ્છ)

પ્રેરણા : સાધ્વીજી શ્રી હંસાવલીશ્રીજી
સાધ્વીજી શ્રી હર્ષશીલાશ્રીજી
સાધ્વીજી શ્રી ચન્દ્રશીલાશ્રીજી

જ્ઞાનનિધિ સદ્વ્યયની ભૂરિ ભૂરિ અનુમોદના

અનુમોદના
અભિનંદન
ધન્યવાદ



**ભગવાન શ્રી મહાવીરસ્વામી**



**અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી**



## દિવ્યકૃપા વર્ષા

સિદ્ધાન્તમહોદધિ, ચારિત્રચુડામણિ,
સુવિશાળ ગચ્છનિર્માતા
આચાર્યદેવ
**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

ન્યાયવિશારદ, વર્ધમાનતપોનિધિ, સન્માર્ગદર્શક
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

અજોડ ગુરુસમર્પિત, ગુણગણ નિધિ,
સમતાસાગર, પંન્યાસપ્રવર
**શ્રી પદ્મવિજય ગણિવર્ય**

## આશિષ વર્ષા

સિદ્ધાંત દિવાકર, ગચ્છાધિપતિ
આચાર્યદેવ
**શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

વૈરાગ્યદેશના દક્ષ, પ્રાચીન શ્રુતોદ્ધારક
આચાર્યદેવ
**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.**



# પ્રકાશકીય

જૈનશાસનમાં વિશ્વનું દર્શન કરાવતા પૂર્વાચાર્યોના અનેક ગ્રંથો છે. આમાં બૃહત્સંગ્રહણિ તથા સંગ્રહણિ સૂત્ર, આ બે સૂત્રોમાં ચારે ગતિના જીવોના આયુષ્ય, રહેવાના સ્થાનો, શરીરની અવગાહના, ઉપપાત તથા ચ્યવન વિરહકાળ, એક સમયે એક સાથે ઉપપાત તથા ચ્યવન સંખ્યા, ગતિ, આગતિ વગેરે દ્વારોનું સુંદર વર્ણન કર્યું છે.

બૃહત્સંગ્રહણિની ૩૬૭ મૂળગાથાઓ છે, તેમજ શ્રી સંગ્રહણિસૂત્રની ૩૧૯ મૂળગાથાઓ છે. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી રચિત બૃહત્સંગ્રહણિ સૂત્ર પર શ્રી મલયગિરિ મહારાજની ટીકા છે. શ્રી શ્રીચન્દ્રસૂરિજી રચિત શ્રી સંગ્રહણિસૂત્ર પર શ્રી દેવભદ્રસૂરિજી મહારાજની ટીકા છે.

આ બન્ને ટીકાઓના આધારે પદાર્થોનો સંગ્રહ તથા બન્ને સૂત્રોની મૂળગાથાઓ અનુવાદ સહ અમે પદાર્થપ્રકાશ ભાગ-૮ રૂપે પૂર્વે પ્રકાશિત કરેલ છે.

આ પુસ્તકમાં અમે સંગ્રહણિસૂત્રની મૂળગાથાઓ ગુજરાતી તથા અંગ્રેજી અનુવાદ સાથે પ્રકાશિત કરીએ છીએ.આજની નવી પેઢીમાં મોટાભાગનો વર્ગ એવો છે કે જેણે અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લીધું હોવાથી ગુજરાતી ભાષા સમજી શકતો નથી. તેઓને લક્ષમાં લઈ અંગ્રેજી અનુવાદ કરેલ છે. મૂળગાથા તેમજ અનુવાદમાં બધું આવી જ જાય છે તેમ છતા પદાર્થોનું વિસ્તૃત જ્ઞાન મેળવવા ઈચ્છનારે પદાર્થપ્રકાશ ભાગ-૮ જોઈ લેવા વિનંતી.



પૂ. આચાર્ય ભગવંત શ્રી **કલ્યાણબોધિસૂરિજી મ.** ના શિષ્યરત્ન **મુનિશ્રી ભક્તિવર્ધનવિજયજી મ.** ના શિષ્ય **મુનિશ્રી હર્ષપ્રેમવિજયજી મ.** ના શિષ્ય **મુનિશ્રી ધર્મપ્રેમ-વિજયજી મ.** અત્રે પ્રસ્તુત અંગ્રેજી અનુવાદના કર્તા છે. પુસ્તક પ્રકાશન અંગેનો તેઓશ્રીનો આ પ્રથમ પ્રયાસ છે, જે સુંદર થયો છે. આ અનુવાદ જોતા તેઓ અંગ્રેજી માધ્યમ તરફ વળેલ યુવાઓને પૂર્વાચાર્યો દ્વારા અનેક વિષયો ઉપર રચેલ અણમોલ શાસ્ત્રોનો અભ્યાસ કરવા માટેના દ્વારો ખોલી આપશે તેમાં કોઈ શંકા નથી. આમ પૂજ્યશ્રી ભવિષ્યમાં શ્રુતજ્ઞાનની ભક્તિદ્વારા પ્રભુ શાસનની ખૂબ સુંદર સેવા કરશે એમ સ્પષ્ટ જણાય છે.

પ્રબળ પુરુષાર્થ કરી તૈયાર કરેલ આ અંગ્રેજી અનુવાદ યુક્ત શ્રીસંગ્રહણિસૂત્રના પ્રકાશનનો લાભ અમને આપવા બદલ અમે પૂજ્યશ્રીના ઋણી છીએ. શ્રુતભક્તિનો લાભ મળતો જ રહે તેવી શ્રુતાધિષ્ઠાયિકા ભગવતી શ્રી સરસ્વતીદેવીને પુનઃ પુનઃ પ્રાર્થના.

સૌ ભવ્યાત્માઓ આ પ્રકાશનનો લાભ લઈ પોતાની શ્રુતજ્ઞાનની સમૃદ્ધિને વિસ્તૃત કરે એ જ શુભેચ્છા...

લિ.

**સંઘવી અંબાલાલ રતનચંદ**
**જૈન ધાર્મિક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

# અંતરની વાત....ઋણ સ્વીકાર

**શ્રી સંગ્રહણિસૂત્ર.....** આ ગ્રંથમાં મુખ્યત્વે ચાર અધિકારો છે :-

૧. દેવાધિકાર, ૨. નરકાધિકાર, ૩. મનુષ્યાધિકાર, ૪. તિર્યંચાધિકાર. દેવો તથા નારકોના ૯-૯ દ્વારો તેમજ મનુષ્ય તથા તિર્યંચના ૮-૮ દ્વારો છે. ચારે ગતિના જીવોના આહાર, સંઘયણ, સંસ્થાન, લેશ્યા, પર્યાપ્તિ વગેરેની પણ સમજણ આપેલી છે. સાથે -સાથે થોડી જૈન ભૌગોલિક માહિતી, જે આજના વિશ્વ માટે અને ભૂગોળશાસ્ત્રીઓ માટે પડકાર રૂપ તેમજ સંશોધનના વિષયરૂપ બની રહી છે તે પણ સમાવી લીધી છે. આવી અનેકવિધ વાતોનો સંગ્રહ આચાર્યદેવ શ્રીમદ્વિજય શ્રીચન્દ્રસૂરિજીએ આ સૂત્રમાં કરેલ છે. તેમના ચરણોમાં ભાવભરી વંદના.

આ પુસ્તકમાં આ સૂત્રની મૂળગાથાઓ તેમજ ગુજરાતી તથા અંગ્રેજી અનુવાદ છે. ગુજરાતી અનુવાદ યુક્ત મૂળગાથાઓના અનેક પ્રકાશનો ભૂતકાળમાં થયા જ છે પણ અંગ્રેજી અનુવાદનું આ (પ્રાયઃ) પ્રથમ પ્રકાશન થઈ રહ્યું છે. અંગ્રેજી અનુવાદના પાયામાં બે પ્રસંગો બન્યા...

૧. જ્યારે-જ્યારે આજની યુવા પેઢીને જીવવિચાર-નવતત્ત્વ-સંગ્રહણિ વગેરે ગ્રંથો ભણવાની વાત કરતો ત્યારે બહુધા એક જ જવાબ મળતો..."સાહેબ, અમને ગુજરાતી આવડતું નથી, અંગ્રેજીમાં પુસ્તક હોય તો આપો" ત્યારથી આપણા અમૂલ્ય પદાર્થોને અંગ્રેજી ભાષામાં પ્રગટ કરવાની ભાવના થઈ.

૨. વિ. સં. ૨૦૬૮ વર્ષે અખાત્રીજના પારણા પ્રસંગે પૂ. ગુરુદેવની નિશ્રામાં ભગવાનનગરના ટેકરે (અમદાવાદ) હતા. એ વખતે વાસણાનિવાસી રાજેન્દ્રભાઈ સારાભાઈ નવાબ, શ્રી સંગ્રહણીસૂત્રનું અંગ્રેજી અનુવાદ લઈને આવેલા, તે છપાવવાની ભાવનાથી ગુરુદેવે તે મેટર મને તપાસવા આપેલ. તેનું પરિમાર્જન કરી છપાવવા કરતા તેને નજર સમક્ષ રાખી આખો નૂતન અનુવાદ તૈયાર કરવો સહેલો રહેશે, એવી વાત ગુરુદેવને કરી. પ. પૂ. સમતાસાગર પંન્યાસપ્રવર પદ્મવિજયજી ગણિ જન્મશતાબ્દિ વર્ષે કંઈક નવું સર્જન કરવાની ભાવના થઈ, તેમાં ગુરુદેવની પરમ કૃપા અને પ્રેરણા પ્રાપ્ત થતા, આ અંગ્રેજીમાં નૂતન અનુવાદ અસ્તિત્વમાં આવ્યું.

આ ગ્રંથનું અધ્યયન કરાવનાર તેમજ સંપૂર્ણ અનુવાદ તપાસી આપનાર વિદ્યાગુરુ મુનિશ્રી રત્નબોધિવિજયજી મ. નો હું અત્યંત ઋણી છું.

દીક્ષા પછી પુન: અંગ્રેજી ભાષાને દૃઢ કરવા અધ્યયન કરાવનાર તથા આ અંગ્રેજી અનુવાદને (વ્યાકરણની દૃષ્ટિએ) તપાસી આપનાર નટુભાઇ સર (વડોદરા)ને વિસરી શકાય તેમ નથી.

અમાપ પાપમય આ સંસારઅટવીમાં ભટકતા મને સંયમના મહાલયમાં લઇ આવનારા વાત્સલ્યના મહાસાગર પૂ. પ્રપ્રદાદા ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. પ્રદાદા ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ., તથા પૂ. દાદા ગુરુદેવ મુનિશ્રી ભક્તિવર્ધનવિજયજીમ.ના ઉપકારોની ઋણમુક્તિ ક્યારેય થઇ શકે એમ નથી.

જન્મથી લઇ આજ દિન સુધી જેમણે સતત મારી કાળજી કરી છે એવા ગુરુદેવ પૂજ્ય મુનિરાજશ્રી હર્ષપ્રેમવિજયજી મ. સા.(બાપુજી મ.સા.), તેમજ સાધ્વીજી શ્રી હર્ષશીલાશ્રીજી (બા મહારાજ) તથા સાધ્વી શ્રી ચન્દ્રશીલાશ્રીજી (બેન મહારાજ)ના ઉપકારો આ ક્ષણે સ્મૃતિ પટ પર લાવી કૃતજ્ઞતા સહ ધન્યતા અનુભવું છું.

"સહાય ગુણ ધરતા સાધુજી" ઉક્તિને ચરિતાર્થ કરતા તમામ સહવર્તીઓ તેમજ કલ્યાણ મિત્રો આ પ્રસંગે ભૂલાય તેમ નથી.

મારા આ પ્રથમ પ્રયાસરૂપ અનુવાદમાં અનેક ક્ષતિઓની સંભાવના છે, તો વિદ્વદ્ તેમજ અભ્યાસુવર્ગને ક્ષતિનિર્દેશ કરવા ખાસ વિનંતી.

અંતે ચારે ગતિ વિષયક રસપ્રદ પદાર્થોથી ભરપૂર આ ગ્રંથને સમજણપૂર્વક કંઠસ્થ કરી, વારંવાર પુનરાવર્તન દ્વારા મનને અશુભ વિચારોમાંથી, વાણીને અશુભ વાતોમાંથી તથા કાયાને અશુભ વર્તનોમાંથી મુક્ત કરી, ચારે ગતિના ચકરાવામાંથી મુક્ત થઇ, આપણે સૌ શીઘ્ર પંચમી ગતિને પામીયે એ જ અભ્યર્થના...

સમારોડ, વડોદરા
અષાઢ સુદ ૯,
વિ. સં. ૨૦૬૮

ગુરુકૃપાકાંક્ષી
મુનિ ધર્મપ્રેમવિજય (હર્ષશિશુ)

# Please Wait

## ઉચ્ચારણો ધ્યાનમાં લઇ લેવા

a= અ, ā = આ, ru / ri = ઋ, ca = ચ, cha = છ, chha = ચ્છ "ઋ" માટે ru વાપરેલ છે. દા. વિવૃત્ત = Vivruta, પણ ક્યાંક ri પણ વાપરેલ છે. દા. ત. પૃથ્વીકાય = Prithvikāya (લોકમાં પણ કૃષ્ણ= Krishna)

અત્યાર સુધી "ચ" માટે cha જ લખાય છે. દા. હેમચન્દ્ર = Hemchandra પણ Modern English એને હેમછન્દ્ર રીતે Pronounce કરશે, માટે જ આ ગ્રંથમાં પણ Hemcandra વગેરે પ્રયોગ કરેલ છે. કોઈ તેને હેમસન્દ્ર કે હેમકન્દ્ર એવું ઉચ્ચારણ ન કરે કે Press Mistake ન સમજે. આપણે ટેવાયેલા નથી એટલે ચોક્કસ અજુગતુ લાગશે પણ ભવિષ્યને નજરમાં રાખી આ રીતે પ્રયોગ કરેલ છે.

શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણ રચિત

# બૃહત્સંગ્રહણિ

**નમિઉં અરિહંતાઈ, ઠિઈ-ભવણોગાહણા ય પત્તેયં ।**
**સુર-નારયાણ વુચ્છં, નર-તિરિયાણં વિણા ભવણં ॥૧ ॥**
**ઉવવાય-ચવણ-વિરહં, સંખં ઈગ-સમઈયં ગમા-ગમણે ।**
**દસ વાસસહસ્સાઈં, ભવણવઈણં જહન્નઠિઈ ॥૨॥**

અરિહંત વગેરેને નમસ્કાર કરીને દેવતા અને નારકીના દરેકના (૧) સ્થિતિ, (૨) ભવન, (૩) અવગાહના, મનુષ્ય અને તિર્યંચના દરેકના ભવન વિના (સ્થિતિ અને અવગાહના), (૪) ઉપપાતવિરહ, (૫) ચ્યવનવિરહ, (૬) એક સમયમાં ઉપપાતસંખ્યા, (૭) એક સમયમાં ચ્યવનસંખ્યા, (૮) ગતિ, (૯) આગતિ કહીશ. ભવનપતિની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. (૧, ૨)

Having done obeisance to all Arihantās, I shall describe the (1) Sthiti = Lifespan (2) Bhavana = Residential abodes (3) Avagāhanā = Height (4) Upapāta viraha = Time gap between two births, former and latter (5) Cyavana viraha = Time gap between two deaths, former and latter (6) Upapāta sankhyā = Number of souls taking birth at the same moment (7) Cyavana sankhyā = Number of souls dying at the same moment (8) Gati = Next birth (9) Āgati = Previous birth, of celestial beings and hell dwellers, while all the same aspects except bhavana of human beings and creatures (animals, birds, insects etc.).

Bhavanapati celestial beings have minimum lifespan of 10,000 years. 1-2

**ચમર બલિ સારમહિઅં, તદ્દેવીણં તુ તિન્નિ ચત્તારિ ।**
**પલિયાઈં સડ્ઢાઈં, સેસાણં નવનિકાયાણં ॥૩॥**
**દાહિણ દિવડ્ઢ પલિયં, ઉત્તરઓ હુન્તિ દુન્નિ દેસૂણા ।**
**તદ્દેવીમદ્ધપલિયં, દેસૂણં આઉમુક્કોસં ॥૪॥**

(ઉત્કૃષ્ટ આયુષ્ય) ચમરેન્દ્રનું અને બલીન્દ્રનું ક્રમશઃ ૧ સાગરોપમ અને સાધિક ૧ સાગરોપમ છે. તેમની દેવીઓનું ક્રમશઃ $૩\frac{૧}{૨}$ પલ્યોપમ અને $૪\frac{૧}{૨}$ પલ્યોપમ, શેષ નવ નિકાયના દક્ષિણ તરફના દેવોનું $૧\frac{૧}{૨}$ પલ્યોપમ અને ઉત્તર તરફના દેવોનું દેશોન ૨ પલ્યોપમ, તેમની દેવીઓનું ક્રમશઃ $\frac{૧}{૨}$ પલ્યોપમ અને દેશોન ૧ પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. (૩, ૪)

Camarendra and Balindra have maximum lifespan of one sāgaropama and some more than one sāgaropama respectively. Their wives have maximum lifespan of three and half palyopamās and four and half palyopamās respectively. Rest of the nine nikāyās (of Bhavanapati) residing in southern direction have maximum lifespan of one and half palyopamās and residing in northern direction have some less than two palyopamās, while their wives have of half palyopama and some less than one palyopama respectively. 3-4

**વંતરયાણં જહન્નં, દસ વાસસહસ્સ પલિયમુક્કોસં**
**દેવીણં પલિયદ્ધં, પલિયં અહિયં સસિરવીણં ॥૫॥**
**લક્ખેણ સહસ્સેણ ય, વાસાણ ગહાણ પલિયમેએસિં ।**
**ઠિઈ અદ્ધં દેવીણં, કમેણ નક્ખત્ત-તારાણં ॥૬॥**
**પલિયદ્ધં ચઉભાગો, ચઉઅડભાગાહિગાઉ દેવીણં ।**
**ચઉજુઅલે ચઉભાગો, જહન્નમડભાગ પંચમએ ॥૭॥**

વ્યન્તર (દેવો અને દેવીઓ)નું જઘન્ય આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ છે. (દેવોનું) ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ છે. દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય

૧/૨ પલ્યોપમ છે. ચન્દ્ર-સૂર્ય (દેવો)નું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રમશઃ ૧ પલ્યોપમ + ૧ લાખ વર્ષ અને ૧ પલ્યોપમ + ૧,૦૦૦ વર્ષ છે. ગ્રહ (દેવો)નું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ છે. એમની (ચન્દ્ર, સૂર્ય, ગ્રહની) અડધી સ્થિતિ (તેમની) દેવીની છે. નક્ષત્ર અને તારા (દેવો)ની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૧/૨ પલ્યોપમ અને ૧/૪ પલ્યોપમ છે. (તેમની) દેવીની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ સાધિક ૧/૪ પલ્યોપમ અને સાધિક ૧/૮ પલ્યોપમ છે. ચાર યુગલ (દેવ-દેવી)ની જઘન્ય સ્થિતિ ૧/૪ પલ્યોપમ છે અને પાંચમા યુગલની જઘન્ય સ્થિતિ ૧/૮ પલ્યોપમ છે. (૫, ૬, ૭)

Vyantara celestial beings have minimum lifespan of 10,000 years and maximum of one palyopama. Their wives have minimum lifespan of 10000 years and maximum of half palyopama.

**Lifespan of heavenly beings residing in the celestial bodies is as follows :-**

Heavenly beings residing on the moons have maximum lifespan of one palyopama + one lakh years, on the suns have maximum lifespan of one palyopama + one thousand years, on the planets (Graha) have maximum lifespan of one palyopama. Their wives have half than them respectively. Heavenly beings residing on the constellations (Nakshatra) have maximum lifespan of half palyopama and on stars (Tārā) have $\frac{1}{4}$ palyopama, while their wives have some more than $\frac{1}{4}$ palyopama and some more than $\frac{1}{8}$ palyopama respectively. The first four couples have minimum lifespan of $\frac{1}{4}$ palyopama and the last couple has minimum lifespan of $\frac{1}{8}$ palyopama. 5-6-7

**દો સાહિ સત્ત સાહિય, દસ ચઉદસ સત્તર અયર જા સુક્કો ।**
**ઇક્કિક્કમહિયમિત્તો, જા ઇગતિસુવરિ ગેવિજ્જે ॥૮॥**

**તિત્તીસણુત્તરેસુ, સોહમ્માઈસુ ઈમા ઠિઈ જિટ્ઠા ।**
**સોહમ્મે ઈસાણે, જહન્ન ઠિઈ પલિયમહિયં ચ ॥૯॥**
**દો-સાહિસત્ત-દસ-ચઉદસ-સત્તર-અયરાઈ જા સહસ્સારો ।**
**તપ્પરઓ ઈક્કિક્કં, અહિયં જાણુત્તરચઉક્કે ॥૧૦॥**
**ઈગતીસ સાગરાઈ, સવ્વટ્ઠે પુણ જહન્ન ઠિઈ નત્થિ ।**
**પરિગ્ગહિયાણિયરાણિ ય, સોહમ્મીસાણદેવીણં ॥૧૧॥**
**પલિયં અહિયં ચ કમા, ઠિઈ જહન્ના ઈઓ ય ઉક્કોસા ।**
**પલિયાઈ સત્ત પન્નાસ, તહ ય નવ પંચવન્ના ય ॥૧૨॥**

(સૌધર્મથી) મહાશુક્ર સુધી ક્રમશઃ ૨ સાગરોપમ, સાધિક ૨ સાગરોપમ, ૭ સાગરોપમ, સાધિક ૭ સાગરોપમ, ૧૦ સાગરોપમ, ૧૪ સાગરોપમ, ૧૭ સાગરોપમ, અહીંથી (ઉપર) ૧-૧ સાગરોપમ અધિક યાવત્ ઉપરના ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમ અને અનુત્તરમાં ૩૩ સાગરોપમ - સૌધર્મ વગેરેમાં આ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. સૌધર્મમાં અને ઈશાનમાં જઘન્ય સ્થિતિ ક્રમશઃ ૧ પલ્યોપમ અને સાધિક ૧ પલ્યોપમ છે. (ત્યાર પછી) સહસ્રાર સુધી ૨ સાગરોપમ, સાધિક ૨ સાગરોપમ, ૭ સાગરોપમ, ૧૦ સાગરોપમ, ૧૪ સાગરોપમ, ૧૭ સાગરોપમ, ત્યારપછી ૧-૧ સાગરોપમ અધિક યાવત્ ચાર અનુત્તરમાં ૩૧ સાગરોપમ જઘન્ય સ્થિતિ છે. સર્વાર્થસિદ્ધમાં જઘન્ય સ્થિતિ નથી. સૌધર્મ અને ઈશાનની પરિગૃહીતા અને અપરિગૃહીતા દેવીની જઘન્ય સ્થિતિ ક્રમશઃ ૧ પલ્યોપમ અને સાધિક ૧ પલ્યોપમ છે. હવે (તેમની) ઉત્કૃષ્ટ સ્થિતિ ૭ પલ્યોપમ, ૫૦ પલ્યોપમ અને ૯ પલ્યોપમ, ૫૫ પલ્યોપમ છે. (૮, ૯, ૧૦, ૧૧, ૧૨)

**Lifespan of Vaimānika celestial beings (residing in twelve kalpopanna heavens, nine graiveyakās, five anuttarās) is as follows :-**

| Heavenly beings residing in these heavens | Maximum lifespan | Minimum lifespan |
|---|---|---|
| Saudharma | Two sāgaropamās | One palyopama |
| Ishāna | Some more than two sāgaropamās | Some more than one palyopama |
| Sanatkumāra | Seven sāgaropamās | Two sāgaropamās |
| Māhendra | Some more than seven sāgaropamās | Some more than two sāgaropamās |
| Brahmaloka | Ten sāgaropamās | Seven sāgaropamās |
| Lāntaka | Fourteen sāgaropamās | Ten sāgaropamās |
| Mahāshukra | Seventeen sāgaropamās | Fourteen sāgaropamās |
| Sahasrāra | Eighteen sāgaropamās | Seventeen sāgaropamās |

Ninth heaven onwards one sāgaropama should be increased in maximum and minimum lifespans of every heaven upto ninth graiveyaka. Thus heavenly beings of ninth graiveyaka have maximum lifespan of 31 sāgaropamās and of five anuttara vimānās have of 33 sāgaropamās. Four anuttarās have minimum lifespan of 31 sāgaropamās. There is no minimum lifespan in fifth Sarvārthasiddha vimāna.

There are two types of female deities : 1) Parigruhitā (Noble - Married type) 2) Aparigruhitā (prositute type). Both types of female deities of Saudharma heaven have minimum lifespan of one palyopama and of Ishāna heaven have minimum lifespan of some more than one palyopama. Pragruhitā and Aparigruhitā female deities of Saudharma heaven have maximum lifespan of seven palyopamās and fifty palyopamās respectively and of Ishāna heaven have maximum lifespan of nine palyopamās and fifty-five palyopamās respectively. 8-9-10-11-12

પણ છ ચઉ ચઉ અટ્ઠ ય, કમેણ પત્તેયમગ્ગમહિસીઓ ।
અસુર-નાગાઈ-વંતર, જોઈસ-કપ્પદુગિંદાણં ॥૧૩॥

અસુરકુમાર, નાગકુમાર વગેરે, વ્યન્તર, જ્યોતિષ, બે દેવલોકના ઇન્દ્રોની દરેકની ક્રમશઃ ૫, ૬, ૪, ૪, ૮ અગ્રમહિષીઓ છે. (૧૩)

**Number of chief consorts of Indrās :-**

| Type of celestial beings | Number of Indrās | | Number of chief consorts | | Total |
|---|---|---|---|---|---|
| Asurakumāra (Bhavanapati) | 2 | x | 5 | = | 10 |
| Rest nine (Bhavanapati) | 18 | x | 6 | = | 108 |
| Vyantara | 16 | x | 4 | = | 64 |
| Vānvyantara | 16 | x | 4 | = | 64 |
| Jyotisha | 2 | x | 4 | = | 8 |
| Saudharma | 1 | x | 8 | = | 8 |
| Ishāna | 1 | x | 8 | = | 8 |
| Total | 56 | | | = | 270 |

[Above second Ishāna heaven there is no origination of female deities.] 13

**દુસુ તેરસ દુસુ બારસ, છ પણ ચઉ ચઉ દુગે દુગે ય ચઉ ।**
**ગેવિજ્જણુત્તરે દસ, બિસટ્ઠિ પયરા ઉવરિ લોએ ॥૧૪॥**

બેમાં ૧૩, બેમાં ૧૨, ૬, ૫, ૪, ૪, બે-બેમાં ૪, ગ્રૈવેયક-અનુત્તરમાં ૧૦ - આ ઊર્ધ્વલોકમાં ૬૨ પ્રતર છે. (૧૪)

**Number of prataräs (floors) in the heavens :-**

| | | |
|---|---|---|
| First two heavens | = | 13 (common for both) |
| 3rd and 4th heaven | = | 12 (common for both) |
| 5th heaven | = | 6 |
| 6th heaven | = | 5 |
| 7th heaven | = | 4 |
| 8th heaven | = | 4 |
| 9th and 10th heaven | = | 4 (common for both) |
| 11th and 12th heaven | = | 4 (common for both) |
| Nine Graiveyakās | = | 9 (one in each graiveyaka) |
| Five Anuttarās | = | 1 (all five are on the same floor) |

In all there are 62 prataräs in the upper world. 14

**સોહમ્મુક્કોસઠિઈ, નિયપયરવિહત્તઈચ્છસંગુણિઓ ।**

**પયરુક્કોસઠિઈઓ, સવ્વત્થ જહન્નઓ પલિયં ॥૧૫॥**

સૌધર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને પોતાના પ્રતરોથી ભાગીને ઇષ્ટ પ્રતરથી ગુણવાથી તે પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. બધા પ્રતરોમાં જઘન્ય સ્થિતિ ૧ પલ્યોપમ છે. (૧૫)

**Formula for obtaining maximum lifespan of the deities residing on any pratara.**

Formula for first two heavens is as follows :-

1) Divide the maximum lifespan of Saudharma heaven with the total number of prataras.
2) Multiply the answer with the expected number of pratara.

[For ex. 1) $2 \div 13 = \frac{2}{13}$, 2) $\frac{2}{13} \times 5 = \frac{10}{13}$ $\therefore$ maximum lifespan of fifth pratara is $\frac{10}{13}$ sāgaropamās. Lifespans of all pratarās of Ishāna heaven are some more than Saudharma heaven.] Minimum lifespan of all the 13 pratarās is one palyopama. 15

**સુરકપ્પઠિઈવિસેસો, સગપયરવિહત્તઈચ્છસંગુણિઓ ।**

**હિટ્ઠિલ્લઠિઈસહિઓ, ઈચ્છિયપયરંમિ ઉક્કોસા ॥૧૬॥**

દેવલોકની સ્થિતિના વિશેષ (તફાવત)ને પોતાના પ્રતરથી ભાગી ઇષ્ટપ્રતરથી ગુણી નીચેના દેવલોકની સ્થિતિથી સહિત તે ઇષ્ટ પ્રતરમાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૧૬)

Formula for rest of the heavens is as follows :-

1) Subtract the minimum lifespan from the maximum lifespan of the expected heaven.
2) Divide the result with the total number of pratarās.
3) Multiply the answer with the expected number of pratara.

4) Add the answer with the minimum lifespan.

[For ex. 4th pratara of Sanatkumāra heaven (1) 7 - 2 = 5 (2) $5 \div 12 = \frac{5}{12}$ (3) $\frac{5}{12} \times 4 = \frac{20}{12}$ (4) $2 + \frac{20}{12} = 3\frac{8}{12}$ is the maximum lifespan of the 4th pratara of Sanatkumāra heaven.] 16

**કપ્પસ્સ અંતપયરે, નિય કપ્પવડિંસયા વિમાણાઓ ।**
**ઈંદનિવાસા તેસિં, ચઉદિસિ લોગપાલાણં ॥૧૭॥**

દેવલોકના છેલ્લા પ્રતરમાં ઇન્દ્રોના નિવાસસ્થાનરૂપ પોત-પોતાના કલ્પાવતંસક વિમાનો છે. તેમની ચારે દિશામાં લોકપાલોના વિમાનો છે. (૧૭)

'Avatansaka vimāna' bearing the similar name as of the heaven is the residence of Indra. It is located in the last pratara of every heaven. It is surrounded by the vimānās (residences) of Lokpāla celestial beings (guards) in all the four directions. (Soma-Yama-Varuna-Vaishramana are the names of four Lokpāla. One - one residing in each direction.) 17

**સોમજમાણં સતિભાગ, પલિય વરૂણસ્સ દુન્નિ દેસૂણા ।**
**વેસમણે દો પલિયા, એસ ઠિઈ લોગપાલાણં ॥૧૮॥**

સોમ અને યમની ૧$\frac{૧}{૩}$પલ્યોપમ, વરુણની દેશોન ૨ પલ્યોપમ વૈશ્રમણની ૨ પલ્યોપમ - આ લોકપાલોની સ્થિતિ છે. (૧૮)

Lifespan of Soma and Yama is $1\frac{1}{3}$ palyopama, of Varuna is some less than two palyopamās and of Vaishramana is two palyopamās. 18

**અસુરા નાગ સુવન્ના, વિજ્જુ અગ્ગી ય દીવ ઉદહી અ ।**
**દિસી પવણ થણિય દસવિહ, ભવણવઈ તેસુ દુ દુ ઈંદા ॥૧૯॥**

અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર,

દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર - આ ૧૦ પ્રકારના ભવનપતિ દેવો છે. તેમાં બે- બે ઇન્દ્રો છે. (૧૯)

There are 10 types of Bhavanapati celestial beings. Viz. 1) Asurakumāra 2) Nāgakumāra 3) Suvarnakumāra 4) Vidyutkumāra 5) Agnikumāra 6) Dweepakumāra 7) Udadhikumāra 8) Dishikumāra 9) Vāyukumāra 10) Stanitakumāra. There are two Indrās (Southern-Northern) of each kind. 19

**ચમરે બલી અ ધરણે, ભૂયાણંદે ય વેણુદેવે ય ।**
**તત્તો ય વેણુદાલી, હરિકંતે હરિસ્સહે ચેવ ॥૨૦॥**
**અગ્ગિસિહ અગ્ગિમાણવ, પુન્ન વસિટ્ઠે તહેવ જલકંતે ।**
**જલપહ તહ અમિઅગઈ, મિયવાહણ દાહિણુત્તરઓ ॥૨૧॥**
**વેલંબે ય પહંજણ ઘોસ, મહાઘોસ એસિમન્નયરો ।**
**જંબુદીવં છત્તં, મેરું દંડં પહુ કાઉં ॥૨૨॥**

ચમર, બલિ, ધરણ, ભૂતાનંદ, વેણુદેવ, વેણુદાલી, હરિકાંત, હરિસ્સહ, અગ્નિશિખ, અગ્નિમાનવ, પૂર્ણ, વશિષ્ટ, જલકાન્ત, જલપ્રભ, અમિતગતિ, અમિતવાહન, વેલંબ, પ્રભંજન, ઘોષ, મહાઘોષ - આ ભવનપતિના દક્ષિણ અને ઉત્તર તરફના ઇન્દ્રો છે. આમાંનો કોઈ પણ ઇન્દ્ર જંબુદ્વીપને છત્ર અને મેરુપર્વતને દંડ કરવા સમર્થ છે. (૨૦, ૨૧, ૨૨)

**Names of the Bhavanapati Indrās :-**

| Types of Bhavanapati celestial beings | Southern Indrās | Northern Indrās |
|---|---|---|
| First | Camara | Bali |
| Second | Dharana | Bhutānanda |
| Third | Venudeva | Venudāli |

| | | |
|---|---|---|
| Fourth | Harikānta | Harissaha |
| Fifth | Agnishikha | Agnimānava |
| Sixth | Poorna | Vashishta |
| Seventh | Jalkānta | Jalaprabha |
| Eighth | Amitgati | Amitvāhana |
| Ninth | Velamba | Prabhajana |
| Tenth | Ghosha | Mahāghosha |

Each and every Indra is powerful enough to lift Jambudweepa as an umbrella making Mount Meru as it's supporting stick. 20-21-22

**ચઉતીસા ચઉચત્તા, અટ્ઠતીસા ય ચત્ત પંચણ્હં ।**

**પન્ના ચત્તા કમસો, લક્ખા ભવણાણ દાહિણઓ ॥૨૩॥**

૩૪ લાખ, ૪૪ લાખ, ૩૮ લાખ, પાંચના ૪૦ લાખ, ૫૦ લાખ, ૪૦ લાખ ક્રમશઃ દક્ષિણ તરફના ભવનો છે. (૨૩)

Indrās of southern division possess 34 lakhs, 44 lakhs, 38 lakhs, 40 lakhs, 40 lakhs, 40 lakhs, 40 lakhs, 40 lakhs, 50 lakhs, 40 lakhs bhavanās (residential abodes) respectively. 23

**ચઉ ચઉ લક્ખા વિહૂણા, તાવઈયા ચેવ ઉત્તર દિસાએ ।**

**સવ્વેવિ સત્તકોડી, બાવત્તરિ હુન્તિ લક્ખા ય ॥૨૪॥**

ઉત્તર દિશામાં ચાર-ચાર લાખ ઓછા એવા તેટલા જ ભવનો છે. બધા મળીને ૭ કરોડ ૭૨ લાખ ભવનો છે. (૨૪)

Indrās of northern division possess four-four lakhs bhavanās less than the southern Indrās respectively. In all there are seven crore and seventy-two lakhs bhavanās of both the divisions. 24

**રયણાએ હિટ્ઠુવરિં, જોયણસહસ્સં વિમુત્તું તે ભવણા ।**

**જંબુદીવ સમા તહ, સંખમસંખિજ્જ વિત્થારા ॥૨૫॥**

રત્નપ્રભા પૃથ્વીના નીચે અને ઉપર ૧,૦૦૦ યોજન છોડીને તે ભવનો આવેલા છે. તે જંબુદ્વીપ સમાન વિસ્તારવાળા, સંખ્યાતા યોજન વિસ્તારવાળા, અસંખ્યાતા યોજન વિસ્તારવાળા છે. (૨૫)

These bhavanās are located in the intervening space of Ratnaprabhā earth leaving off one thousand yojanās above and below. The size of the small bhavanās is equal to Jambudweepa, the medium ones are of countable yojanās and the biggest ones are of uncountable yojanās. 25

**ચૂડામણિ ફણિ ગરુડે, વજ્જે તહ કલસ સીહ અસ્સે ય ।**
**ગય મયર વદ્ધમાણે, અસુરાઈણં મુણસુ ચિંધે ॥૨૬॥**

ચૂડામણિ, ફણા, ગરુડ, વજ્ર, કળશ, સિંહ, અશ્વ, હાથી, મગર, વર્ધમાન - આ અસુરકુમાર વગેરેના ચિહ્નો જાણવા (૨૬)

The ten types of Bhavanapati celestial beings bear particular and different symbols in their crown or ornaments as mentioned below :

| Types of Bhavanapati | Symbols |
|---|---|
| First | Cudāmani (a jewel in a crown) |
| Second | Serpent's hood |
| Third | Eagle |
| Fourth | Vajra (thunder bolt) |
| Fifth | Kalasha (vase type) |
| Sixth | Lion |
| Seventh | Horse |
| Eighth | Elephant |
| Ninth | Crocodile |
| Tenth | Vardhamāna (two earthen vessels one inverted on another) |

26

**અસુરા કાલા નાગુદહિ, પંડુરા તહ સુવન્ન દિસિથણિયા ।**
**કણગાભ વિજ્જુ-સિહિ-દીવ, અરૂણા વાઉ પિયંગુનિભા ॥૨૭॥**
**અસુરાણ વત્થ રત્તા, નાગો-દહિ-વિજ્જુ-દીવ-સિહિ નીલા ।**
**દિસિ-થણિય-સુવન્નાણં, ધવલા વાઉણ સંઝરુઈ ॥૨૮॥**

અસુરકુમાર કાળા છે, નાગકુમાર-ઉદધિકુમાર સફેદ છે, સુવર્ણકુમાર-દિશિકુમાર-સ્તનિતકુમાર સુવર્ણ જેવા વર્ણવાળા છે, વિદ્યુત્કુમાર-અગ્નિકુમાર-દ્વીપકુમાર લાલ છે, વાયુકુમાર રાયણના વૃક્ષ જેવા (નીલ) વર્ણવાળા છે. અસુરકુમારના વસ્ત્ર લાલ છે, નાગકુમાર-ઉદધિકુમાર- વિદ્યુત્કુમાર-દ્વીપકુમાર-અગ્નિકુમારના વસ્ત્ર નીલ છે, દિશિકુમાર- સ્તનિતકુમાર-સુવર્ણકુમારના વસ્ત્રો સફેદ છે, વાયુકુમારના વસ્ત્ર સન્ધ્યાના રંગ જેવા છે. (૨૭-૨૮)

**The colour of the body and apparels of Bhavanapati celestial beings :**

| Types of Bhavanapati | Body colour | Colour of the apparel |
|---|---|---|
| First | Black | Red |
| Second | White | Greenish Blue |
| Third | Bright Golden | White |
| Fourth | Red | Greenish Blue |
| Fifth | Red | Greenish Blue |
| Sixth | Red | Greenish Blue |
| Seventh | White | Greenish Blue |
| Eighth | Bright Golden | White |
| Ninth | Dark Green | Evening colour (Light Red) |
| Tenth | Bright Golden | White |

27-28

**ચઉસટ્ઠિ સટ્ઠિ અસુરે, છચ્ચ સહસ્સાઈં ધરણમાઈણં ।**
**સામાણિયા ઈમેસિં, ચઉગ્ગુણા આયરક્ખા ય ॥૨૯॥**

બે અસુરેન્દ્રના ૬૪ હજાર અને ૬૦ હજાર, ધરણેન્દ્ર વગેરેના ૬,૦૦૦ સામાનિક દેવો છે. એના કરતા ચારગુણા આત્મરક્ષક દેવો છે. (૨૯)

There are 64,000 Sāmānika celestial beings of Camarendra and 60,000 of Balindra, where as 6000 of each and every other 18 Indrās. Number of Ātmarakshaka celestial beings are four times more than the Sāmānika celestial beings of each Indra. 29

**રયણાએ પઢમજોયણસહસ્સે, હિટ્ઠુવરિં સયસયવિહૂણે ।**
**વંતરિયાણં રમ્મા, ભોમ્મા નયરા અસંખિજ્જા ॥૩૦॥**

રત્નપ્રભાના પ્રથમ ૧૦૦૦ યોજનમાં નીચે ઉપર ૧૦૦-૧૦૦ યોજન છોડીને વ્યન્તરોના પૃથ્વીકાયના અસંખ્ય સુંદર નગરો છે. (૩૦)

Innumerable wonderful towns of Vyantara are located in the intervening space of first one thousand yojanās of Ratnaprabhā earth leaving off one hundred yojanās above and below. 30

**બહિં વટ્ટા અંતો ચઉરંસા, અહો ય કણ્ણિઆયારા ।**
**ભવણવઈણં તહ વંતરાણં, ઈંદભવણાઓ નાયવ્વા ॥૩૧॥**

ભવનપતિ અને વ્યન્તરના ઇન્દ્રો (દેવો)ના ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ અને નીચેથી કર્ણિકાના આકારના જાણવા. (૩૧)

The bhavanās of Bhavanapati and Vyantara celestial beings are round from outside and square from inside. The bottom of the bhavanās is similiar to the bottom shape of the Lotus flower. 31

**તહિં દેવા વંતરિયા, વરતરુણીગીયવાઈયરવેણં ।**
**નિચ્ચં સુહિયા પમુઈયા, ગયંપિ કાલં ન યાણંતિ ॥૩૨॥**

તે ભવનોમાં વ્યન્તર દેવો સુંદર દેવીઓ અને ગીત- વાજીંત્રોના નાદ વડે હંમેશા સુખી અને ખુશ થયેલા ગયેલા પણ કાળને જાણતા નથી. (૩૨)

Dwelling in these bhavanās, the Vyantara celestial beings remain so much absorbed in enjoying the sweet songs and melodious tunes played by the best charming female deities, that they don't even know the lapsed time. 32

**તે જંબુદીવ ભારહ વિદેહ સમ, ગુરૂ જહન્ન મજ્ઝિમગા ।**
**વંતર પુણ અટ્ઠવિહા, પિસાય ભૂયા તહા જક્ખા ॥૩૩॥**
**રક્ખસ કિંનર કિંપુરિસા, મહોરગા અટ્ઠમા ય ગંધવ્વા ।**
**દાહિણુત્તર ભેયા, સોલસ તેસિં ઈમે ઈંદા ॥૩૪॥**
**કાલે ય મહાકાલે, સુરૂવ પડિરૂવ પુન્નભદ્દે ય ।**
**તહ ચેવ માણિભદ્દે, ભીમે ય તહા મહાભીમે ॥૩૫॥**
**કિંનર કિંપુરિસે સપ્પુરિસા, મહાપુરિસ તહ ય અઈકાયે ।**
**મહાકાય ગીયરઈ, ગીયજસે દુન્નિ દુન્નિ કમા ॥૩૬॥**

તે ભવનો ઉત્કૃષ્ટથી, જઘન્યથી, મધ્યમથી જંબુદ્વીપ સમાન, ભરતક્ષેત્ર સમાન અને મહાવિદેહક્ષેત્ર સમાન છે. વ્યંતરો ૮ પ્રકારના છે- પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અને આઠમા ગંધર્વ, દક્ષિણ-ઉત્તર ભેદથી તેમના સોળ ઈન્દ્રો આ પ્રમાણે છે-

કાલ, મહાકાલ, સુરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, માણિભદ્ર, ભીમ, મહાભીમ, કિન્નર, કિંપુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, અતિકાય, મહાકાય, ગીતરતિ, ગીતયશ - ક્રમશઃ બે-બે. (૩૩-૩૬)

The biggest Vyantara bhavanās are equal to Jambudweepa in size, the medium ones are equal to

Mahāvidehakshetra and the small ones are equal to Bharatkshetra. Names of the 8 types of Vyantara and their 16 Indrās ruling Southern and Northern divisions are as follows :-

| Types of Vyantara deities | Southern Indra | Northern Indra |
|---|---|---|
| 1) Pishāca | Kāl | Mahākāl |
| 2) Bhoota | Surupa | Pratirupa |
| 3) Yaksha | Poornabhadra | Mānibhadra |
| 4) Rākshasa | Bheem | Mahābheem |
| 5) Kinnara | Kinnara | Kimpurusha |
| 6) Kimpurusha | Satpurusha | Mahāpurusha |
| 7) Mahoraga | Atikāya | Mahākāya |
| 8) Gandharva | Geetrati | Geetyasha |

33-34-35-36

**ચિંધં કલંબસુલસે, વડખટ્ટંગે અસોગચંપયએ ।**
**નાગે તુંબુરૂ અ ઝએ, ખટ્ટંગવિવજ્જિયા રુક્ખા ॥૩૭॥**

તેમના ધ્વજ ઉપર કદંબ, સુલસ, વડ, ખટ્વાંગ, અશોક, ચંપક, નાગ, તુંબરુ - આ ચિહ્નો છે. તેમાં ખટ્વાંગ સિવાયના બધા વૃક્ષ છે. (૩૭)

The eight Vyantarās bear different symbols in their flags. They are : 1) Kadamba tree 2) Sulasa tree 3) Banyan tree 4) Khatwānga (An article of saint) 5) Ashoka tree 6) Champaka tree 7) Nāga tree (Betle) 8) Tumbaru tree respectively. 37

**જક્ખ-પિસાય-મહોરગ-ગંધવ્વા સામ કિંનરા નીલા ।**
**રક્ખસ-કિંપુરિસા વિ ય, ધવલા ભૂયા પુણો કાલા ॥૩૮॥**

યક્ષ-પિશાચ-મહોરગ-ગન્ધર્વ શ્યામવર્ણના છે, કિન્નર

નીલવર્ણના છે, રાક્ષસ-કિંપુરુષ સફેદવર્ણના છે, ભૂત કાળાવર્ણના છે. (૩૮)

The colour of the body of the Vyantara deities is as follows :-

First=Black, Second=Dark black, Third=Black, Fourth=White, Fifth=Green, Sixth=White, Seventh= Black, Eighth=Black respectively. 38

**અણપન્ની પણપન્ની, ઈસિવાઈઅ ભૂયવાઈએ ચેવ ।**
**કંદી ય મહાકંદી, કોહંડે ચેવ પયએ ય ॥૩૯॥**
**ઈય પઢમજોયણસએ, રયણાએ અટ્ઠ વંતરા અવરે ।**
**તેસુ ઈહ સોલસિંદા, રુયગ અહો દાહિણુત્તરઓ ॥૪૦॥**
**સંનિહિએ સામાણે, ધાએ વિહાએ ઈસી ય ઈસીવાલે ।**
**ઈસર મહેસરે વિ ય, હવઈ સુવચ્છે વિસાલે ય ॥૪૧॥**
**હાસે હાસરઈ વિ ય, સેએ ય ભવે તહા મહાસેએ ।**
**પયંગે પયંગવઈ વિ ય, સોલસ ઈંદાણ નામાઈં ॥૪૨॥**

અણપન્ની, પણપન્ની, ઋષિવાદી, ભૂતવાદી, કંદિત, મહા-કંદિત, કુષ્માંડ, પતંગ-રત્નપ્રભાના પહેલા ૧૦૦ યોજનમાં આ આઠ અન્ય વ્યન્તરો છે. રુચકની નીચે દક્ષિણ-ઉત્તર તરફ તેમના અહીં ૧૬ ઈન્દ્રો છે.

સંનિહિત, સામાન, ધાતા, વિધાતા, ઋષિ, ઋષિપાલ, ઈશ્વર, મહેશ્વર, સુવત્સ, વિશાલ, હાસ્ય, હાસ્યરતિ, શ્વેત, મહાશ્વેત, પતંગ, પતંગપતિ- આ ૧૬ ઈન્દ્રોના નામો છે. (૩૯-૪૨)

There are 8 types of Vānavyantarās residing in the intervening space of first 100 yojanās of Ratnaprabhā earth leaving off ten-ten yojanās above and below. The names of the 8 types of Vānavyantarās and their 16 Indrās are as follows :-

| Types of Vānavyantara deities | Southern Indra | Northern Indra |
|---|---|---|
| Anapanni | Sannihita | Sāmāna |
| Panapanni | Dhātā | Vidhātā |
| Ishivādi (Rishivādi) | Rishi | Rishipāla |
| Bhootavādi | Ishwara | Maheshwara |
| Kandita | Suvatsa | Vishāla |
| Mahākandita | Hāsya | Hāsyarati |
| Kohanda (Kushmānda) | Shweta | Mahāshweta |
| Patanga | Patanga | Patangapati |

39-40-41-42

**સામાણિયાણ ચઉરો, સહસ્સ સોલસ ય આયરક્ખાણં ।**
**પત્તેયં સવ્વેસિં, વંતરવઈ-સસિ-રવીણં ચ ॥૪૩॥**

બધા વ્યન્તરેન્દ્રો અને ચન્દ્ર-સૂર્યના દરેકના ૪૦૦૦ સામાનિક દેવો છે અને ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો છે. (૪૩)

All the Indrās of Vyantara, Vānavyantara and Jyotisha (i.e. the sun and the moon) possess 4000 sāmānika deities and 16,000 ātmarakshaka deities. 43

**ઈંદ સમ તાયતીસા, પરિસતિયા રક્ખ લોગપાલા ય ।**
**અણિય પઈન્ના અભિઓગા, કિબ્બિસં દસ ભવણ વેમાણી ॥૪૪॥**

ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પર્ષદાના, આત્મરક્ષક, લોકપાલ, સૈન્યના, પ્રકીર્ણક, આભિયોગિક, કિલ્બિષ - આ દસ પ્રકારના દેવો ભવનપતિ અને વૈમાનિકમાં હોય છે. (૪૪)

The Bhavanapati and Vaimānika deities are of 10 types. 1) Indra (Ruler) 2) Sāmānika (Equal to Indra in wealth and prosperity) 3) Trāyastrinshaka (Ministry, Royal teacher, Royal preist etc.) 4) Parshadā (Cabinet, Courtiers etc.) 5) Ātmarakshaka (Bodyguards) 6) Lokpāla (Royal

justice officer-jurist type) 7) Anika (Soldiers) 8) Prakirnaka (Subjects) 9) Ābhiyogika (Servant type) 10) Kilbishika (mean or inferior quality deities). 44

**ગંધવ્વ નટ્ટ હય ગય, રહ ભડ અણિયાણિ સવ્વ ઈંદાણં ।**

**વેમાણિયાણ વસહા, મહિસા ય અહોનિવાસીણં ॥૪૫॥**

ગન્ધર્વ, નાટ્ય, અશ્વ, હાથી, રથ, સૈનિક - આ સૈન્યો બધા ઈન્દ્રોને હોય છે. વૈમાનિકોને બળદનું સૈન્ય હોય છે, નીચેના દેવોને પાડાનું સૈન્ય હોય છે. (૪૫)

All the Indrās possess six fold army viz. 1) Musicians 2) Dance performers 3) Horses 4) Elephants 5) Chariots 6) Infantry troops. Vaimānika Indrās possess Bull-army and Bhavanapati-Vyantara Indrās possess Male-Buffalo army as a seventh additional force. 45

**તિત્તીસ તાયતીસા, પરિસ તિયા લોગપાલ ચત્તારિ ।**

**અણિઆણિ સત્ત સત્ત ય, અણિયાહિવ સવ્વઈંદાણં ॥૪૬॥**

બધા ઈન્દ્રોના ત્રાયસ્ત્રિંશ દેવો ૩૩ છે, પર્ષદા ૩ પ્રકારની છે, લોકપાલ ચાર છે, સૈન્ય ૭ છે, સેનાપતિ ૭ છે. (૪૬)

All the Indrās possess thirty-three trāyastrinshaka deities, three types of parshadā, four lokpālās, seven types of armies and their seven chief commanders. 46

**નવરં વંતર-જોઈસ-ઈંદાણ, ન હુન્તિ લોગપાલાઓ ।**

**તાયત્તીસભિહાણા, તિયસાવિ ય તેસિં ન હુ હુન્તિ ॥૪૭॥**

પણ વ્યન્તર-જ્યોતિષના ઈન્દ્રોને લોકપાલ નથી હોતા, ત્રાયસ્ત્રિંશ નામના દેવો પણ તેમના નથી હોતા. (૪૭)

Vyantara and Jyotisha Indrās do not possess Lokpāla and trāyastrinshaka deities. 47

**સમભૂતલાઓ અટ્ઠહિં, દસૂણ જોયણસએહિં આરબ્ભ ।**

**ઉવરિ દસુત્તરજોયણ-સયંમિ ચિટ્ઠન્તિ જોઈસિયા ॥૪૮॥**

સમભૂતલથી ૧૦ યોજન ન્યૂન ૮૦૦ યોજનથી (૭૯૦ યોજનથી) માંડીને ઉપર ૧૧૦ યોજનમાં જ્યોતિષ દેવો રહેલા છે. (૪૮)

The residential abodes of Jyotisha (Vimāna i.e. celestial bodies) are 790 yojanās above from the sambhutala (i.e. Eight Rucaka pradeshās which are below the earth level). They are settled in the area of 110 yojanās. 48

**તત્થ રવી દસ જોયણ, અસીઈ તદુવરિં સસી અ રિક્ખેસુ ।**
**અહ ભરણિ સાઈ ઉવરિં, બહિં મૂલો ભિંતરે અભિઈ ॥૪૯॥**

તેમાં ૭૯૦ યોજનથી ૧૦ યોજન ઉપર સૂર્ય, તેની ઉપર ૮૦ યોજને ચન્દ્ર છે. નક્ષત્રોમાં નીચે ભરણી, ઉપર સ્વાતિ, બહાર મૂળ, અંદર અભિજિત્ છે. (૪૯)

The Sun vimāna is 800 yojanās above from the sambhutala. The Moon is 80 yojanās above the Sun. In the cluster of constellations, Bharni is at the bottom, Swāti is on the top, Moola is on the most outerside and Abhijita is on the most innerside. 49

**તારા રવી ચંદ રિક્ખા, બુહ સુક્કા જીવ મંગલ સણિયા ।**
**સગ સય નઉય દસ અસિઈ, ચઉ ચઉ કમસો તિયા ચઉસુ ॥૫૦॥**

તારા, સૂર્ય, ચન્દ્ર, નક્ષત્ર, બુધ, શુક્ર, બૃહસ્પતિ, મંગળ, શનિ ક્રમશઃ ૭૯૦ યોજને, ૧૦ યોજને, ૮૦ યોજને, ૪-૪ યોજને, ચારમાં ૩ - ૩ યોજને આવેલા છે. (૫૦)

The stars are 790 yojanās above from the sambhutala. The Sun is 10 yojanās above them (i.e. 800 yo.). The Moon is 80 yojanās above it (i.e. 880 yo.). The cluster of constellations is 4 yojanās above it (i.e. 884 yo.). The planet Mercury (Buddha) is 4 yojanās above it (i.e. 888 yo.). The planets Venus-Jupiter-Mars-Saturn (Sukra-Guru-Mangal-Sani) are 3-3 yojanās above respectively (i.e. 891-894-897-900 yojanās).

Note - The figures written in ( ) are to be understood from the sambhutala. 50

**ઈક્કારસ જોયણસય, ઈગવીસિક્કાર સાહિયા કમસો ।**

**મેરુ-અલોગાબાહં, જોઈસ ચક્કં ચરઈ ઠાઈ ॥૫૧॥**

જ્યોતિષચક્ર મેરુ પર્વત અને અલોકથી ક્રમશઃ ૧,૧૨૧ અને ૧,૧૧૧ યોજન અબાધાએ ચાલે છે અને સ્થિર રહે છે. (૫૧)

Horizontally, these celestial bodies are residing in the intervening space of Tirchhāloka leaving 1121 yojanās from the Mountain Meru and 1111 yojanās from the Aloka (starting point of Aloka). The celestial bodies (Vimāna) located in Adhidweepa (Human-world) are constantly moving and those which are outside Adhidweepa are still. 51

**અદ્ધકવિટ્ઠાગારા, ફલિહમયા રમ્મ જોઈસવિમાણા ।**

**વંતરનયરેહિંતો, સંખિજ્જગુણા ઈમે હુન્તિ ॥૫૨॥**

જ્યોતિષના વિમાનો અડધા કોઠાના આકારના અને સ્ફટિકના છે. એ વ્યન્તરના નગરો કરતા સંખ્યાતગુણા છે. (૫૨)

The vimānās of Jyotisha deities are hemispherical in shape. They are most attractive, magnificent and are of Sfatika jewel (i.e. Quartz). The number of Jyotisha vimānās are countable times more than the number of towns of Vyantara deities. 52

**તાઈ વિમાણાઈ પુણ, સવ્વાઈ હુન્તિ ફાલિહમયાઈ**

**દગફાલિહમયા પુણ, લવણે જે જોઈસવિમાણા ॥૫૩॥**

તે વિમાનો બધા સ્ફટિકના હોય છે. લવણસમુદ્રમાં જે જ્યોતિષવિમાનો છે તે ઉદકસ્ફટિકના છે. (૫૩)

Commonly the vimānās are made of Quartz but those vimānās which are rotating above the Lavana ocean are made of Udakasfatika jewel (i.e. the jewel which has the miraculous power of spliting the water into two divisions. Hence, these vimānās safely pass through the wall of water which is present in the middle of Lavana samudra.) 53

**જોયણિગસટ્ઠિ ભાગા, છપ્પન્ન અડયાલ ગાઉ દુ ઈગદ્ધં ।**
**ચંદાઈ-વિમાણા-યામ-વિત્થડા અદ્ધમુચ્ચત્તં ॥૫૪॥**

ચન્દ્ર વગેરેના વિમાનોની લંબાઈ અને પહોળાઈ $\frac{૫૬}{૬૧}$ યોજન, $\frac{૪૮}{૬૧}$ યોજન, ૨ ગાઉ, ૧ ગાઉ અને $\frac{૧}{૨}$ ગાઉ છે, ઉંચાઈ તેના કરતા અડધી છે. (૫૪)

Length and breadth of the Moon, the Sun, the planets, the constellations and the stars is $\frac{56}{61}$ yojana, $\frac{48}{61}$ yojana, two gāus, one gāu and $\frac{1}{2}$ gāu respectively. (Four gāu makes one yojana). The height of all these vimānās is half than their respective lengths. 54

**પણયાલ લક્ખ જોયણ, નરખિત્તં તત્થિમે સયા ભમિરા ।**
**નરખિત્તાઉ બહિં પુણ, અદ્ધપમાણા ઠિઆ નિચ્ચં ॥૫૫॥**

મનુષ્યક્ષેત્ર ૪૫ લાખ યોજનનું છે. ત્યાં આ (ચન્દ્ર વગેરે) સદા ભમતા હોય છે. મનુષ્યક્ષેત્રની બહાર તે ચન્દ્ર વગેરે અડધા પ્રમાણવાળા હોય છે અને હંમેશા સ્થિર હોય છે. (૫૫)

The celestial bodies (vimānās) located in the humanworld (Adhidweepa) which is of 45 Lakh yojanās, are constantly moving. Those which are outside the human-world are still. The still vimānās are half in length, breadth and height than the former (movable) ones. 55

**સસિ-રવિ-ગહ-નક્ખત્તા, તારાઓ હુન્તિ જહુત્તરં સિગ્ઘા ।**
**વિવરીયા ઉ મહડ્ઢિઅ, વિમાણવહગા કમેણેસિં ॥૫૬॥**

**સોલસ સોલસ અડ ચઉ, દો સુરસહસ્સા પુરઓ દાહિણઓ ।**
**પચ્છિમ ઉત્તર સીહા, હત્થી વસહા હયા કમસો ॥૫૭॥**

ચન્દ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા ઉત્તરોત્તર શીઘ્ર છે અને વિપરીત રીતે મહર્દ્ધિક છે. એમના વિમાનોને વહન કરનારા ક્રમશઃ ૧૬૦૦૦, ૧૬૦૦૦, ૮૦૦૦, ૪૦૦૦, ૨૦૦૦ દેવો છે. તેઓ પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં અને ઉત્તરમાં ક્રમશઃ સિંહ, હાથી, બળદ અને અશ્વના રૂપે હોય છે. (૫૬,૫૭)

The speed (of motion) increases gradually among the Moon, the Sun, the planets, the constellations and the stars respectively, where as the prosperity decreases gradually. The number of carrier deities of these vimānās are 16000, 16000, 8000, 4000, 2000 respectively. The carrier deities are equally divided in the Eastern, Southern, Western and Northern direction assuming the form of Lion, Elephant, Bull and Horse respectively. 56-57

**ગહ અટ્ઠાસી નક્ખત્ત, અડવીસં તારકોડિકોડીણં ।**
**છાસટ્ઠિસહસ્સ નવસય, પણહત્તરિ એગસસીસિન્નં ॥૫૮॥**

ગ્રહો ૮૮ છે, નક્ષત્રો ૨૮ છે, તારાઓ ૬૬,૯૭૫ કોટિકોટિ છે- આ એક ચન્દ્રનું સૈન્ય છે. (૫૮)

The army (family) of the Moon is of 88 planets, 28 constellations and 66975 kodākodi (crore x crore) stars. 58

**કોડાકોડી સન્નંતરં તુ, મન્નન્તિ ખિત્તથોવતયા ।**
**કેઈ અન્ને ઉસ્સેહં-ગુલમાણેણ તારાણં ॥૫૯॥**

ક્ષેત્ર થોડું હોવાથી કેટલાક કોટાકોટિને અન્ય સંજ્ઞા માને છે. બીજા કેટલાક તારાના વિમાનનું માપ ઉત્સેધઅંગુલથી કહે છે. (૫૯)

Some preceptors believe that the word 'kodākodi'

should be a hint word for some other figure because the human world is too small to accomodate so many stars. Some other preceptors suggest that the celestial bodies are measured by the unit of 'Utsedhāngula'. (The Earth is measured by the unit of 'Pramānāngula.' The pramānāngula is 400 times or 1000 times bigger than the Utsedhāngula approximately. Hence, the human world can accomodate so many stars.) 59

**કિણ્હં રાહુવિમાણં, નિચ્ચં ચંદેણ હોઈ અવિરહિયં ।**
**ચઉરંગુલમપ્પત્તં, હિટ્ઠા ચંદસ્સ તં ચરઈ ॥૬૦॥**

રાહુનું કાળું વિમાન હંમેશા ચન્દ્રની નજીકમાં હોય છે. તે ચન્દ્રની નીચે ચાર અંગુલ દૂર ચરે છે. (૬૦)

Black coloured body (vimāna) of Planet Rāhu is constantly moving below the moon leaving a distance of four angulās (fingers). 60

**તારસ્સ ય તારસ્સ ય, જંબુદીવંમિ અંતરં ગુરુયં ।**
**બારસ જોયણ સહસ્સા, દુન્નિ સયા ચેવ બાયાલા ॥૬૧॥**

જંબુદ્વીપમાં તારા અને તારાનું ઉત્કૃષ્ટ અંતર ૧૨,૨૪૨ યોજન છે. (૬૧)

Maximum distance between two stars in Jambudweepa is of 12,242 yojanās (considering both the stars on the opposite sides of Mount Meru. Breadth of Mount Meru=10000 yojanās. 1121+10000+1121=12,242 yojanās.) 61

**નિસઢો ય નીલવંતો, ચત્તારિ સય ઉચ્ચ પંચ સય કૂડા ।**
**અદ્ધં ઉવરિં રિક્ખા, ચરંતિ ઉભયટ્ઠ બાહાએ ॥૬૨॥**

નિષધ અને નીલવંત પર્વત ૪૦૦ યોજન ઉંચા છે. તેની ઉપર ૫૦૦ યોજન ઉંચા શિખર છે. તે ઉપર અડધા (૨૫૦ યોજન) પહોળા છે. તેમની બન્ને બાજુ ૮ યોજનની અબાધાએ નક્ષત્રો ચરે છે. (૬૨)

The height of Mount Nishadha and Mount Neelvant is 400 yojanās. The height of their peaks is 500 yojanās and their breadth at the bottom is 500 yojanās where as at the top is 250 yojanās. Constellations and stars are rotating around the peaks keeping the distance of 8 yojanās. 62

**છાવટ્ઠા દુન્નિ સયા, જહન્નમેયં તુ હોઈ વાઘાએ ।**
**નિવ્વાઘાએ ગુરુ લહુ, દો ગાઉ ય ધણુ સયા પંચ ॥૬૩॥**

૨૬૬ યોજન - આ વ્યાઘાતમાં (તારાઓનું) જઘન્ય અંતર છે. નિર્વ્યાઘાતમાં (તારાઓનું) ઉત્કૃષ્ટ અને જઘન્ય અંતર ક્રમશઃ ૨ ગાઉ અને ૫૦૦ ધનુષ્ય છે. (૬૩)

Minimum distance between two stars with obstacle in between is 266 yojanās [8+250+8]. Maximum and minimum distance between two stars without obstacle is two gāu and 500 dhanushya (Bow) respectively. 63

**માણુસનગાઓ બાહિં, ચંદા સુરસ્સ સુર ચંદસ્સ ।**
**જોયણ સહસ્સ પન્નાસ-ણુણગા અંતરં દિટ્ઠં ॥૬૪॥**

માનુષોત્તરપર્વતની બહાર ચન્દ્રથી સૂર્યનું અને સૂર્યથી ચંદ્રનું અંતર અન્યૂન ૫૦,૦૦૦ યોજન જોવાયું છે. (૬૪)

It is seen (by the omniscients) that the distance between the Moon and the Sun, those which are outside the Mount Mānushottara (i.e. outside the human world) is 50,000 yojanās. 64

**સસિ સસિ રવિ રવિ સાહિય, જોયણ લક્ખેણ અંતરં હોઈ ।**
**રવિ અંતરિયા સસિણો, સસિ અંતરિયા રવિ દિત્તા ॥૬૫॥**

ચન્દ્ર-ચન્દ્રનું અને સૂર્ય-સૂર્યનું અંતર સાધિક લાખ યોજન છે. સૂર્યના આંતરે ચન્દ્ર અને ચંદ્રના આંતરે સૂર્ય દેદીપ્યમાન છે. (૬૫)

The distance between the two Moons intervened by the Sun and the distance between the two Suns intervened by the Moon is a little more than one lakh yojanās. 65

**બહિયા ઉ માણુસુત્તરઓ, ચંદા સૂરા અવટ્ઠિઉજ્જોયા ।**
**ચંદા અભિઈજુત્તા, સૂરા પુણ હુન્તિ પુસ્સેહિં ॥૬૬॥**

માનુષોતર પર્વતથી બહાર ચન્દ્ર અને સૂર્ય અવસ્થિત તેજવાળા છે, ચન્દ્ર અભિજિત્ નક્ષત્રથી યુક્ત છે અને સૂર્ય પુષ્યનક્ષત્રથી યુક્ત છે. (૬૬)

The Moons and the Suns which are outside the Mount Manushottara have fix limited lustre (i.e. no increasement in the morning or decreasement in the evening) and are motionless. There the Moon is connected (only) with the Abhijita constellation and the Sun is connected (only) with the Pushya constellation. 66

**ઉદ્ધારસાગર દુગે, સઢે સમએહિં તુલ્લ દીવુદહિ ।**
**દુગુણાદુગુણપવિત્થર, વલયાગારા પઢમવજ્જં ॥૬૭॥**

બમણા બમણા વિસ્તારવાળા, અઢી સાગરોપમના સમયની તુલ્ય દ્વીપસમુદ્રો છે. તેમાં પહેલા સિવાયના વલયાકારે છે. (૬૭)

The total number of islands and oceans (dweepās and samudrās) are similiar to the total number of samayās of Adhi (i.e. $2\frac{1}{2}$) Udhāra sāgaropama (samaya = the smallest unit of time). The latter islands and oceans are double in size than the previous ones. Except the first island all the islands and oceans are ring shapped (bangle type). 67

**પઢમો જોયણલક્ખં, વટ્ટો તં વેઢિઉં ઠિઆ સેસા ।**
**પઢમો જંબુદીવો, સયંભૂરમણોદહી ચરમો ॥૬૮॥**

પહેલો દ્વીપ ૧ લાખ યોજનનો અને ગોળ છે. શેષ દ્વીપ- સમુદ્રો તેને વીંટીને રહેલા છે. પહેલો જંબુદ્વીપ છે, છેલ્લો સ્વયંભૂરમણસમુદ્ર છે. (૬૮)

The first island Jambudweepa is round (dish type) in shape. This island is 1 Lakh yojanās broad (in diameter).

The latter islands and oceans surround the previous ones from all the sides, in which the Swayambhuramana ocean is at the last. 68

**જંબૂ ધાયઈ પુક્ખર, વારુણીવર ખીર ઘય ખોય નંદીસરા ।**

**અરુણ-રુણુવાય કુંડલ, સંખ રુયગ ભુયગ કુસ કુંચા ॥૬૯॥**

જંબૂ, ધાતકી, પુષ્કરવર, વારુણીવર, ક્ષીરવર, ઘૃતવર, ઈક્ષુવર, નંદીશ્વર, અરુણ, અરુણોપપાત (અરુણવર- અરુણવરાવભાસ) કુંડલ, (કુંડલવર, કુંડલવરાવભાસ), શંખ, (શંખવર, શંખવરાવભાસ), રુચક, (રુચકવર, રુચકવરાવભાસ), ભુજગ, (ભુજગવર, ભુજગવરાવભાસ), કુશ, (કુશવર, કુશવરાવભાસ), ક્રૌંચ, (ક્રૌંચવર, ક્રૌંચવરાવભાસ)- દ્વીપો છે. (૬૯)

Names of some dweepās are as follows : 1) Jambudweepa 2) Dhātakikhanda 3) Pushkaravara 4) Vārunivara 5) Ksheeravara 6) Ghrutavara 7) Ikshuvara 8) Nandishvara 9) Aruna 10) Arunavara 11) Arunavarāvbhāsa 12) Kundala 13) Kundalavara 14) Kundalavarāvbhāsa 15) Shankha 16) Shankhavara 17) Shankhavarāvbhāsa 18) Rucaka 19) Rucakavara 20) Rucakavarāvbhāsa 21) Bhujaga 22) Bhujagavara 23) Bhujagavarāvbhāsa 24) Kusha 25) Kushavara 26) Kushavarāvbhāsa 27) Kraunca 28) Krauncavara 29) Krauncavarāvbhāsha etc. 69

**પઢમે લવણો જલહી, બીએ કાલોય પુક્ખરાઈસુ ।**

**દીવેસુ હુન્તિ જલહી, દીવસમાણેહિં નામેહિં ॥૭૦॥**

પહેલા દ્વીપ પછી લવણસમુદ્ર છે, બીજા દ્વીપ પછી કાલોદધિ છે, પુષ્કરવર વગેરે દ્વીપો પછી દ્વીપની સમાન નામવાળા સમુદ્રો છે. (૭૦)

The first ocean is Lavana and the second ocean is Kālodadhi. Then after all the oceans bear the same names as the islands. 70

**આભરણ વત્થ ગંધે, ઉપ્પલતિલએ ય પઉમ નિહિરયણે ।**
**વાસહર દહ નઈઓ, વિજયા વક્ખાર કપ્પિંદા ॥૭૧॥**
**કુરૂ મંદર આવાસા, કૂડા નક્ખત્ત ચંદ સૂરા ય ।**
**અન્નેવિ એવમાઈ, પસત્થવત્થૂણ જે નામા ॥૭૨॥**
**તન્નામા દીવુદહી, તિપડોયાયાર હુન્તિ અરુણાઈ ।**
**જંબૂલવણાઈયા, પત્તેયં તે અસંખિજ્જા ॥૭૩॥**

અલંકાર, વસ્ત્ર, ગંધ, ચંદ્રવિકાસી કમળ, તિલક વગેરે વૃક્ષ, સૂર્યવિકાસી કમળ, નવનિધિ, રત્નો, વર્ષધર પર્વતો, દ્રહો, નદીઓ, વિજયો, વક્ષસ્કારપર્વતો, દેવલોક, ઈન્દ્ર, દેવકુરુ- ઉત્તરકુરુ, મેરુપર્વત, આવાસો, શિખરો, નક્ષત્રો, ચંદ્ર, સૂર્ય અને બીજા પણ એવા સારી વસ્તુઓના જે નામ છે તે નામના દ્વીપસમુદ્રો છે. અરુણ વગેરે દ્વીપો-સમુદ્રો ત્રિપ્રત્યવતાર છે. જંબુદ્વીપ, લવણસમુદ્ર વગેરે દરેક અસંખ્ય છે. (૭૧, ૭૨, ૭૩)

There are innumerable islands, bearing the names of all the appreciable objects existing on this earth. For ex. All the names of ornaments, apparels, smelling objects, Lotus (flowers), trees such as tilak etc., nine treasures, fourteen ratnās, gems, mountains such as Varshadhara, lakes, rivers, vijayās (regions), heavens, Indrās, Devkuru, Uttarkuru, Mount Meru, abodes, peaks, Moon, Sun, etc... After Arunadweepa the names of all the islands and oceans are 'three fold.' (viz. 1) only name 2) name with the addition 'vara' 3) name with the addition 'varāvbhāsa' ex. 1) Surya 2) Suryavara 3) Suryavarāvbhāsa). There are innumerable islands and oceans with the same names like Jambudweepa, Lavana etc. 71-72-73

**તાણંતિમ સૂરવરાવભાસ, જલહી પરં તુ ઈક્કિક્કા ।**
**દેવે નાગે જક્ખે, ભૂએ ય સયંભુરમણે ય ॥૭૪॥**

તેમાંનો છેલ્લો સૂર્યવરાવભાસ સમુદ્ર છે, ત્યાર પછી દેવ, નાગ, યક્ષ, ભૂત, સ્વયંભૂરમણ દ્વીપો-સમુદ્રો એક એક છે. (૭૪)

The last among the three fold islands and oceans is Suryavarāvbhāsa ocean. The last five islands and oceans with the names Deva, Nāga, Yaksha, Bhoota and Swayambhuramana are solitary (i.e. they are neither three fold nor innumerable.) 74

**વારુણીવર ખીરવરો, ઘયવર લવણો ય હુન્તિ ભિન્નરસા ।**
**કાલોય પુક્ખરોદહિ, સયંભુરમણો ય ઉદગરસા ॥૭૫॥**

વારુણીવર સમુદ્ર, ક્ષીરવર સમુદ્ર, ઘૃતવર સમુદ્ર, લવણસમુદ્ર ભિન્ન ભિન્ન સ્વાદવાળા છે. કાલોદધિ, પુષ્કરવરસમુદ્ર અને સ્વયંભૂરમણસમુદ્ર પાણીના જેવા સ્વાદવાળા છે. (૭૫)

The taste of the waters of the four oceans are as per their names. a) Vārunivara = wine b) Ksheeravara = milk c) Ghrutavara = Ghee d) Lavana = salt. The taste of the water of the Pushkaravara ocean, Kālodadhi ocean and Swayambhuramana ocean is similiar to that of the natural water. 75

**ઈક્ખુરસ સેસ જલહી, લવણે કાલોએ ચરિમિ બહુમચ્છા ।**
**પણ સગ દસ જોયણસય-તણુ કમા થોવ સેસેસુ ॥૭૬॥**

શેષ સમુદ્રો શેરડીના રસ જેવા સ્વાદવાળા છે. લવણસમુદ્ર, કાલોદધિ અને છેલ્લા સમુદ્રમાં ક્રમશઃ ૫૦૦, ૭૦૦, ૧૦૦૦ યોજનના શરીરવાળા ઘણા માછલા છે. શેષ સમુદ્રમાં થોડા માછલા છે. (૭૬)

Waters of the rest of the oceans have the taste similiar to sugarcane juice. In Lavana, Kalodadhi and Swayambhuramana ocean there are many fishes measuring 500 yojanās, 700 yojanās, 1000 yojanās respectively. In the remaining oceans there are limited fishes of different sizes. 76

**દો સસિ દો રવિ પઢમે, દુગુણા લવણંમિ ધાયઈસંડે ।**
**બારસ સસિ બારસ રવિ, તપ્પભિઈનિદિટ્ઠસસિરવિણો ॥૭૭॥**
**તિગુણા પુવ્વિલ્લ જુયા, અણંતરાણંતરંમિ ખિત્તંમિ ।**
**કાલોએ બાયાલા, બિસત્તરી પુક્ખરદ્ધંમિ ॥૭૮॥**

પહેલા દ્વીપમાં બે ચન્દ્ર-બે સૂર્ય છે. લવણસમુદ્રમાં બમણા (ચન્દ્ર-સૂર્ય) છે. ધાતકીખંડમાં ૧૨ ચન્દ્ર અને ૧૨ સૂર્ય છે. ત્યારથી માંડીને પછી પછીના ક્ષેત્રમાં ત્રણ ગુણા નિર્દિષ્ટ ચન્દ્ર-સૂર્ય અને પૂર્વેના ચન્દ્ર-સૂર્ય યુક્ત ચન્દ્ર-સૂર્ય કહ્યા છે. કાલોદધિમાં ૪૨ અને પુષ્કરવરાર્ધમાં ૭૨ ચન્દ્ર-સૂર્ય છે. (૭૭-૭૮)

There are 2 Moons and 2 Suns in Jambudweepa, 4 Moons and 4 Suns in Lavana ocean, 12 Moons and 12 Suns in Dhātakikhanda island. Formula for obtaining the number of Moons and Suns in further islands and oceans is as follows :

**1)** Multiply the number of Moons or Suns of the previous island or ocean with three. **2)** Add the total figure of Moons or Suns of all the former islands and oceans to the answer. [For ex. Moons / Suns of Kalodadhi ocean = Previous island's (Dhātakikhanda) Moons / Suns = 12. **1)** 12 x 3 = 36. Figure of Moons / Suns of former islands and oceans = 2 of Jambudweepa and 4 of Lavana ocean = 6. **1)** 12 x 3 = 36 **2)** 36 + 6 = 42 Moons / Suns are in Kālodadhi ocean.] There are 72 Moons / Suns in the half Pushkaravara island. (i.e. **1)** 42 x 3 = 126 **2)** 126 + 2 + 4 + 12 = 144 ÷ 2 (half island) = 72] 77-78

**દો દો સસિરવિપંતી, એગંતરિયા છસટ્ઠિ સંખાયા ।**
**મેરું પયાહિણંતા, માણુસખિત્તે પરિઅડન્તિ ॥૭૯॥**

મનુષ્યક્ષેત્રમાં ૬૬ની સંખ્યાવાળી ચન્દ્રની બે પંક્તિ અને સૂર્યની બે પંક્તિ એકાંતરે મેરુપર્વતને પ્રદક્ષિણા આપતી ફરે છે. (૭૯)

Two-two rows, each of sixty-six Moons and sixty-six Suns are alternately rotating around the Mount Meru in the human-world. 79

**એવં ગહાઈણો વિ હુ, નવરં ધુવપાસવત્તિણો તારા ।**

**તં ચિય પયાહિણંતા, તત્થેવ સયા પરિભમન્તિ ॥૮૦॥**

એ પ્રમાણે ગ્રહ વગેરેની પણ પંક્તિઓ જાણવી, પણ ધ્રુવતારાની નજીકમાં રહેલા તારાઓ તેને જ પ્રદક્ષિણા આપતા ત્યાં જ હંમેશા ફરે છે. (૮૦)

The stars, planets and constellations are also rotating around the Mount Meru, except the stars which are near the Pole-Star [The Great Bear (saptarshi) etc.]. They rotate only around the Pole-Star. 80

**પન્નરસ ચુલસીઈસયં, ઈહ સસિરવિમંડલાઈં તક્ખિત્તં ।**

**જોયણ પણ સય દસહિય, ભાગા અડયાલ ઈગસટ્ઠા ॥૮૧॥**

અહીં ચન્દ્રના અને સૂર્યના ક્રમશઃ ૧૫ અને ૧૮૪ મંડલ છે. તેમનું ક્ષેત્ર ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન છે. (૮૧)

There are 15 mandalās (circular orbit-path) of the Moon and 184 mandalās of the Sun in Jambudweepa. The total region of the orbit-path of the Moon and the Sun is 510 $\frac{48}{61}$ yojanās. 81

**તીસિગસટ્ઠા ચઉરો, ઈગ ઈગસટ્ઠસ્સ સત્ત ભઈયસ્સ ।**

**પણતીસં ચ દુ જોયણ, સસિરવિણો મંડલંતરયં ॥૮૨॥**

ચન્દ્ર અને સૂર્યના મંડલોનું અંતર ક્રમશઃ ૩૫ $\frac{૩૦}{૬૧}$ $\frac{૪}{૭}$ યોજન અને ૨ યોજન છે. (૮૨)

Distance between two mandalās of the Moon is of 35 $\frac{30}{61}\frac{4}{7}$ [i.e. 4 parts out of 7 parts of the 61st part of a yojana] yojanās and distance between two mandalās of the Sun is of two yojanās. 82

**મંડલદસગં લવણે, પણગં નિસઢંમિ હોઈ ચંદસ્સ ।**
**મંડલઅંતરમાણં, જાણ પમાણં પુરા કહિયં ॥૮૩॥**

ચન્દ્રના ૧૦ મંડલ લવણસમુદ્રની ઉપર છે અને ૫ મંડલ નિષધ-પર્વતની ઉપર છે. મંડલના અંતરનું પ્રમાણ અને વિમાનનું પ્રમાણ પૂર્વે કહ્યા મુજબ જાણ. (૮૩)

Out of fifteen mandalās of the Moon, ten are above the Lavana ocean and five are above the Mount Nishadha. Distance between the mandalās and size of the celestial bodies is as said previously. 83

**પણસટ્ઠી નિસઢંમિ ય, દુન્નિ ય બાહા દુજોયણંતરિયા ।**
**ઈગુણવીસં તુ સયં, સૂરસ્સ ય મંડલા લવણે ॥૮૪॥**

સૂર્યના ૨ યોજનના અંતરવાળા ૬૫ મંડલ નિષધપર્વત ઉપર છે, તેમાંથી બે મંડલ (હરિવર્ષક્ષેત્રની) બાહા ઉપર છે અને ૧૧૯ મંડલ લવણસમુદ્ર ઉપર છે. (૮૪)

Out of 184 mandalās of the Sun 65 are above the Jambudweepa. Out of these 65 mandalās, 63 are above the Mount Nishadha and the remaining two are above the 'Bāhā' [i.e. ending point of Harivarshakshetra]. The remaining 119 mandalās are above the Lavana ocean. Distance between the two mandalās of the Sun is two yojanās. 84

**સસિરવિણો લવણંમિ ય, જોયણસય તિન્નિ તીસ અહિયાઈં ।**
**અસીયં તુ જોયણસયં, જંબુદીવંમિ પવિસન્તિ ॥૮૫॥**

ચન્દ્ર-સૂર્ય લવણસમુદ્રમાં ૩૩૦ યોજન અને જંબુદ્વીપમાં ૧૮૦ યોજન પ્રવેશે છે. (૮૫)

Out of 510 yojanās of total orbit path of the Sun and the Moon, 330 yojanās are above the Lavana ocean while 180 yojanās are above the Jambudweepa. 85

**ગહ-રિક્ખ-તાર-સંખં, જત્થેચ્છસિ નાઉમુદહિદીવે વા ।**
**તસ્સસિહિ એગસસિણો, ગુણ સંખં હોઈ સવ્વગ્ગં ॥૮૬॥**

જે દ્વીપમાં કે સમુદ્રમાં ગ્રહ, નક્ષત્ર અને તારાની સંખ્યા જાણવા ઈચ્છે છે તેના ચન્દ્રો વડે એક ચન્દ્રના (પરિવારની) સંખ્યાને ગુણવાથી સર્વસંખ્યા થાય છે. (૮૬)

To know the exact number of the planets-constellations and stars of any ocean or island, multiply the number of the Moons of that ocean or island with the number of family members of a Moon. 86

**બત્તીસટ્ઠાવીસા, બારસ અડ ચઉ વિમાણલક્ખાઈ ।**
**પન્નાસ ચત્ત છ સહસ્સ, કમેણ સોહમ્માઈસુ ॥૮૭॥**
**દુસુ સય ચઉ દુસુ સયતિગ-મિગારસહિયં સયં તિગે હિટ્ઠા ।**
**મજ્ઝે સત્તુત્તર-સય-મુવરિ તિગે સયમુવરિ પંચ ॥૮૮॥**

સૌધર્મ વગેરે દેવલોકમાં ક્રમશઃ ૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ, ૫૦,૦૦૦, ૪૦,૦૦૦, ૬,૦૦૦ દેવવિમાનો છે. બે દેવલોકમાં ૪૦૦, બે દેવલોકમાં ૩૦૦, નીચેના ૩ ગ્રૈવેયકમાં ૧૧૧, વચ્ચેના ૩ ગ્રૈવેયકમાં ૧૦૭, ઉપરના ૩ ગ્રૈવેયકમાં ૧૦૦ અને ઉપર (અનુત્તરમાં) ૫ વિમાનો છે. (૮૭-૮૮)

**Number of Vimānās of the Vaimānika deities :**

| Name of Devaolka (Heaven) | Number of Vimānās |
|---|---|
| Saudharma | 32 Lakhs |
| Ishāna | 28 Lakhs |
| Sanatkumāra | 12 Lakhs |
| Māhendra | 8 Lakhs |
| Brahmaloka | 4 Lakhs |

| | |
|---|---|
| Lāntaka | 50,000 |
| Mahāshukra | 40,000 |
| Sahasrāra | 6,000 |
| Ānata-Prānata (total) | 400 |
| Ārana-Acyuta (total) | 300 |
| First three Graiveyakās (total) | 111 |
| Middle three Graiveyakās (total) | 107 |
| Last three Graiveyakās (total) | 100 |
| Five Anuttarās | 5 (one to each) |

87-88

**ચુલસીઈ લક્ખ સત્તાણવઈ, સહસ્સા વિમાણ તેવીસં ।**
**સવ્વગ્ગમુઢ્ઢલોગંમિ, ઈંદયા બિસટ્ઠિ પયરેસુ ॥૮૯॥**

ઊર્ધ્વલોકમાં કુલ ૮૪,૯૭,૦૨૩ વિમાનો છે, પ્રતરોમાં ૬૨ ઈંદ્રકવિમાનો છે. (૮૯)

The total number of Vimānās of Vaimānika deities in the upperworld are 84,97,023. There are 62 Indraka vimānās in 62 pratarās (one in each). 89

**ચઉ દિસિ ચઉ પંતીઓ, બાસટ્ઠિ વિમાણિયા પઢમપયરે ।**
**ઉવરિ ઈક્કિક્ક હીણા, અણુત્તરે જાવ ઈક્કિક્કં ॥૯૦॥**

પહેલા પ્રતરમાં ચાર દિશામાં ૬૨ વિમાનની ચાર પંક્તિ છે, ઉપરના પ્રતરોની પંક્તિમાં ૧-૧ વિમાન ઓછું છે, યાવત્ અનુત્તરમાં પંક્તિમાં ૧-૧ વિમાન છે. (૯૦)

There are four rows of vimānās (one in each direction) around every Indrakavimāna. (They are known as 'Āvalikāgata Vimānās.' In the four rows of the first pratara there are 62-62 vimānās. After that one-one vimāna

is less in each row of the upper prataras. So, only one-one vimāna is there in each row of Anuttara (the last pratara). 90

**ઈંદય વટ્ટા પંતીસુ, તો કમસો તંસ ચઉરંસા વટ્ટા ।**

**વિવિહા પુપ્ફવકિન્ના, તયંતરે મુત્તું પુવ્વદિસિં ॥૯૧॥**

ઈંદ્રક વિમાન ગોળ છે, પછી પંક્તિમાં ક્રમશઃ ત્રિકોણ, ચોરસ અને ગોળ વિમાનો છે. તેમની વચ્ચે પૂર્વદિશાને છોડીને વિવિધ પુષ્પાવકીર્ણ વિમાનો છે. (૯૧)

The Indrakavimānās are round in shape. The vimānās in the rows are triangular, square and round shaped gradually. Pushpāvakirna vimānās of different shapes remain scattered between the two rows of Āvalikāgata vimānās in three directions except the eastern side. 91

**એગં દેવે દીવે, દુવે ય નાગોદહીસુ બોદ્ધવ્વે ।**

**ચત્તારિ જક્ખદીવે, ભૂયસમુદેસુ અટ્ઠેવ ॥૯૨॥**

**સોલસ સયંભુરમણે, દીવે સુપઈટ્ઠિયા ય સુરભવણા ।**

**ઈગતીસં ચ વિમાણા, સયંભુરમણે સમુદ્દે ય ॥૯૩॥**

દેવદ્વીપ ઉપર ૧, નાગસમુદ્ર ઉપર બે, યક્ષદ્વીપ ઉપર ૪ અને ભૂતસમુદ્ર ઉપર ૮ વિમાનો જાણવા, સ્વયંભૂરમણદ્વીપ ઉપર ૧૬ અને સ્વયંભૂરમણ સમુદ્ર ઉપર ૩૧ દેવવિમાનો પ્રતિષ્ઠિત છે. (૯૨-૯૩)

Out of sixty-two Āvalikāgata vimānās (of first pratara) the first vimāna is above the Devadweepa, the next two are above the Nāga ocean, next four are above the Yaksha island, next eight are above the Bhoota ocean, next sixteen are above the Swayambhuramana island and next thirty-one are above the Swayambhuramana ocean. 92-93

**વટ્ટં વટ્ટસ્સુવરિં, તંસં તંસસ્સ ઉવરિમં હોઈ ।**

**ચઉરંસે ચઉરંસં, ઉડ્ઢં તુ વિમાણસેઢીઓ ॥૯૪॥**

ગોળ વિમાનની ઉપર ગોળ વિમાન, ત્રિકોણ વિમાનની ઉપર ત્રિકોણ વિમાન અને ચોરસ વિમાનની ઉપર ચોરસ વિમાન છે. એમ ઉપર વિમાનોની શ્રેણીઓ છે. (૯૪)

[In 62 prataräs] the round shaped vimānās are located above the round vimānās, triangular vimānās are located above the triangular vimānās and square vimānās are located above the square vimānās. Rows of vimānās of the upper world are arranged in this order. 94

**સવ્વે વટ્ટવિમાણા, એગદુવારા હવન્તિ નાયવ્વા ।**
**તિન્નિ ય તંસવિમાણે, ચત્તારિ ય હુન્તિ ચઉરંસે ॥૯૫॥**

બધા ગોળ વિમાનો ૧ દ્વારવાળા છે, ત્રિકોણ વિમાનોમાં ૩ અને ચોરસ વિમાનોમાં ૪ દ્વાર છે. (૯૫)

Round vimānās have one door (or gate), triangular vimānās have three doors and square vimānās have four doors. 95

**પાગારપરિક્ખિત્તા, વટ્ટવિમાણા હવન્તિ સવ્વેવિ ।**
**ચઉરંસવિમાણાણં, ચઉદિસિં વેઈયા હોઈ ॥૯૬॥**

બધા ગોળ વિમાનો કિલ્લાથી વીંટાયેલા છે, ચોરસ વિમાનોની ચારે દિશામાં વેદિકા છે. (૯૬)

All the round shaped vimānās are surrounded by the castle and the square vimānās are surrounded by vedikā (simple large wall) from all the sides. 96

**જત્તો વટ્ટ વિમાણા, તત્તો તંસસ્સ વેઈયા હોઈ ।**
**પાગારો બોદ્ધવ્વો, અવસેસેસું તુ પાસેસું ॥૯૭॥**

ત્રિકોણ વિમાનની જે તરફ ગોળ વિમાન હોય તે તરફ વેદિકા છે, બાકીની બાજુએ કિલ્લો જાણવો. (૯૭)

The side facing the round shaped vimāna of the triangular vimāna is surrounded by vedikā and the other two sides are surrounded by the castle. 97

**આવલિયવિમાણાણં, અંતરં નિયમસો અસંખિજ્જં ।**
**સંખિજ્જ-મસંખિજ્જં, ભણિયં પુપ્ફાવકિન્નાણં ॥૯૮॥**

આવલિકાગત વિમાનોનું અંતર નિયમથી અસંખ્ય યોજન છે, પુષ્પાવકીર્ણ વિમાનોનું અંતર સંખ્યાતા કે અસંખ્યાતા યોજન છે. (૯૮)

The distance between the two Āvalikāgata vimānās is uncountable yojaṇās where as the distance between the two Pushpāvakirna vimānās is either numerable or innumerable yojanās. 98

**અચ્ચંતસુરહિગંધા, ફાસે નવણીયમઉયસુહફાસા ।**
**નિચ્ચુજ્જોયા રમ્મા, સયંપહા તે વિરાયંતિ ॥૯૯॥**

અત્યંત સુગંધવાળા, સ્પર્શમાં માખણ જેવા મૃદુ અને સુખકારી સ્પર્શવાળા, હંમેશા પ્રકાશવાળા, સુંદર, પોતાની પ્રભાવાળા તે વિમાનો શોભે છે. (૯૯)

The vimānās (residential abodes) of deities have sweet smell, pleasent and tender touch like the soft butter. They are always shining with their most bright glitterence and spontaneous bright light. 99

**જે દક્ખિણેણ ઈંદા, દાહિણઓ આવલી મુણેયવ્વા ।**
**જે પુણ ઉત્તરઈંદા, ઉત્તરઓ આવલી મુણે તેસિં ॥૧૦૦॥**

જે દક્ષિણ તરફના ઇન્દ્ર છે તેમના દક્ષિણ તરફના આવલિકાગત વિમાનો જાણવા અને જે ઉત્તર તરફના ઇન્દ્ર છે તેમના ઉત્તર તરફના આવલિકાગત વિમાનો જાણવા. (૧૦૦)

The southern Āvalikāgata vimānās belong to Southern Indrās and the Northern vimānās belong to Northern Indrās. 100

**પુવ્વેણ પચ્છિમેણ ય, સામન્ના આવલી મુણેયવ્વા ।**
**જે પુણ વટ્ટ વિમાણા, મજ્ઝિલ્લા દાહિણિલ્લાણં ॥૧૦૧॥**
**પુવ્વેણ પચ્છિમેણ ય, જે વટ્ટા તે વિ દાહિણિલ્લસ્સ ।**
**તંસ ચઉરંસગા પુણ, સામન્ના હુન્તિ દુણ્હં પિ ॥૧૦૨॥**

પૂર્વના અને પશ્ચિમના આવલિકાગત વિમાનો સામાન્ય (બંનેના) જાણવા. જે વચ્ચેના ગોળ વિમાન છે તે દક્ષિણેન્દ્રના છે. પૂર્વના અને પશ્ચિમના જે ગોળ વિમાનો છે તે પણ દક્ષિણેન્દ્રના છે. ત્રિકોણ અને ચોરસ વિમાનો બન્ને ઇન્દ્રોના સામાન્ય છે. (૧૦૧-૧૦૨)

The Āvalikāgata vimānās of the east and west direction commonly belongs to both the Indrās, but the roundshaped vimānās of these two directions and the Indraka vimānās belong only to Southern Indrās. Triangular and square vimānās commonly belong to both the Indrās. 101-102

**પઢમંતિમપયરાવલિ, વિમાણ મુહ ભૂમિ તસ્સમાસદ્ધં ।**
**પયરગુણમિટ્ઠકપ્પે, સવ્વગ્ગં પુપ્ફકિન્નિયરં ॥૧૦૩॥**

પહેલા અને છેલ્લા પ્રતરના આવલિકાગત વિમાનોને ક્રમશઃ મુખ અને ભૂમિ કહેવાય. તેનો સરવાળો કરી તેને અર્ધ કરી પ્રતરથી ગુણતા ઇષ્ટ દેવલોકના કુલ (આવલિકાગત) વિમાનો આવે, શેષ પુષ્પાવકીર્ણ વિમાનો છે. (૧૦૩)

**Formula for receiving the exact figure of Āvalikāgata and Pushpāvakirna vimānās of any devaloka :-**

The vimānās of the first pratara are called as 'Mukha' and those of the last pratara are called as 'Bhoomi.' **1)** Add the total vimānās of Mukha and Bhoomi. **2)** Divide the total by 2. **3)** Multiply the answer with the total number of pratarās of that Devaloka. The answer is the total

number of Āvalikāgata vimānās and the remaining are the pushpāvakirna vimānās. [For ex. First two devalokās Mukha = 249, Bhoomi = 201, Pratara = 13. 1) 249 + 201 = 450, 2) 450 ÷ 2 = 225, 3) 225 x 13 = 2925 are the Āvalikāgata vimānās. The total vimānās of the first two devalokās are 60,00,000. 60,00,000 - 2,925 = 59,97,075 are the Pushpāvakirna vimānās.) 103

**ઈગદિસિપંતિવિમાણા, તિવિભત્તા તંસ ચઉરંસા વટ્ટા ।**
**તંસેસુ સેસમેગં, ખિવ સેસ દુગસ્સ ઈક્કિક્કં ॥૧૦૪॥**
**તંસેસુ ચઉરંસેસુ ય, તો રાસિ તિગંપિ ચઉગુણં કાઉં ।**
**વટ્ટેસુ ઈંદયં ખિવ, પયરધણં મીલિયં કપ્પે ॥૧૦૫॥**

એક દિશાના પંક્તિગત વિમાનોને ત્રણથી ભાગતા ત્રિકોણ, ચોરસ અને ગોળ વિમાનો આવે, શેષ એકને ત્રિકોણ વિમાનમાં નાખ, શેષ બેમાંથી ત્રિકોણ-ચોરસ વિમાનમાં ૧-૧ નાંખ, પછી ત્રણે રાશિને ચારથી ગુણી ગોળ વિમાનમાં ઈન્દ્રકવિમાનો ઉમેરવા. ત્રણે રાશિને ભેગા કરતા તે દેવલોકના પ્રતરના આવલિકાગત વિમાનો આવે. (૧૦૪, ૧૦૫)

**Formula for receiving the exact figure of Āvalikāgata vimānās of any particular pratara :-**

1) Divide the total number of vimānās of a single row by three. The answer is the number of triangular, square and round vimānās. If the remainder comes one it should be added to the figure of triangular vimānās. If the remainder is two one should be added to triangular vimānās and another to the square vimānās. 2) Multiply the numbers of all the three types of vimānās with four. 3) One Indrakavimāna should be added to the number of round vimānās. 4) Add all the three figures. The answer is the number of Āvalikāgata vimānās of that pratara. (For ex. In first pratara there are 62 vimānās in a single row.

1) 62 ÷ 3 = 20 Remainder = 2. ∴ 21,21,20 **2)** 21 x 4 = 84, 21 x 4 = 84, 20 x 4 = 80, **3)** 80 + 1 = 81 **4)** 84 + 84 + 81 = 249. So, total Āvalikāgata vimānās of the first pratara are 249.) 104-105

**સત્તસય સત્તવીસા, ચત્તારિ સયા ય હુન્તિ ચઉનઉયા ।**

**ચત્તારિ ય છાસીયા, સોહમ્મે હુન્તિ વટ્ટાઈ ॥૧૦૬॥**

સૌધર્મ દેવલોકમાં ગોળ વગેરે વિમાનો ક્રમશઃ ૭૨૭, ૪૯૪, ૪૮૬ છે. (૧૦૬)

There are 727 round shaped vimānās, 494 triangular vimānās and 486 square vimānās in the first heaven. 106

**એમેવ ય ઈસાણે, નવરં વટ્ટાણ હોઈ નાણત્તં ।**

**દો સય અટ્ઠતીસા, સેસા જહ ચેવ સોહમ્મે ॥૧૦૭॥**

ઈશાન દેવલોકમાં એ જ પ્રમાણે છે, પણ ગોળવિમાનોમાં ફરક છે. તે ૨૩૮ છે. શેષ વિમાનો સૌધર્મની જેમ છે. (૧૦૭)

There are 238 round shaped vimānās in the second heaven and the number of the rest two types of vimānās is same as those of the first heaven. 107

**પુવ્વાવરા છલંસા, તંસા પુણ દાહિણુત્તરા બજ્ઝા ।**

**અબ્ભિન્તર ચઉરંસા, સવ્વાવિ ય કણ્હરાઈઓ ॥૧૦૮॥**

પૂર્વ-પશ્ચિમમાં ષટ્કોણ, દક્ષિણ-ઉત્તરમાં બહારની ત્રિકોણ અને અંદરની બધી ય (લંબ)ચોરસ કૃષ્ણરાજીઓ છે. (૧૦૮)

There are earth-bodied Krishnarājis above the third pratara of fifth heaven. The outer ones of East and West direction are hexagonal in shape. The outer ones of North and South direction are triangular in shape. The four inner ones are rectangular in shape. 108

**ચુલસી અસીઈ બાવત્તરિ, સત્તરિ સટ્ઠી ય પન્ન ચત્તાલા ।**

**તુલ્લ સુર તીસ વીસા, દસ સહસ્સ આયરક્ખ ચઉગુણિયા ॥૧૦૯॥**

૧૨ દેવલોકમાં ક્રમશઃ ૮૪,૦૦૦, ૮૦,૦૦૦, ૭૨,૦૦૦, ૭૦,૦૦૦, ૬૦,૦૦૦, ૫૦,૦૦૦, ૪૦,૦૦૦, ૩૦,૦૦૦, ૨૦,૦૦૦, ૧૦,૦૦૦ સામાનિક દેવો છે. તેમનાથી ચારગુણા આત્મરક્ષક દેવો છે. (૧૦૯)

**The number of Sāmānika deities in the twelve heavens are as follows :-**

| Heaven | Sāmānika deities | Heaven | Sāmānika deities |
|---|---|---|---|
| Saudharma | 84,000 | Lāntaka | 50,000 |
| Ishāna | 80,000 | Mahāshukra | 40,000 |
| Sanatkumāra | 72,000 | Sahasrāra | 30,000 |
| Māhendra | 70,000 | Ānata-Prānata | 20,000 (total) |
| Brahmaloka | 60,000 | Ārana-Acyuta | 10,000 (total) |

Ātmarakshaka deities are four times more than the sāmānika deities. 109

**કપ્પેસુ ય મિય મહિસો, વરાહ સીહા ય છગલ સાલૂરા ।**
**હય ગય ભુયંગ ખગ્ગી, વસહા વિડિમાઈ ચિંધાઈ ॥૧૧૦॥**

૧૨ દેવલોકમાં દેવોના હરણ, પાડો, ભૂંડ, સિંહ, બકરો, દેડકો, ઘોડો, હાથી, સર્પ, ગેંડો, બળદ, વિડિમ (મૃગવિશેષ) ચિહ્નો છે. (૧૧૦)

**The symbols that Vaimānika deities bear in their crown are as follows :**

| Heaven | Symbol | Heaven | Symbol |
|---|---|---|---|
| 1st | Deer | 7th | Horse |
| 2nd | Male buffalo | 8th | Elephant |
| 3rd | Hog (pig) | 9th | Snake |
| 4th | Lion | 10th | Rhinoceros |
| 5th | Male goat | 11th | Bull |
| 6th | Frog | 12th | Vidim (a special type of deer) 110 |

(Note - There are no symbols, neither Sāmānika deities, nor Ātmarakshaka deities in nine Graiveyakās and five Anuttarās.)

**દુસુ તિસુ તિસુ કપ્પેસુ, ઘણુદહિ ઘણવાય તદુભયં ચ કમા ।**
**સુરભવણપઈટ્ઠાણં, આગાસ પઈટ્ઠિયા ઉવરિં ॥૧૧૧॥**

બે, ત્રણ, ત્રણ દેવલોકમાં દેવવિમાનોના આધાર ક્રમશઃ ઘનોદધિ, ઘનવાત અને તે બન્ને છે. ઉપરના વિમાનો આકાશ ઉપર પ્રતિષ્ઠિત છે. (૧૧૧)

The first two heavens are situated on the base of Ghanodadhi (solid frozen water), the next three heavens are situated on the base of Ghanavāta (highly compressed air), the next three heavens are situated on both types of base i.e. Ghanodadhi and Ghanavāta and the remaining heavens are situated on Ākāsha (sky i.e. they are self supported). 111

**સત્તાવીસસયાઈં, પુઢવિપિંડો વિમાણઉચ્ચત્તં ।**
**પંચ સયા કપ્પદુગે, પઢમે તત્તો ય ઈક્કિક્કં ॥૧૧૨॥**
**હાયઈ પુઢવીસુ સયં, વઢ્ઢઈ ભવણેસુ દુ દુ દુ કપ્પેસુ ।**
**ચઉગે નવગે પણગે, તહેવ જાડણુત્તરેસુ ભવે ॥૧૧૩॥**
**ઈગવીસસયા પુઢવી, વિમાણમિક્કારસેવ ય સયાઈં ।**
**બત્તીસ જોયણસયા, મિલિયા સવ્વત્થ નાયવ્વા ॥૧૧૪॥**
**પણ ચઉ તિ દુ વન્ન વિમાણ, સધય દુસુ દુસુ ય જા સહસ્સારો ।**
**ઉવરિ સિય ભવણવંતરજોઈસિયાણં વિવિહવન્ના ॥૧૧૫॥**

પહેલા બે દેવલોકમાં પૃથ્વીપિંડ ૨૭૦૦ યોજન છે અને વિમાનની ઉંચાઈ ૫૦૦ યોજન છે. ત્યારપછી ૨, ૨, ૨, ૪, ૯, ૫ દેવલોકમાં પૃથ્વીપિંડમાં ૧૦૦-૧૦૦ યોજન ઘટે છે અને વિમાનોની ઉંચાઈ ૧૦૦-૧૦૦ યોજન વધે છે. યાવત્ અનુત્તરમાં પૃથ્વીપિંડ ૨૧૦૦ યોજન છે

અને વિમાનની ઉંચાઈ ૧૧૦૦ યોજન છે. બધે બન્ને (પૃથ્વીપિંડ-વિમાનની ઉંચાઈ) મળીને ૩૨૦૦ યોજન જાણવા.

સહસ્રાર દેવલોક સુધી બે-બે દેવલોકમાં ધજાસહિત વિમાનો ૫, ૪, ૩, ૨, વર્ણના છે. ઉપરના વિમાનો સફેદ છે. ભવનપતિ- વ્યંતર-જ્યોતિષના વિમાનો વિવિધવર્ણના છે (૧૧૨-૧૧૫)

**The thickness of the plinth, the height and the colour of the vimānās :**

| Heaven | Plinth | Height | Colour |
|---|---|---|---|
| First-Second | 2700 yojanās | 500 yojanās | Black, Green, Red, Yellow, White |
| Third-Fourth | 2600 yojanās | 600 yojanās | Black, Red, Yellow, White |
| Fifth-Sixth | 2500yojanās | 700yojanās | Red, Yellow, White |
| Seventh-Eighth | 2400 yojanās | 800 yojanās | Yellow, White |
| Ninth-Tenth Eleventh-Twelfth | 2300 yojanās | 900 yojanās | White |
| Nine Graiveyakās | 2200 yojanās | 1000 yojanās | White |
| Five Anuttarās | 2100 yojanās | 1100 yojanās | White |

The total of plinth and height of all the vimānās is 3200 yojanās.
The residences of Bhavanapati, Vyantara, Vānavyantara and Jyotisha deities are of various colours. 112-113-114-115

**રવિણો ઉદયત્થંતર, ચઉનવઈ સહસ્સ પણસય છવીસા ।**
**બાયાલ સટ્ઠિ ભાગા, કક્કડસંકંતિદિયહંમિ ॥૧૧૬॥**
**એયંમિ પુણો ગુણિએ, તિ પંચ સગ નવ ય હોઈ કમમાણુ ।**
**તિગુણંમિ ય દો લક્ખા, તેસીઈ સહસ્સ પંચ સયા ॥૧૧૭॥**
**અસીઈ છ સટ્ઠિ ભાગા, જોયણ ચઉ લક્ખ બિસત્તરિ સહસ્સા ।**
**છચ્ચ સયા તેત્તીસા, તીસ કલા પંચ ગુણિયંમિ ॥૧૧૮॥**

**સત્તગુણે છ લક્ખા, ઈગસટ્ઠિ સહસ્સ છ સય છાસીયા ।**
**ચઉપન્ન કલા તહ, નવગુણંમિ અડલક્ખ સટ્ઠાઓ ॥૧૧૯॥**
**સત્તસયા ચત્તાલા, અટ્ઠારસ કલા ય ઈય કમા ચઉરો ।**
**ચંડા ચવલા જયણા, વેગા ય તહા ગઈ ચઉરો ॥૧૨૦॥**

કર્કસંક્રાંતિના દિવસે સૂર્યના ઉદય અને અસ્તનું અંતર ૯૪,૫૨૬$\frac{૪૨}{૬૦}$યોજન છે. એને ૩, ૫, ૭, ૯થી ગુણતા પગલાનું માપ આવે છે. ત્રણથી ગુણતા ૨,૮૩,૫૮૦ $\frac{૬}{૬૦}$ યોજન થાય છે, પાંચથી ગુણતા ૪,૭૨,૬૩૩ $\frac{૩૦}{૬૦}$ યોજન થાય છે, સાતથી ગુણતા ૬,૬૧,૬૮૬$\frac{૫૪}{૬૦}$ યોજન થાય છે. નવથી ગુણતા ૮,૫૦,૭૪૦$\frac{૧૮}{૬૦}$ યોજન થાય છે. આ ચાર પગલારૂપ ચંડા, ચપલા, જવના, વેગા ચારગતિ છે. (૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦)

On the day of Caner Solistice, distance between the sunrise point and the sunset point is 94526 $\frac{42}{60}$ yojanās. When this distance is multiplied by 3,5,7 and 9 the result obtained is 2,83,580 $\frac{6}{60}$ yojanās, 4,72,633 $\frac{30}{60}$ yojanās, 6,61,686 $\frac{54}{60}$ yojanās and 8,50,740 $\frac{18}{60}$ yojanās respectively. These are the measure of foot steps of four types of speeds - Candā, Capalā, Javanā and Vegā respectively. 116-117-118-119-120

**ઈત્થ ય ગઈ ચઉત્થિં, જયણયરિં નામ કેઈ મન્નંતિ ।**
**એહિં કમેહિમિમાહિં, ગઈહિં ચઉરો સુરા કમસો ॥૧૨૧॥**
**વિક્ખંભં આયામં, પરિહિં અબ્ભિંતરં ચ બાહિરિયં ।**
**જુગવં મિણંતિ છમ્માસ, જાવ ન તહાવિ તે પારં ॥૧૨૨॥**
**પાવંતિ વિમાણાણં; કેસિં પિ હુ અહવ તિગુણિયાઈએ ।**
**કમચઉગે પત્તેયં, ચંડાઈ ગઈ ઉ જોઈજ્જા ॥૧૨૩॥**

**તિગુણેણ કપ્પચઉગે, પંચગુણેણં તુ અટ્ઠસુ મુણિજ્જા ।**
**ગેવિજ્જે સત્તગુણેણં, નવગુણેડણુત્તરચઉક્કે ॥૧૨૪॥**

કેટલાક અહીં ચોથી ગતિને જવનતરી માને છે. આ ચાર પગલારૂપ આ ચાર ગતિ વડે ચાર દેવો ક્રમશઃ પહોળાઈ, લંબાઈ, અંદરની અને બહારની પરિધિને એક સાથે ૬ મહિના સુધી માપે છે. છતાં પણ તેઓ કેટલાક વિમાનોના પારને નથી પામતા. અથવા ત્રણ ગુણા વગેરે ચાર પગલામાં દરેકમાં ચંડા વગેરે ગતિઓ જોડવી. ત્રણ ગુણા પગલા વડે ચાર દેવલોકમાં, પાંચ ગુણા પગલા વડે આઠ દેવલોકમાં, સાત ગુણા પગલા વડે ગ્રૈવેયકમાં અને નવગુણા પગલા વડે ચાર અનુત્તરમાં જાણવું. (૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪)

Some preceptors call the fourth speed as 'Javanatari.' Four deities, walking with these four speeds (i.e. Each step of the deity walking with 'Candā' speed measures 2,83,580$\frac{6}{60}$ yojanās) though upto 6 months, can't measure the breadth, length, inner circumference and outer circumference respectively, of some vimānās (i.e. Deity with Candā speed measuring the breadth, deity with Capalā speed measuring the length, deity with Javanā speed measuring the inner circumference and deity with Vegā speed measuring the outer circumference.)

Or If these four deities walk three times, five times, seven times and nine times faster than their respective speeds they can't (According to individual opinion of some preceptors 'they can') measure the vimānās of four heavens, next eight heavens, nine Graiveyakās and five Anuttarās respectively. 121-122-123-124

**પઢમપયરંમિ પઢમે, કપ્પે ઉડુ નામ ઈંદયવિમાણં ।**

**પણયાલલક્ખજોયણ, લક્ખં સવ્વુવરિ સવ્વટ્ઠં ॥૧૨૫॥**

પહેલા દેવલોકના પહેલા પ્રતરમાં, ઉડુ નામનું ઈન્દ્રક વિમાન ૪૫ લાખ યોજનનું છે. બધાની ઉપર રહેલ સર્વાર્થસિદ્ધ વિમાન ૧ લાખ યોજનનું છે. (૧૨૫)

The round shaped Indrakavimāna of the first pratara of the first heaven, bearing the name 'Udu' is of 45 Lakh yojanās. The Indrakavimāna of the last pratara bearing the name Sarvārthasiddha is of 1 Lakh yojanās. 125

**ઉડુ ચંદ રયય વગ્ગુ, વીરિય વરુણે તહેવ આણંદે ।**
**બંભે કંચણ રુઈરે, ચંદ અરુણે ય વરુણે ય ॥૧૨૬॥**
**વેરૂલિય રુયગ રુઈરે, અંકે ફલિહે તહેવ તવણિજ્જે ।**
**મેહે અગ્ઘ હાલિદ્દે, નલિણે તહ લોહિયક્ખે ય ॥૧૨૭॥**
**વઈરે અંજણ વરમાલ, રિટ્ઠ દેવે ય સોમ મંગલએ ।**
**બલભદ્દે ચક્ક ગયા, સોવત્થિય ણંદિયાવત્તે ॥૧૨૮॥**
**આભંકરે ય ગિદ્ધી, કેઉ ગરુલે ય હોઈ બોદ્ધવ્વે ।**
**બંભે બંભહિએ પુણ, બંભુત્તર લંતએ ચેવ ॥૧૨૯॥**
**મહાસુક્કસહસ્સારે, આણય તહ પાણએ ય બોદ્ધવ્વે ।**
**પુપ્ફેડલંકારે, આરણે અ તહ અચ્ચુએ ચેવ ॥૧૩૦॥**
**સુદંસણ સુપ્પડિબદ્ધે, મણોરમે ચેવ હોઈ પઢમતિગે ।**
**તત્તો ય સવ્વઓભદ્દે, વિસાલએ સુમણે ચેવ ॥૧૩૧॥**
**સોમણસે પીઈકરે, આઈચ્ચે ચેવ હોઈ તઈયતિગે ।**
**સવ્વટ્ઠસિદ્ધનામે, સૂરિંદયા એવ બાસટ્ઠી ॥૧૩૨॥**

ઉડુ, ચંદ્ર, રજત, વલ્ગુ, વીર્ય, વરુણ, આનંદ, બ્રહ્મ, કાંચન, રુચિર, ચન્દ્ર, અરુણ અને વરુણ - (આ પહેલા-બીજા દેવલોકના ઈન્દ્રક વિમાનો છે.) વૈડુર્ય, રુચક, રુચિર, અંક, સ્ફટિક, તપનીય, મેઘ, અર્ઘ, હાલિદ્ર, નલિન, લોહિતાક્ષ, વજ્ર - (આ ત્રીજા-ચોથા દેવલોકના ઈન્દ્રક વિમાનો છે.) અંજન, વરમાલ, રિષ્ટ, દેવ, સોમ, મંગળ- (આ

બ્રહ્મલોક દેવલોકના ઇન્દ્રક વિમાનો છે.) બલભદ્ર, ચક્ર, ગદા, સ્વસ્તિક, નંદાવર્ત - (આ લાંતક દેવલોકના ઇન્દ્રક વિમાનો છે.) આભંકર, ગૃદ્ધિ, કેતુ, ગરુડ - (આ મહાશુક્ર દેવલોકના ઇન્દ્રક વિમાનો) જાણવા. બ્રહ્મ, બ્રહ્મહિત, બ્રહ્મોત્તર, લાંતક (-આ સહસ્રાર દેવલોકના ઇન્દ્રક વિમાનો છે.) મહાશુક્ર, સહસ્રાર, આનત અને પ્રાણત - (આ આનત-પ્રાણત દેવલોકના ઇન્દ્રક વિમાનો) જાણવા. પુષ્પ, અલંકાર, આરણ અને અચ્યુત - (આ આરણ-અચ્યુત દેવલોકના ઇન્દ્રક વિમાનો છે). (ગ્રૈવેયકની) પહેલી ત્રિકમાં સુદર્શન, સુપ્રતિબદ્ધ અને મનોરમ (આ ઇન્દ્રક વિમાનો છે.) ત્યાર પછી (બીજી ત્રિકમાં) સર્વતોભદ્ર, વિશાલ અને સુમન (આ ઇન્દ્રક વિમાનો છે.) ત્રીજી ત્રિકમાં સોમનસ, પ્રીતિકર અને આદિત્ય - (આ ઇન્દ્રક વિમાનો) છે. સર્વાર્થસિદ્ધ નામે (ઇન્દ્રકવિમાન છે.) આમ દેવોના ૬૨ ઇન્દ્રક વિમાનો છે. (૧૨૬-૧૨૭-૧૨૮-૧૨૯-૧૩૦-૧૩૧-૧૩૨)

**Names of the 62 Indrakavimānās :**

1) Udu 2) Candra 3) Rajata 4) Valgu 5) Veerya 6) Varuna 7) Ānanda 8) Brahma 9) Kāncana 10) Rucira 11) Candra (or Vanca) 12) Aruna 13) Varuna (or Disha) 14) Vaidurya 15) Rucaka 16) Rucira 17) Anka 18) Sphatika 19) Tapaniya 20) Megha 21) Argha 22) Hālidra 23) Nalina 24) Lohitāksha 25) Vajra 26) Anjana 27) Varmāla 28) Rishta 29) Deva 30) Soma 31) Mangala 32) Balabhadra 33) Cakra 34) Gadā 35) Swastika 36) Nandāvarta 37) Ābhankara 38) Gruddhi 39) Ketu 40) Garuda 41) Brahma 42) Brahmahita 43) Brahmottara 44) Lāntaka 45) Mahāshukra 46) Sahasrāra 47) Ānata 48) Prānata 49) Pushpa 50) Alankāra 51) Ārana 52) Acyuta 53) Sudarshana 54) Supratibaddha 55) Manorama 56) Sarvatobhadra 57) Vishāla 58) Sumana 59) Somanasa 60) Preetikara 61) Āditya 62) Sarvārthasiddha. 126-127-128-129-130-131-132

**પણયાલીસં લક્ખા, સીમંતય માણુસં ઉડુ સિવં ચ ।**
**અપઈટ્ઠાણો સવ્વટ્ઠ, જંબૂદીવો ઈમં લક્ખં ॥૧૩૩॥**

સીમન્તક નરકાવાસ, મનુષ્ય ક્ષેત્ર, ઉડુ વિમાન અને સિદ્ધશિલા - આ ૪૫ લાખ યોજનના વિસ્તારવાળા છે. અપ્રતિષ્ઠાન નરકાવાસ, સર્વાર્થસિદ્ધ વિમાન, જંબૂદ્વીપ- આ ૧ લાખ યોજન વિસ્તારવાળા છે. (૧૩૩)

Simantaka (the narakāvāsa of the first pratara of the first hell), Human world ($2\frac{1}{2}$ islands and 2 oceans), Udu (Indrakavimāna) and Siddhasheelā (Huge crystal slab, above which the souls having attained salvation dwell), each are of 45 Lakh yojanās in diameter. Apratisthāna (narakāvāsa of the last pratara of the last hell), Sarvārthasiddha (Indrakavimāna) and Jambudweepa are of 1 lakh yojanās in diameter. 133

**અહ ભાગા સગ પુઢવીસુ, રજ્જુ ઈક્કિક્ક તહેવ સોહમ્મે ।**
**માહિંદ લંત સહસ્સાર-ડચ્ચુઅ ગેવિજ્જ લોગંતે ॥૧૩૪॥**

અધોલોકમાં સાત પૃથ્વીઓને વિષે સાત ભાગ ૧-૧ રજ્જુ પ્રમાણ છે, તેમજ સૌધર્મ, માહેન્દ્ર, લાંતક, સહસ્રાર, અચ્યુત, ગ્રૈવેયક, લોકાન્ત ૧-૧ રજ્જુએ આવેલા છે. (૧૩૪)

There are seven hells below the Tirchhāloka. Each hell is one rāja thick. The eighth rāja is from the upper surface of Ratnaprabhā hell upto the ending point of Saudharma heaven. Ninth, tenth, eleventh, twelfth, thirteenth and fourteenth rāja are upto the ending point of Māhendra heaven, Lāntaka heaven, Sahasrāra heaven, Acyuta heaven, ninth graiveyaka and the Loka (world) respectively. (Thus according to Jainism the three worlds heaven, earth and hell are of 14 Rājās. Rāja = a unit of distance.) 134

**સમ્મત્તચરણસહિયા, સવ્વં લોગં ફુસે નિરવસેસં ।**

**સત્ત ય ચઉદસ ભાએ, પંચ ય સુય દેસવિરઈએ ॥૧૩૫॥**

સમ્યક્ત્વ-ચારિત્ર સહિત જીવો સર્વલોકને સંપૂર્ણપણે સ્પર્શે છે. શ્રુતજ્ઞાની લોકના $\frac{૭}{૧૪}$ ભાગને સ્પર્શે છે. દેશવિરત લોકના $\frac{૫}{૧૪}$ ભાગને સ્પર્શે છે (૧૩૫)

The souls (kevalis) who have attained samyaktva and caritra touch all the fourteen rājās (by spreading the ātmapradeshās during kevalisamudghāta), Shrutagyāni touches seven rājās and Deshaviratidhara touches five rājās. (i.e. After death they pass through this much area for reaching the next birth's place.) 135

**ભવણવણજોઈસોહમ્મી-સાણે સત્તહત્થ તણુમાણં ।**

**દુ દુ દુ ચઉક્કે ગેવિજ્જ-ણુત્તરે હાણિ ઈક્કિક્કે ॥૧૩૬॥**

ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાનમાં શરીરનું પ્રમાણ ૭ હાથ છે. બે, બે, બે, ચાર, ગ્રૈવેયક, અનુત્તર દેવલોકમાં ૧-૧ હાથની હાનિ થાય છે. (૧૩૬)

**The heights of deities :**

| Deities of | Heights |
|---|---|
| Bhavanapati, Vyantara, Vānavyantara | 7 hands |
| Jyotisha, First and Second heaven | 7 hands |
| Third-fourth heaven | 6 hands |
| Fifth-sixth heaven | 5 hands |
| Seventh-eighth heaven | 4 hands |
| Ninth-tenth-eleventh-twelfth heaven | 3 hands |
| Nine graiveyakās | 2 hands |
| Five anuttarās | 1 hands |

**કપ્પ દુગ દુ દુ દુ ચઉગે, નવગે પણગે ય જિટ્ઠઠિઈ અયરા ।**
**દો સત્ત ચઉદડટ્ઠારસ, બાવીસિગતીસ તિત્તીસા ॥૧૩૭॥**
**વિવરે તાણિક્કૂણે, ઈક્કારસગા ઉ પાડિએ સેસા ।**
**હત્થિક્કારસ ભાગા, અયરે અયરે સમહિયંમિ ॥૧૩૮॥**
**ચય પુવ્વસરીરાઓ, કમેણ ઈગુત્તરાઈ વુઢ્ઢીએ ।**
**એવં ઠિઈવિસેસા, સણંકુમારાઈતણુમાણં ॥૧૩૯॥**

બે, બે, બે, બે, ચાર, નવ અને પાંચ દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૨ સાગરોપમ, ૭ સાગરોપમ, ૧૪ સાગરોપમ, ૧૮ સાગરોપમ, ૨૨ સાગરોપમ, ૩૧ સાગરોપમ, ૩૩ સાગરોપમ છે. (૧૩૭)

(બે સ્થિતિના) તફાવતમાંથી ૧ ઓછો કરી તેને ૧૧થી ભાગી શેષ રહે તે હાથના અગીયારીયા ભાગ છે. ૧-૧ સાગરોપમની વૃદ્ધિએ પૂર્વના શરીરમાંથી એકોત્તર વૃદ્ધિએ અગીયારીયા ભાગ ઓછા કરવા. એમ સ્થિતિના વિશેષથી સનત્કુમારાદિના શરીરનું પ્રમાણ આવે છે. (૧૩૮, ૧૩૯)

**Foumula for obtaining the exact height of the deities according to their lifespan.**

The maximum lifespan of 1st-2nd heaven, 3rd-4th, 5th-6th, 7th-8th, 9th to 12th, nine graiveyaka and five anuttara is 2 sāgaropama, 7 sāgaropama, 14 sāgaropama, 18 sāgaropama, 22 sāgaropama, 31 sāgaropama, 33 sāgaropama respectively. **1)** Subtract the previous lifespan from the latter lifespan **2)** Subtract one from the answer **3)** The obtained answer should be subtracted from the imaginary eleven parts of a hand. **4)** The obtained answer should be deducted from the maximum height of the deities of the previous heaven. **5)** On the increasement of one sāgaropama, one-eleventh part should be reduced. Thus, the height of the deities of Sanatkumāra etc. is

obtained. (For ex. 1) 7 – 2 = 5 2) 5 – 1 = 4 3) 11 – 4 = 7 parts = $\frac{7}{11}$ 4) 7 hands i.e. 7 - $\frac{7}{11}$ = 6 $\frac{4}{11}$ hands.

| Lifespan | Height | Lifespan | Height |
|---|---|---|---|
| 2 sāgaropama | 7 hands | 5 sāgaropama | $6\frac{2}{11}$ hands |
| 3 sāgaropama | $6\frac{4}{11}$ hands | 6 sāgaropama | $6\frac{1}{11}$ hands |
| 4 sāgaropama | $6\frac{3}{11}$ hands | 7 sāgaropama | 6 hands |

137-138-139

**ભવધારણિજ્જ એસા, ઉત્તરવેઉવ્વિ જોયણા લક્ખં ।**
**ગેવિજ્જડણુત્તેરસુ, ઉત્તરવેઉવ્વિયા નત્થિ ॥૧૪૦॥**

આ ભવધારણીય શરીર છે. ઉત્તરવૈક્રિયશરીર ૧ લાખ યોજનનું છે. ગ્રૈવેયક-અનુત્તરમાં ઉત્તરવૈક્રિય શરીર નથી. (૧૪૦)

The above mentioned heights are of original bodies (i.e. birth obtained). Height of Uttaravaikriya body (newly made when necessary) is one lakh yojanās. Deities of nine graiveyakās and five anuttarās do not make Uttaravaikriya body. 140

**સાહાવિય વેઉવ્વિય, તણૂ જહન્ના કમેણ પારંભે ।**
**અંગુલઅસંખભાગો, અંગુલસંખિજ્જભાગો ય ॥૧૪૧॥**

સ્વાભાવિક અને વૈક્રિય શરીર જઘન્યથી શરુઆતમાં ક્રમશઃ અંગુલનો અસંખ્યાતમો ભાગ અને અંગુલનો સંખ્યાતમો ભાગ છે. (૧૪૧)

The heights of the natural body and the Uttaravaikriya body at the first moment of formation of all deities is uncountable part of a finger and countable part of a finger respectively. 141

**સામન્નેણં ચઉવિહસુરેસુ, બારસ મુહુત્ત ઉક્કોસો ।**
**ઉવવાયવિરહકાલો, અહ ભવણાઈસુ પતેયં ॥૧૪૨॥**

સામાન્યથી ચારે પ્રકારના દેવોમાં ઉપપાતવિરહકાળ ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત છે. હવે ભવનપતિ વગેરે દરેકનો ઉપપાતવિરહકાળ કહીશ (૧૪૨)

The general maximum time of upapāta viraha of deities is 12 muhurtās (muhurta = 48 minutes) 142

**ભવણવણજોઈસોહમ્મી-સાણેસુ મુહુત્ત ચઉવીસં ।**
**તો નવદિણ વીસ મુહૂ, બારસ દિણ દસ મુહુત્તા ॥૧૪૩॥**
**બાવીસ સઢ્ઢ દિયહા, પણયાલ અસીઈ દિણ સયં તત્તો ।**
**સંખિજ્જા દુસુ માસા, દુસુ વાસા તિસુ તિગેસુ કમા ॥૧૪૪॥**
**વાસાણ સયા સહસ્સા, લક્ખ તહ ચઉસુ વિજયમાઈસુ ।**
**પલિયા અસંખભાગો, સવ્વટ્ઠે સંખભાગો ય ॥૧૪૫॥**

ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાનમાં ૨૪ મુહૂર્ત, પછી (સનત્કુમારમાં) ૯ દિવસ ૨૦ મુહૂર્ત, (માહેન્દ્રમાં) ૧૨ દિવસ ૧૦ મુહૂર્ત, (બ્રહ્મલોકમાં) સાડા બાવીસ દિવસ, (લાંતકમાં) ૪૫ દિવસ, (મહાશુક્રમાં) ૮૦ દિવસ, (સહસ્રારમાં) ૧૦૦ દિવસ, પછી બેમાં સંખ્યાતા માસ, બેમાં સંખ્યાતા વર્ષ, ત્રણ ત્રિકમાં ક્રમશઃ સંખ્યાતા સો વર્ષ, સંખ્યાતા હજાર વર્ષ અને સંખ્યાતા લાખ વર્ષ, અને વિજય વગેરે ચારમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને સર્વાર્થસિદ્ધમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ (ઉપપાતવિરહકાળ છે). (૧૪૩, ૧૪૪, ૧૪૫)

**Specific maximum time of upapāta viraha :**

| Deities of | Maximum time of upapāta viraha |
|---|---|
| Bhavanapati, Vyantara, Jyotisha | 24 muhurta |
| 1st - 2nd heaven | 24 muhurta |
| 3rd heaven | 9 days 20 muhurta |
| 4th heaven | 12 days 10 muhurta |
| 5th heaven | 22 and a half days |
| 6th heaven | 45 days |
| 7th heaven | 80 days |
| 8th heaven | 100 days |
| 9th - 10th heaven | numerable months |
| 11th - 12th heaven | numerable years |
| First three graiveyakās | numerable 100 years |
| Middle three graiveyakās | numerable 1000 years |
| Last three graiveyakās | numerable Lakh years |
| Four anuttarās | innumerable part of one palyopama |
| Sarvārthasiddha anuttara | nummerable part of one palyopama |

143-144-145

**સવ્વેસિંપિ જહન્નો, સમઓ એમેવ ચવણવિરહો વિ ।**
**ઈગ-દુ-તિ-સંખ-મસંખા, ઈગસમએ હુન્તિ ય ચવંતિ ॥૧૪૬॥**

બધાયનો જઘન્ય ઉપપાતવિરહકાળ જઘન્યથી ૧ સમય છે, એ જ પ્રમાણે ચ્યવનવિરહકાળ પણ જાણવો. ૧ સમયમાં ૧, ૨, ૩,

સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે. (૧૪૬)

*Minimum time of upapāta viraha of all deities is one* samaya (i.e. smallest unit of time.) The maximum and minimum time of cyavana viraha of all deities is same as that of upapāta viraha. Minimum Upapāta sankhyā and cyavana sankhyā (of one samaya) is one, whereas maximum upapāta sankhyā and cyavana sankhyā is 2, 3, ... numerable ... innumerable. 146

**નરપંચિંદિયતિરિયાણુપ્પત્તી, સુરભવે પજ્જત્તાણં ।**

**અજ્ઝવસાયવિસેસા, તેસિં ગઈતારતમ્મં તુ ॥૧૪૭॥**

પર્યાપ્ત મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચોની ઉત્પત્તિ દેવલોકમાં થાય છે, પણ અધ્યવસાયવિશેષથી તેમની ગતિમાં તારતમ્ય હોય છે. (૧૪૭)

**Āgati (previous birth) of deities :-**

Fully developed five-sensed human beings and animals take birth in heaven in the next life. The place of birth differs according to their thoughts. 147

**નર તિરિ અસંખજીવી, સવ્વે નિયમેણ જંતિ દેવેસુ ।**

**નિયઆઉયસમહીણા-ઉએસુ ઈસાણઅંતેસુ ॥૧૪૮॥**

અસંખ્ય વર્ષના આયુષ્યવાળા બધા મનુષ્યો-તિર્યંચો નિયમા પોતાના આયુષ્યની સમાન કે ઓછા આયુષ્યવાળા ઈશાન સુધીના દેવલોકમાં જાય છે. (૧૪૮)

Human beings and animals having lifespan of innumerable years definitely take birth in first two heavens. There, their lifespan may be similiar to or less than the present birth's lifespan. 148

**જંતિ સમુચ્છિમતિરિયા, ભવણવણેસુ ન જોઈમાઈસુ ।**

**જં તેસિં ઉવવાઓ, પલિયાસંખંસઆઉસુ ॥૧૪૯॥**

સંમૂર્ચ્છિમ તિર્યંચો ભવનપતિ અને વ્યન્તરમાં જાય છે, જ્યોતિષ વગેરેમાં નહીં, કેમકે તેમની ઉત્પત્તિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળામાં થાય છે. (૧૪૯)

Sammurchhima Tiryancās (i.e. animals not taking birth from mother's womb) can take birth only in Bhavanapati and Vyantara. They can't take birth in Jyotisha or Vaimānika because they are liable for taking birth among those deities who are having the lifespan of innumerable part of a palyopama (i.e. unit of time). 149

**બાલતવે પડિબદ્ધા, ઉક્કડરોસા તવેણ ગારવિયા ।**
**વેરેણ ય પડિબદ્ધા, મરિઉં અસુરેસુ જાયંતિ ॥૧૫૦॥**

બાલતપ કરનારા, ઉત્કટ રોષવાળા, તપના અભિમાનવાળા, વૈરવાળા જીવો મરીને અસુરકુમાર દેવોમાં ઉત્પન્ન થાય છે. (૧૫૦)

Those who practice unrightful penance, those who have intense anger, those who practice penance with pride and those who bear extreme enemity may take birth in Asurkumāra (Bhavanapati). 150

**રજ્જુગ્ગહ-વિસભક્ખણ-જલ-જલણ-પવેસ-તણ્હ-છુહ-દુહઓ ।**
**ગિરિસિરપડણાઉ મયા, સુહભાવા હુંતિ વંતરિયા ॥૧૫૧॥**

દોરડાનો ફાંસો ખાવાથી, વિષ ખાવાથી, પાણી કે અગ્નિમાં પ્રવેશ કરવાથી, તરસ કે ભૂખના દુઃખથી, પર્વતના શિખર પરથી પડવાથી મરેલા જીવો શુભભાવથી વ્યન્તર થાય છે. (૧૫૧)

He who has good (auspicious) thoughts at the last moment of his unnatural deaths like suiciding by strangulation of cord, taking deadly poison, sinking himself in water, burning himself by blazing fire, suffering unberable agony of hunger or thirst, jumping down from high mountain etc. may take birth in Vyantara. 151

**તાવસ જા જોઈસિયા, ચરગપરિવ્વાય બંભલોગો જા ।**
**જા સહસ્સારો પંચિંદિતિરિય, જા અચ્ચુઓ સઢ્ઢા ॥૧૫૨॥**

તાપસો જ્યોતિષ સુધી, ચરક-પરિવ્રાજક બ્રહ્મલોક સુધી, પંચેન્દ્રિય તિર્યંચ સહસ્રાર સુધી, શ્રાવકો અચ્યુત સુધી જાય છે. (૧૫૨)

Tāpasās (Hermits, living in forests, eating fruits and edible bulbous roots etc.) can take birth upto Jyotisha. Caraka-parivrājakās (Hermits wondering from one place to another) can take birth upto Brahmaloka. Five sensed animals can take birth upto Sahasrāra. Shrāvakās (practicing 12 vows of Jainism) can take birth upto Acyuta. 152

**જઈલિંગ મિચ્છદિટ્ઠી, ગેવિજ્જા જાવ જંતિ ઉક્કોસં ।**
**પયમપિ અસદ્દહંતો, સુત્તત્થં મિચ્છદિટ્ઠી ઉ ॥૧૫૩॥**

સાધુના વેષવાળા મિથ્યાદૃષ્ટિ જીવો ઉત્કૃષ્ટથી ગ્રૈવેયક સુધી જાય છે. સૂત્ર કે અર્થના એક પદની પણ અશ્રદ્ધા કરનારો જીવ મિથ્યાદૃષ્ટિ છે. (૧૫૩)

Mithyādrashti saints (bearing the dresscode of Jain saints and disobeying the Jain axioms or preachings of Teerthankara) can take utmost birth upto nine graiveyakās. He who disbelieves a single word of Jaina sootrās or their meanings or preachings of Teerthankara is 'Mithyādrashti.' 153

**સુત્તં ગણહરરઈયં, તહેવ પત્તેયબુદ્ધરઈયં ચ ।**
**સુયકેવલિણા રઈયં, અભિન્નદસપુવ્વિણા રઈયં ॥૧૫૪॥**

ગણધરોએ રચેલું, પ્રત્યેકબુદ્ધોએ રચેલું, શ્રુતકેવલીએ રચેલું અને સંપૂર્ણ ૧૦ પૂર્વીએ રચેલું તે સૂત્ર છે. (૧૫૪)

The composition of Gandharās, Pratyekabuddhās, Shrutakevali and Dashapoorvi is known as 'Sootra.' 154

**છઉમત્થસંજયાણં, ઉવવાઉક્કોસઓ અ સવ્વટ્ઠે ।**
**તેસિં સઢ્ઢાણં પિ ય, જહન્નઓ હોઈ સોહમ્મે ॥૧૫૫॥**

છદ્મસ્થ સાધુઓની ઉત્કૃષ્ટથી ઉત્પત્તિ સર્વાર્થસિદ્ધમાં થાય છે. તેમની અને શ્રાવકોની પણ જઘન્યથી ઉત્પત્તિ સૌધર્મમાં થાય છે. (૧૫૫)

The Jain saints without Kevalagyān can take birth utmost upto the last Sarvārthasiddha vimāna (Anuttara). Jain saints and Shrāvakās can take birth atleast in Saudharma heaven. 155

**લંતંમિ ચઉદપુવ્વિસ્સ, તાવસાઈણ વંતરેસુ તહા ।**
**એસો ઉવવાયવિહિ, નિયનિયકિરિયઠિયાણ સવ્વોવિ ॥૧૫૬॥**

૧૪ પૂર્વીની લાંતકમાં અને તાપસ વગેરેની વ્યંતરોમાં જઘન્યથી ઉત્પત્તિ થાય છે. આ ઉત્પન્ન થવાની બધી વિધિ પોતપોતાની ક્રિયામાં રહેલાની સમજવી. (૧૫૬)

The saints possessing the knowledge of fourteen poorvās can take birth at least upto Lāntaka heaven. Tapasās can take birth atleast in Vyantarās. [**Important note** = They only deserve the above said births as deity who are perfect in their conducts according to their stage (category)]. 156

**વજ્જરિસહનારાયં, પઢમં બીયં ચ રિસહનારાયં ।**
**નારાયમદ્ધનારાયં, કીલિયા તહ ય છેવટ્ઠં ॥૧૫૭॥**
**એએ છ સંઘયણા, રિસહો પટ્ટો ય કીલિયા વજ્જં ।**
**ઉભઓ મક્કડબંધો, નારાઓ હોઈ વિન્નેઓ ॥૧૫૮॥**

પહેલુ વજ્રઋષભનારાચ, બીજુ ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અને છેવટ્ઠુ આ છ સંઘયણ છે. ઋષભ એટલે પાટો, વજ્ર એટલે ખીલી, નારાચ એટલે બન્ને બાજુ મર્કટબંધ છે એમ

જાણવું (૧૫૭, ૧૫૮)

**There are six kinds of Sanghayanās (Quality of bone-joints) :-**

1) Vajrarishabhanārāca 2) Rishabhanārāca 3) Nārāca 4) Ardhanārāca 5) Keelikā 6) Chevatthu. 'Rishabha' means bandage (of muscles, tied around the bones). 'Vajra' means nail shaped bone and 'Nārāca' means markatabandha (i.e. two bones at the joint are in the same position as the baby monkey attached with the mother.) (Keelikā means two bones just touching each other.) 157-158

**છ ગબ્ભતિરિનરાણં, સમુચ્છિમપણિંદિવિગલ છેવટ્ઠં ।**
**સુરનેરઈયા એગિંદિયા ય, સવ્વે અસંઘયણા ॥૧૫૯॥**

ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોને છ, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય અને વિકલેન્દ્રિયને છેવટ્ઠુ સંઘયણ હોય છે. દેવો, નારકો અને એકેન્દ્રિયો બધા સંઘયણ વિનાના છે. (૧૫૯)

Garbhaja (embryo originating) animals and Garbhaja human beings have any of the six types of sanghayanās (any one). Sammurchhima pancendriya (five sensed) and vikalendriya (i.e. four sensed, three sensed, two sensed animals and insects) have only the last sanghayana. Ekendriyās (one sensed beings), hell dwellers and deities do not have any sanghayanās (because they don't have bones). 159

**છેવટ્ઠેણ ઉ ગમ્મઈ, ચઉરો જા કપ્પ કીલિયાઈસુ ।**
**ચઉસુ દુ દુ કપ્પ વુઢ્ઢી, પઢમેણં જાવ સિદ્ધી વિ ॥૧૬૦॥**

છેવટ્ઠા સંઘયણ વડે ચાર દેવલોક સુધી જવાય છે. કીલિકા વગેરે ચાર સંઘયણો હોતે છતે બે બે દેવલોકની વૃદ્ધિ કરવી. પહેલા સંઘયણ વડે સિદ્ધિ સુધી પણ જઈ શકાય છે. (૧૬૦)

Living beings having last (sixth) sanghayana can take birth from Bhavanapati upto fourth heaven. Living beings with the middle four sanghayanās can take birth upto two-two heavens above respectively. (i.e. fifth sanghayana-upto sixth heaven, fourth sanghayana - upto eight heaven etc.) Living beings having the first sanghayana can take birth upto the last anuttara heaven and can even achieve salvation. 160

**સમચઉરંસે નગ્ગોહ, સાઈ વામણ ય ખુજ્જ હુંડે ય ।**
**જીવાણ છ સંઠાણા, સવ્વત્થ સુલક્ખણં પઢમં ॥૧૬૧॥**
**નાહીઈ ઉવરિ બીયં, તઈયમહો પિટ્ઠિઉયરઉરવજ્જં ।**
**સિરગીવપાણિપાએ, સુલક્ખણં તં ચઉત્થં તુ ॥૧૬૨॥**
**વિવરીયં પંચમગં, સવ્વત્થ અલક્ખણં ભવે છટ્ઠં ।**
**ગબ્ભય નર તિરિય છહા, સુરા સમા હુંડયા સેસા ॥૧૬૩॥**

સમચતુરસ્ર, ન્યગ્રોધ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક - આ જીવોના છ સંસ્થાન છે. પહેલુ સંસ્થાન સર્વત્ર સારા લક્ષણવાળું છે. બીજુ સંસ્થાન નાભીની ઉપર સારા લક્ષણવાળું છે, ત્રીજુ સંસ્થાન નાભીની નીચે સારા લક્ષણવાળું છે, ચોથું સંસ્થાન પીઠ, પેટ, છાતી સિવાયના મસ્તક, ગળુ, હાથ, પગમાં સારા લક્ષણવાળું છે. પાંચમુ સંસ્થાન (ચોથાથી) વિપરીત છે. છટ્ઠુ સંસ્થાન સર્વત્ર લક્ષણ વિનાનું છે, ગર્ભજ મનુષ્ય-તિર્યંચને છ પ્રકારના સંસ્થાન હોય છે. દેવોને સમચતુરસ્ર સંસ્થાન હોય છે. શેષ જીવોને હુંડકસંસ્થાન હોય છે. (૧૬૧, ૧૬૨, ૧૬૩)

**There are six types of Sansthānās (i.e. form of body structure) :-**

1) Samacaturasra - Perfect and proportional body structure.

2) Nyagrodha - Body structure above the navel is good but below isn't.

3) Sādi - Body structure below the navel is good but above isn't.

4) Vāmana - Head, neck, hands and feet are perfect but back, stomach, chest aren't.

5) Kubja - Back, stomach and chest are perfect but head, neck, hands and feet aren't.

6) Hundaka - None of the body parts are perfect and proportional.

Garbhaja human beings and Garbhaja animals have any of the six sansthānās (any one). Deities have only the first sansthāna. Rest living beings have only the last sansthāna. 161-162-163

**જંતિ સુરા સંખાઉય-ગબ્ભયપજ્જત્તમણુય-તિરિએસુ ।**

**પજ્જત્તેસુ ય બાયર-ભૂ-દગ-પત્તેયગવણેસુ ॥૧૬૪॥**

દેવો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય-તિર્યંચમાં અને પર્યાપ્તા બાદર પૃથ્વીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયમાં જાય છે. (૧૬૪)

**Gati (next birth) of deities :**

After death deities take birth as Garbhaja human beings or Garbhaja animals having lifespan of numerable years, or as Paryāpta bādara (fully developed and visible) Prithvikāya (earth bodied beings) or as Apkāya (water bodied beings) or as Vanaspatikāya (vegetation bodied beings). 164

**તત્થવિ સણંકુમાર-પ્પભિઈ એગિંદિએસુ નો જંતિ ।**

**આણયપમુહા ચવિઉં, મણુએસુ ચેવ ગચ્છન્તિ ॥૧૬૫॥**

તેમાં પણ સનત્કુમાર વગેરે દેવો એકેન્દ્રિયોમાં નથી જતા, આનત વગેરે દેવો ચ્યવીને મનુષ્યમાં જ જાય છે. (૧૬૫)

Deities of the third and above heavens never take birth as Ekendriya. Deities of the ninth and above heavens take birth only as human beings. 165

**દો કપ્પ કાયસેવી, દો દો દો ફરિસ-રૂવ-સદ્દેહિં ।**

**ચઉરો મણેણુવરિમા, અપ્પવિયારા અણંતસુહા ॥૧૬૬॥**

બે દેવલોકના દેવો કાયા વડે મૈથુન સેવનારા છે, બે-બે-બે દેવલોકના દેવો ક્રમશઃ સ્પર્શ-રૂપ-શબ્દથી મૈથુન સેવનારા છે, ચાર દેવલોકના દેવો મનથી મૈથુન સેવનારા છે, ઉપરના દેવલોકના દેવો મૈથુન નહીં સેવનારા અને અનંત સુખવાળા છે. (૧૬૬)

Deities upto second heaven achieve sexual pleasure by physical sexual intercourse. Deities of third and fourth heaven achieve sexual pleasure by only touching the body parts of female deities. Deities of fifth and sixth heaven achieve sexual pleasure by just watching the charming female deities. Deities of seventh and eighth heaven achieve sexual pleasure by only hearing the sweet voices, romantic talk and laughter of female deities. Deities of ninth to twelfth heaven achieve sexual pleasure by just thinking about female deities. Deities of nine graiveyakās and five anuttarās are so much happy that they never think about the sexual pleasure. 166

**જં ચ કામસુહં લોએ, જં ચ દિવ્વં મહાસુહં ।**

**વીયરાયસુહસ્સેઅં, ણંતભાગં પિ નગ્ઘઈ ॥૧૬૭॥**

લોકમાં જે કામસુખ છે અને જે દેવતાઈ મહાસુખ છે તે વીતરાગના સુખના અનંતમા ભાગને પણ યોગ્ય નથી. (૧૬૭)

All the most pleasing sexual pleasures of the world and the divine pleasures of the deities are not equal to the anant part (the smallest part) of the happiness of Vitarāga

(i.e. they who are free from all types of passions, enticements, vices, sins etc.) 167

**ઉવવાઓ દેવીણં, કપ્પદુગં જા પરઓ સહસ્સારા ।**
**ગમણાગમણં નત્થી, અચ્ચુયપરઓ સુરાણંપિ ॥૧૬૮॥**

દેવીઓની ઉત્પત્તિ બે દેવલોક સુધી છે, સહસ્રાર પછી દેવીઓનું ગમનાગમન નથી, અચ્યુત દેવલોક પછી દેવોનું પણ ગમનાગમન નથી. (૧૬૮)

The birth of female deities is only upto second heaven but the aparigruhitā female deities can go above upto eighth heaven, not above it. Deities above twelfth heaven never go anywhere nor other deities can go above twelfth heaven. 168

**તિ પલિય તિ સાર તેરસ, સારા કપ્પદુગ તઈય લંત અહો ।**
**કિબ્બિસિય ન હુન્તિ ઉવરિં, અચ્ચુયપરઓડભિઓગાઈ ॥૧૬૯॥**

૩ પલ્યોપમ, ૩ સાગરોપમ અને ૧૩ સાગરોપમ આયુષ્યવાળા કિલ્બિષિયા દેવો બે દેવલોક, ત્રીજા દેવલોક અને લાતંક દેવલોકની નીચે હોય છે. ઉપર કિલ્બિષિયા દેવો નથી હોતા. અચ્યુત દેવલોક પછી આભિયોગિક વગેરે દેવો નથી હોતા. (૧૬૯)

Kilbishika deities, residing below the first two heavens (above Jyotisha vimānās) have lifespan of three palyopamās, residing below the third heaven have lifespan of three sāgaropamās and those residing below the sixth heaven have lifespan of thirteen sāgaropamās. There are no kilbishika deities above the sixth heaven. There are no Ābhiyogika deities above the twelfth heaven. 169

**અપરિગ્ગહદેવીણં, વિમાણલક્ખા છ હુંતિ સોહમ્મે ।**
**પલિયાઈ સમયાહિય, ઠિઈ જાસિં જાવ દસ પલિયા ॥૧૭૦॥**

**તાઓ સણંકુમારાણેવં, વઙ્ઢન્તિ પલિયદસગેહિં ।**
**જા બંભ-સુક્ક-આણય-આરણ દેવાણ પન્નાસા ॥૧૭૧॥**

સૌધર્મમાં અપરિગૃહીતા દેવીઓના છ લાખ વિમાનો છે. જે દેવીઓની સ્થિતિ ૧ પલ્યોપમથી માંડીને સમયાધિક યાવત્ ૧૦ પલ્યોપમ સુધીની છે તેઓ સનત્કુમાર દેવોને યોગ્ય છે. એમ ૧૦- ૧૦ પલ્યોપમ વધતા ક્રમશઃ બ્રહ્મલોક, મહાશુક્ર, આનત સુધીના દેવોને યોગ્ય છે, યાવત્ ૫૦ પલ્યોપમ સ્થિતિવાળી દેવીઓ આરણ દેવોને યોગ્ય છે. (૧૭૦, ૧૭૧)

There are six lakhs vimānās of aparigruhitā female deities in the first heaven. From these the female deities having the lifespan upto 10 palyopamās are for the deities of third heaven. The female deities having the lifespan more than 10 palyopamās upto 20 palyopamās are for the deities of the fifth heaven. The female deities having the lifespan more than 20 palyopamās upto 30 palyopamās are for the deities of seventh heaven. The female deities having the lifespan more than 30 palyopamās upto 40 palyopamās are for the deities of ninth heaven. The female deities having the lifespan more than 40 palyopamās upto 50 palyopamās are for the deities of eleventh heaven. 170-171

**ઈસાણે ચઉલક્ખા, સાહિયપલિયાઈ સમયઅહિયઠિઈ ।**
**જા પન્નર પલિય જાસિં, તાઓ માહિંદદેવાણં ॥૧૭૨॥**
**એએણ કમેણ ભવે, સમયાહિય પલિયદસગવુઙ્ઢીએ ।**
**લંત-સહસ્સાર-પાણય-અચ્ચુય-દેવાણ પણપન્ના ॥૧૭૩॥**

ઈશાનમાં અપરિગૃહીતા દેવીઓના ચાર લાખ વિમાનો છે. સાધિક પલ્યોપમથી માંડીને સમયાધિક યાવત્ ૧૫ પલ્યોપમ સુધીની જેમની સ્થિતિ છે તે દેવીઓ માહેન્દ્રના દેવોને યોગ્ય છે. એ ક્રમે સમયાધિક યાવત્ ૧૦ પલ્યોપમની વૃદ્ધિ કરતા ક્રમશઃ લાંતક, સહસ્રાર,

પ્રાણતના દેવોને યોગ્ય છે, યાવત્ ૫૫ પલ્યોપમ સ્થિતિવાળી દેવીઓ અચ્યુત દેવોને યોગ્ય છે. (૧૭૨, ૧૭૩)

There are four lakhs vimānās of aparigruhitā female deities in the second heaven. From these the female deities having the lifespan upto 15 palyopamās are for the deities of fourth heaven. The female deities having the lifespan more than 15 palyopamās upto 25 palyopamās are for the deities of sixth heaven. The female deities having the lifespan more than 25 palyopamās upto 35 palyopamās are for the deities of eighth heaven. The female deities having the lifespan more than 35 palyopamās upto 45 palyopamās are for the deities of tenth heaven. The female deities having the lifespan more than 45 palyopamās upto 55 palyopamās are for the deities of twelfth heaven. 172-173

**કિણ્હા નીલા કાઊ, તેઊ પમ્હા ય સુક્ક લેસ્સાઓ ।**
**ભવણવણ પઢમ ચઉ લેસ, જોઈસ કપ્પદુગે તેઊ ॥૧૭૪॥**
**કપ્પતિય પમ્હલેસા, લંતાઈસુ સુક્કલેસ હુન્તિ સુરા ।**
**કણગાભ પઉમકેસર, વન્ના દુસુ તિસુ ઉવરિ ધવલા ॥૧૭૫॥**

કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુકલ- આ છ લેશ્યાઓ છે. ભવનપતિ અને વ્યન્તરને પહેલી ચાર લેશ્યા હોય છે. જ્યોતિષ અને બે દેવલોકમાં તેજોલેશ્યા હોય છે. ત્રણ દેવલોકમાં પદ્મલેશ્યા હોય છે, લાંતક વગેરેમાં શુક્લ લેશ્યાવાળા દેવો હોય છે. બે દેવલોકમાં સુવર્ણ વર્ણવાળા, ત્રણ દેવલોકમાં કમળની કેસરાના વર્ણવાળા અને ઉપર સફેદ વર્ણવાળા દેવો છે. (૧૭૪, ૧૭૫)

There are six kinds of Leshyās (i.e. Emotions / thoughts) - 1) Krishna (worst). 2) Neel (worse) 3) Kāpota (bad) 4) Tejo (good) 5) Padma (better) 6) Shukla (best).

**Leshyās of deities :**

| Deities | Leshyās |
|---|---|
| Bhavanapati, Vyantara, Vānavyantara | First four |
| Jyotisha, First two heavens | Tejo |
| Third, Fourth, Fifth heavens | Padma |
| Sixth heaven and heavens above it | Shukla |

**Body colours of Vaimānika deities :**

| Vaimānika deities | Body colour |
|---|---|
| First - Second | Reddish Golden |
| Third - Fourth | Pinkish-White (or saffron) |
| Sixth to Anuttara | Bright White |

174-175

**દસ વાસસહસ્સાઈં, જહન્નમાઉં ધરંતિ જે દેવા ।**
**તેસિં ચઉત્થાહારો, સત્તહિં થોવેહિં ઊસાસો ॥૧૭૬॥**

જે દેવો જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષના આયુષ્યને ધારણ કરે છે તેમનો આહાર એકાંતરે અને ઉચ્છ્વાસ સાત સ્તોકે હોય છે. (૧૭૬)

Deities having lifespan of 10,000 years take their food on alternate days and they breathe at the intervals of seven stokās. 176

**આહિવાહિવિમુક્કસ્સ, નિસાસૂસ્સાસ એગગો ।**
**પાણુ સત્ત ઈમો થોવો, સોવિ સત્તગુણો લવો ॥૧૭૭॥**
**લવસત્તહત્તરીએ હોઈ, મુહુત્તો ઈમંમિ ઊસાસા ।**
**સગતીસસય તિહુત્તર, તીસગુણા તે અહોરત્તે ॥૧૭૮॥**
**લક્ખં તેરસ સહસા, નઉયસયં અયરસંખયા દેવે ।**
**પક્ખેહિં ઊસાસે, વાસસહસ્સેહિં આહારો ॥૧૭૯॥**

આધિ-વ્યાધિથી રહિત મનુષ્યનો ૧ શ્વાસોચ્છ્વાસ તે પ્રાણ છે, ૭ પ્રાણ તે ૧ સ્તોક છે, સાત ગુણો સ્તોક તે ૧ લવ છે, ૭૭ લવનો ૧ મુહૂર્ત છે, ૧ મુહૂર્તમાં ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ છે, તેને ત્રીસ ગુણા કરતા ૧ અહોરાત્રમાં ૧,૧૩,૧૯૦ શ્વાસોચ્છ્વાસ છે. સાગરોપમની સંખ્યાવડે દેવમાં પખવાડિયે શ્વાસોચ્છ્વાસ અને હજાર વરસે આહાર હોય છે. (૧૭૭, ૧૭૮, ૧૭૯)

A complete single breath (inhale and exhale) of a healthy person free from Ādhi and vyādhi (physical and mental uneasiness) is called as 'Prāna.'

7 Prānās = 1 Stoka
7 Stokās = 1 Lava
77 Lavās = 1 Muhurta
1 Muhurta = 3773 Prānās = 1,67,77,216 Āvalikās
30 Muhurtās = 1 Ahorātra = 1,13,190 Prānās
30 Ahorātrās = 1 Month = 33,95,700 Prānās
12 Months = 1 Year = 4,07,48,400 Prānās

Deities breathe after an interval of fortnight (15 days) and take food after an interval of 1000 years. The number of fortnights and 1,000 years is equal to the number of Sāgaropamās of their respective lifespan. (For ex. Deities having lifespan of 10 sāgaropamās breathe after an interval of 10 fortnights and take food after an interval of 10,000 years.) 177-178-179

**દસ વાસસહસ્સુવરિં, સમયાઈ જાવ સાગરં ઊણં ।**
**દિવસ મુહુત્ત પુહુત્તા, આહારૂસાસ સેસાણં ॥૧૮૦॥**

૧૦,૦૦૦ વર્ષથી ઉપર સમય વગેરેથી માંડીને ૧ સાગરોપમથી ઓછા આયુષ્યવાળા બાકીના દેવોના આહાર અને ઉચ્છ્વાસ ક્રમશઃ દિવસપૃથક્ત્વે અને મુહૂર્તપૃથક્ત્વે થાય છે. (૧૮૦)

Deities whose lifespan is more than 10,000 years and

less than Sāgaropama take food after an interval of 2 to 9 days and breathe after an interval of 2 to 9 muhurtās. 180

**સરીરેણ ઓયાહારો, તયાઈ ફાસેણ લોમઆહારો ।**
**પક્ખેવાહારો પુણ, કાવલિઓ હોઈ નાયવ્વો ॥૧૮૧॥**

શરીર વડે ઓજાહાર હોય છે, ત્વચાના સ્પર્શ વડે લોમાહાર હોય છે અને પ્રક્ષેપાહાર કોળીયાનો હોય છે એમ જાણવું. (૧૮૧)

The food taken by the Taijas, Kārmana and Audārika mishra body is known as 'Ojāhāra' (i.e. Āhāra taken from the first moment of new birth upto 48 minutes (in the womb). The food taken by the skin pores is known as 'Lomāhāra' (i.e. Āhāra taken after the development of the body (in womb) till the end of life). The food taken by hands and swallowed by mouth is known as 'Prakshepāhāra.' 181

**ઓયાહારા સવ્વે, અપજ્જત્ત પજ્જત્ત લોમઆહારો ।**
**સુર-નિરય-ઈગિંદિ વિણા, સેસા ભવત્થા સપક્ખેવા ॥૧૮૨॥**

બધા અપર્યાપ્તા જીવો ઓજાહારવાળા છે, પર્યાપ્તા જીવો લોમાહારાવાળા છે, દેવો-નારકો-એકેન્દ્રિય સિવાયના શેષ સંસારી જીવો પ્રક્ષેપ આહારવાળા છે. (૧૮૨)

All the living beings, during Aparyāpta period (the first 48 minutes of birth approximately) have Ojāhāra and in Paryāpta period have Lomāhāra. Living beings except deities, hell dwellers and Ekendriyās have Prakshepāhāra. 182

**સચિત્તાચિત્તોભયરૂવો, આહાર સવ્વતિરિયાણં ।**
**સવ્વનરાણં ચ તહા, સુરનેરઈયાણ અચ્ચિત્તો ॥૧૮૩॥**

બધા તિર્યંચોનો અને બધા મનુષ્યોનો આહાર સચિત્ત-અચિત્ત-ઉભયરૂપ છે. દેવો-નારકોનો આહાર અચિત્ત હોય છે. (૧૮૩)

The food of human beings and animals is of 3

types 1) Sacitta (living) 2) Acitta (lifeless) 3) Mishra (mix). The food of deities and helldwellers is only acitta type. 183

**આભોગાડણાભોગા, સવ્વેસિં હોઈ લોમઆહારો ।**
**નિરયાણં અમણુન્નો, પરિણમઈ સુરાણ સમણુન્નો ॥૧૮૪॥**

બધા જીવોનો લોમાહાર જાણતા અને અજાણતા થાય છે. નારકીઓને તે અશુભરૂપે પરિણમે છે અને દેવોને તે શુભરૂપે પરિણમે છે. (૧૮૪)

Knowingly and unknowingly all living beings take Lomāhāra. The Lomāhāra of helldwellers is always unpleasant, while that of deities is always pleasent.184

**તહ વિગલનારયાણં, અંતમુહુત્તા સ હોઈ ઉક્કોસો ।**
**પંચિંદિતિરિનરાણં, સાહાવિઓ છટ્ઠઅટ્ઠમઓ ॥૧૮૫॥**

વિકલેન્દ્રિય અને નારકોને તે આહાર ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તે હોય છે. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોનો સ્વાભાવિક આહાર ઉત્કૃષ્ટથી ક્રમશઃ છઠ્ઠે અને અઠ્ઠમે હોય છે. (૧૮૫)

Vikalendriyās and helldwellers have constant desire for food, still the maximum interval of food can be some less than one muhurta. The five sensed animals and human beings (of first four ārās (era) have the maximum interval of food of forty-eight hours and seventy-two hours respectively. (This is to be understood generally, else they can practice fasts upto several days.)185

**વિગ્ગહગઈમાવન્ના, કેવલિણો સમુહયા અજોગી ય ।**
**સિદ્ધા ય અણાહારા, સેસા આહારગા જીવા ॥૧૮૬॥**

વિગ્રહગતિ પામેલા, સમુદ્ઘાતવાળા કેવલીઓ, અયોગી કેવલીઓ અને સિદ્ધો અણાહારી છે, શેષ જીવો આહારક છે. (૧૮૬)

Souls in Vigrahagati (transition of soul from one birth to another), souls in third, fourth and fifth moments of

Kevalisamudghāta, Ayogi kevali and souls who have attained salvation are Anāhāri (i.e. they don't take food). Rest of the living being are Āhāri (i.e. they take food). 186

**કેસટ્ઠિ-મંસ-નહ-રોમ-રુહિર-વસ-ચમ્મ-મુત્ત-પુરિસેહિં ।**
**રહિયા નિમ્મલદેહા, સુગંધનીસાસ ગયલેવા ॥૧૮૭॥**
**અંતમુહુત્તેણં ચિય, પજ્જત્તા તરુણપુરિસસંકાસા ।**
**સવ્વંગભૂસણધરા, અજરા નિરુયા સમા દેવા ॥૧૮૮॥**

દેવો કેશ-હાડકા-માંસ-નખ-રોમ-લોહી-ચરબી-મૂત્ર-વિષ્ટાથી રહિત નિર્મળ શરીરવાળા, સુગંધી શ્વાસોચ્છ્‌વાસવાળા, લેપ (પરસેવા)થી રહિત, અંતર્મુહૂર્તમાં પર્યાપ્તા થનારા, યુવાન પુરુષ જેવા, બધા અંગો ઉપર અલંકારોને ધારણ કરનારા, જરા (ઘડપણ) રહિત, રોગરહિત અને સમચતુરસ્રસંસ્થાનવાળા હોય છે. (૧૮૭- ૧૮૮)

The divine bodies of deities are without hairs, bones, flesh, nails, fur (i.e. small hairs on the body), blood, fat, skin, urine, excreta etc. They are completly clean. Deities have fragrant breath. There bodies are free from sweat. They become young (same as a man of 25 year's age) within an antarmuhurta from birth. Their bodies are destitute of oldness and diseases. They are always adorned with ornaments and have Samacaturasra sansthāna. 187-188

**અણિમિસનયણા મણ-કજ્જસાહણા પુપ્ફદામઅમિલાણા ।**
**ચઉરંગુલેણ ભૂમિં, ન છિવન્તિ સુરા જિણા બિંતિ ॥૧૮૯॥**

અનિમેષ નયનવાળા, મનથી કાર્ય સાધનારા, નહીં કરમાયેલી ફૂલની માળાવાળા દેવો ભૂમિને ચાર આંગળ વડે સ્પર્શતા નથી એમ જિનેશ્વરો કહે છે. (૧૮૯)

It is said by the Teerthankarās that deities never twinkle their eyes. All their works and wishes are fulfilled just by thinking. The flowers of their garlands never wither

(until 6 months before their death). They always remain four fingers above the earth (i.e. their foot never touches the earth). 189

**પંચસુ જિણકલ્લાણેસુ ચેવ, મહરિસિતવાણુભાવાઓ ।**
**જમ્મંતરનેહેણ ય, આગચ્છન્તિ સુરા ઈહઈ ॥૧૯૦॥**

જિનેશ્વરોના પાંચ કલ્યાણકોમાં, મહર્ષિના તપના પ્રભાવથી અને અન્ય જન્મના સ્નેહથી દેવો અહીં આવે છે. (૧૯૦)

Deities come on the earth on the occasions of five Kalyānakās of Teerthankarās or attracted by the glory of magnificent penance of great rishi (saints) or due to the attachment of previous birth. 190

**સંકંતદિવ્વપેમા, વિસયપસત્તાડસમત્તકત્તવ્વા ।**
**અણહીણમણુયકજ્જા, નરભવમસુહં ન ઈંતિ સુરા ॥૧૯૧॥**
**ચત્તારિ પંચ જોયણસયાઈં, ગંધો ય મણુયલોગસ્સ ।**
**ઉડ્ઢં વચ્ચઈ જેણં, ન હુ દેવા તેણ આવન્તિ ॥૧૯૨॥**

સંક્રાન્ત થયેલા દિવ્ય પ્રેમવાળા, વિષયમાં આસક્ત, સમાપ્ત નથી થયા કર્તવ્ય જેમના એવા, મનુષ્યોને અનાધીન કાર્યવાળા દેવો અશુભ મનુષ્યભવમાં નથી આવતા. જે કારણથી મનુષ્યલોકની ગંધ ૪૦૦ કે ૫૦૦ યોજન ઉપર જાય છે તે કારણથી દેવો અહીં આવતા નથી. (૧૯૧, ૧૯૨)

Deities do not visit the earth because :

1) They are fully absorbed in the divine pleasures, sensual pleasures and divine love of female deities. 2) They are busy in the routine activities of heaven. 3) They are not dependent on human for any work. 4) Due to the stinking air of the human world which is always spreading upto 400 yojanās above the earth. 191-192

**દો કપ્પ પઢમપુઢવિં, દો દો દો બીય-તઈયગ-ચઉત્થિં ।**
**ચઉ ઉવરિમ ઓહીએ, પાસન્તિ પંચમં પુઢવિં ॥૧૯૩॥**
**છટ્ઠિં છ ગેવિજ્જા, સત્તમિમીયરે અણુત્તરસુરા ઉ ।**
**કિંચૂણ લોગનાલિં, અસંખદીવુદહિ તિરિયં તુ ॥૧૯૪॥**
**બહુઅયરગં ઉવરિમગા, ઉડ્ઢં સવિમાણચુલિયધયાઈ ।**
**ઊણદ્ધ સાગરે સંખ-જોયણા તપ્પરમસંખા ॥૧૯૫॥**

બે દેવલોકના દેવો પહેલી પૃથ્વીને, બે-બે-બે દેવલોકના દેવો ક્રમશઃ બીજી-ત્રીજી-ચોથી પૃથ્વીને, ઉપરના ચાર દેવલોકના દેવો પાંચમી પૃથ્વીને અવધિજ્ઞાનથી જુવે છે. છ ગ્રૈવેયકના દેવો છઠ્ઠી પૃથ્વીને, ત્રણ ગ્રૈવેયકના દેવો સાતમી પૃથ્વીને, અનુત્તર દેવો કંઈક ન્યૂન લોકનાલીને અવધિજ્ઞાનથી જુવે અને તીર્ચ્છા અસંખ્ય દ્વીપ-સમુદ્રોને જુવે છે. ઉપરના દેવો તીર્ચ્છું ઘણું જુવે. ઉપર પોતાના વિમાનની ચૂલિકાની ધજા સુધી જુવે. અડધા સાગરોપમથી ઓછા આયુષ્યવાળા દેવો સંખ્યાતા યોજન સુધી જુવે, તેનાથી વધુ આયુષ્યવાળા દેવો અસંખ્ય યોજન સુધી જુવે. (૧૯૩, ૧૯૪, ૧૯૫)

**Visualization power of the deities due to Avadhigyāna (supernatural visual power)**

Deities of first and second heavens can visualize upto first earth (hell).

Deities of third and fourth heavens can visualize upto second earth (hell).

Deities of fifth and sixth heavens can visualize upto third earth (hell).

Deities of seventh and eighth heavens can visualize upto fourth earth (hell).

Deities of ninth, tenth, eleventh and twelfth heavens can visualize upto fifth earth (hell).

Deities of first six graiveyakās heaven can visualize upto sixth earth (hell).

Deities of last three graiveyakās can visualize upto seventh earth (hell).

Deities of five anuttarās can visualize some short distance less than the complete Lokanālikā (i.e. all the three worlds inhabitated by living beings). Horizontally all the deities can visualize innumerable islands and oceans. The upper deities visualize more in the horizontal direction than the former (below) ones. All the deities can visualize above upto the flags of their respective vimānās. Deities having lifespan less than $\frac{1}{2}$ sāgaropama can visualize upto numerable yojanās. Deities having lifespan of more than $\frac{1}{2}$ sāgaropama can visualize upto innumerable yojanās. 193-194-195

**પણવીસ જોયણ લહુ, નારય-ભવણ-વણ-જોઈ-કપ્પાણં ।**
**ગેવિજ્જડણુત્તરાણ ય, જહસંખં ઓહિઆગારા ॥૧૯૬॥**
**તપ્પાગારે પલ્લગ પડહગ-ઝલ્લરિ-મુઈંગ-પુપ્ફ-જવે ।**
**તિરિયમણુએસુ ઓહી, નાણાવિહસંઠિઓ ભણિઓ ॥૧૯૭॥**

ભવનપતિ-વ્યન્તર જઘન્યથી ૨૫ યોજન જુવે. નારકી, ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ, ૧૨ દેવલોક, ગ્રૈવેયક, અનુત્તરના દેવોના અવધિજ્ઞાનના આકારો ક્રમશઃ ત્રાપો, પ્યાલો, ઢોલ, ઝાલર, મૃદંગ, પુષ્પચંગેરી, જવનાલક (કન્યાનો કંચુક સહિત ચણીયો)ના આકારે છે. તિર્યંચો અને મનુષ્યોમાં અવધિજ્ઞાન વિવિધ સંસ્થાનોવાળું કહ્યું છે. (૧૯૬, ૧૯૭)

Bhavanapati and Vyantara deities can visualize at least upto 25 yojanās. **Shapes of the visualization area of the deities is as follows :-**

| Deities of | Shape of the area visualized by Avadhigyāna. |
|---|---|
| Bhavanapati | Pyālā (Vessel with a particular shape) |
| Vyantara | Pataha (Drum type) |
| Jyotisha | Zāllar (may be - tambourine) |
| 12 heavens | Mridanga (A type of drum) |
| 9 graiveyakās | Flower basket (fully loaded with flowers) |
| 5 anuttarās | Javanālaka (Blouse attached with petticoat). |

Shape of the area visualized by Avadhigyāna by helldwellers is like Trāpo (Raft type triangular boat) and by the human beings and tiryancās (animals) is of different shapes. 196-197

**ઉડ્ઢં ભવણવણાણં, બહુગો વેમાણિયાણડહો ઓહી ।**
**નારય-જોઈસ તિરિયં, નરતિરિયાણં અણેગવિહો ॥૧૯૮॥**

ભવનપતિ-વ્યન્તરનું અવધિજ્ઞાન ઉપર વધુ હોય છે, વૈમાનિકોનું અવધિજ્ઞાન નીચે વધુ હોય છે, નારકી-જ્યોતિષનું અવધિજ્ઞાન તીર્છું વધુ હોય છે, મનુષ્યો-તિર્યંચોનું અવધિજ્ઞાન અનેક પ્રકારનું છે. (૧૯૮)

The range of Avadhigyāna of Bhavanapati and Vyantara deities is more in upper direction, of Vaimānika deities is more in downward direction of Jyotisha deities and hell dwellers is more in horizontal direction and of human beings and animals is of many types (random in all directions.) 198

**ઈય દેવાણં ભણિયં, ઠિઈપમુહં નારયાણ વુચ્છામિ ।**
**ઈગ તિન્નિ સત્ત દસ સત્તર, અયર બાવીસ તિત્તીસા ॥૧૯૯॥**
**સત્તસુ પુઢવીસુ ઠિઈ, જિટ્ઠોવરિમા ય હિટ્ઠ પુઢવીએ ।**
**હોઈ કમેણ કણિટ્ઠા, દસવાસસહસ્સ પઢમાએ ॥૨૦૦॥**

આમ દેવોના સ્થિતિ વગેરે કહ્યા. હવે નારકીઓના કહીશ. સાત નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨, ૩૩ સાગરોપમ છે. ઉપરની પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ નીચેની પૃથ્વીની જઘન્ય સ્થિતિ છે. પહેલી પૃથ્વીની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. (૧૯૯- ૨૦૦)

Having said the sthiti etc. aspects of deities, I shall now describe the same aspects of the hell dwellers.

**The maximum and minimum lifespan of hell dwellers.**

| Hell | Maximum lifespan | Minimum lifespan |
|---|---|---|
| First | One sāgaropama | 10,000 years |
| Second | Three sāgaropamās | One sāgaropama |
| Third | Seven sāgaropamās | Three sāgaropamās |
| Fourth | Ten sāgaropamās | Seven sāgaropamās |
| Fifth | Seventeen sāgaropamās | Ten sāgaropamās |
| Sixth | Twenty-two sāgaropamās | Seventeen sāgaropamās |
| Seventh | Thirty-three sāgaropamās | Twenty-two sāgaropamās |

199-200

**નવઈ સમ સહસ લક્ખા, પુવ્વાણં કોડી અયર દસ ભાગ ।**
**ઈક્કિક્ક ભાગ વુઢ્ઢી, જા અયરં તેરસે પયરે ॥૨૦૧॥**
**ઈઅ જિટ્ઠ જહન્ના પુણ, દસવાસસહસ્સ લક્ખ પયર દુગે ।**
**સેસેસુ ઉવરિ જિટ્ઠા, અહો કણિટ્ઠાઉ પઈ પુઢવિં ॥૨૦૨॥**

૯૦,૦૦૦ વર્ષ, ૯૦ લાખ વર્ષ, ૧ ક્રોડ પૂર્વ, $\frac{૧}{૧૦}$ સાગરોપમ, ૧-૧ ભાગની વૃદ્ધિ યાવત્ ૧૩મા પ્રતરમાં ૧ સાગરોપમ - આ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. જઘન્ય સ્થિતિ બે પ્રતરમાં ૧૦,૦૦૦ વર્ષ અને ૧ લાખ વર્ષ, શેષ પ્રતરોમાં દરેક પૃથ્વીમાં ઉપરના પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ નીચેના પ્રતરની જઘન્ય સ્થિતિ છે. (૨૦૧- ૨૦૨)

**Maximum and minimum lifespan in the 13 prataras of the first hell are as follows :-**

| Pratara | Maximum lifespan | Minimum lifespan |
|---|---|---|
| First | 90,000 years | 10,000 years |
| Second | 90,00,000 years | 10,00,000 years |
| Third | One crore poorva years | 90,00,000 years |
| Fourth | $\frac{1}{10}$ sāgaropama | One crore poorva years |
| Fifth | $\frac{2}{10}$ sāgaropama | $\frac{1}{10}$ sāgaropama |
| Sixth | $\frac{3}{10}$ sāgaropama | $\frac{2}{10}$ sāgaropama |
| Seventh | $\frac{4}{10}$ sāgaropama | $\frac{3}{10}$ sāgaropama |
| Eighth | $\frac{5}{10}$ sāgaropama | $\frac{4}{10}$ sāgaropama |
| Ninth | $\frac{6}{10}$ sāgaropama | $\frac{5}{10}$ sāgaropama |
| Tenth | $\frac{7}{10}$ sāgaropama | $\frac{6}{10}$ sāgaropama |
| Eleventh | $\frac{8}{10}$ sāgaropama | $\frac{7}{10}$ sāgaropama |
| Twelfth | $\frac{9}{10}$ sāgaropama | $\frac{8}{10}$ sāgaropama |
| Thirteenth | One sāgaropama | $\frac{9}{10}$ sāgaropama |

201-202

**ઉવરિખિઇઠિઇવિસેસો, સગપયરવિહત્તુ ઇચ્છસંગુણિઓ ।**
**ઉવરિમખિઇઠિઇસહિઓ ઇચ્છિયપયરંમિ ઉક્કોસા ॥૨૦૩॥**

ઉપરની પૃથ્વીની સ્થિતિના તફાવતને પોતાના પ્રતરથી ભાગી ઇષ્ટ પ્રતરથી ગુણી ઉપરની પૃથ્વીની સ્થિતિથી સહિત તે ઇષ્ટ પ્રતરમાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે (૨૦૩)

**Formula for obtaining lifespans of all the prataras of other hells is as follows :-**

**1)** Subtract the maximum lifespan of previous hell from the maximum lifespan of the respective hell. **2)** Divide the answer with the total number of pratarās. **3)** Multiply the answer with the number of expected pratara. **4)** Add the maximum lifespan of the previous hell to the obtained answer. (For ex. lifespan of the first pratara of second hell. 1) 3 sāgaropama - 1 sāgaropama = 2 sāgaropama

2) $2 \div 11 = \frac{2}{11}$ 3) $\frac{2}{11} \times 1 = \frac{2}{11}$ 4) $\frac{2}{11}$ + 1 sāgaropama

$= 1\frac{2}{11}$ sāgaropama. 203

**બંધણ ગઈ સંઠાણા, ભેયા વન્ના ય ગંધ રસ ફાસા ।**
**અગુરુલહુ સદ્દ દસહા, અસુહા વિય પુગ્ગલા નિરએ ॥૨૦૪॥**

બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, શબ્દ-એ દશ પ્રકારના અશુભ પુદ્ગલ (પરિણામો) નરકમાં છે. (૨૦૪)

1) Bandhana (contact of matter particles) 2) Gati (walking style and place) 3) Sansthāna (body structure) 4) Bhed (getting apart from any place) 5) Varna (colour-scene) 6) Gandha (smell) 7) Rasa (taste) 8) Sparsha (touch) 9) Agurulaghu parināma 10) Sabda (words); all the ten aspects in the hell are grottiest and dreadful. 204

**નરયા દસવિહ વેયણ, સીઉસિણ-ખુહ-પિવાસ-કંડૂહિં ।**
**પરવસ્સં જરં દાહં, ભયં સોગં ચેવ વેયંતિ ॥૨૦૫॥**

નારકીઓ ૧૦ પ્રકારની વેદના ભોગવે છે - ઠંડી, ગરમી, ભૂખ, તરસ, ખંજવાળ, પરવશતા, તાવ, દાહ, ભય અને શોક. (૨૦૫)

1) Extreme cold 2) Extreme heat 3) Unberable hunger 4) Unquenching thirst 5) Harsh itching sensation 6) Total helplessness 7) Terrible fever 8) Intolerable

burning sensation 9) Horrific fear 10) Groaning griefs; these are the ten types of severe unberable pains, which the hell dwellers are constantly suffering. 205

**સત્તસુ ખિત્તજવિયણા, અન્નન્નકયાવિ પહરણેહિ વિણા ।**
**પહરણકયા વિ પંચસુ, તિસુ પરમાહમ્મિયકયાવિ ॥૨૦૬॥**

સાતે પૃથ્વીમાં ક્ષેત્રજ અને પ્રહરણ વિના પરસ્પરકૃત વેદના હોય છે. પાંચ પૃથ્વીમાં પ્રહરણકૃત વેદના પણ હોય છે. ત્રણ પૃથ્વીમાં પરમાધામીકૃત વેદના પણ હોય છે. (૨૦૬)

There are three types of Vedanās in the hell. They are :

1) Kshetrakruta Vedanā (i.e. Pain originated due to the environment of that hell.) It is in all the seven hells.

2) Anyonyakruta Vedanā. (i.e. Pain inflicted by the hell dwellers to each other.) It is of two types. 1) Without weapons - It is in all the seven hells 2) With weapons - It is in only first five hells.

3) Paramādhāmikruta Vedanā (Pain caused by the meanest deities) It is in only first three hells. 206

**રયણપ્પહ સક્કરપહ, વાલુયપહ પંકપહ ય ધૂમપહા ।**
**તમપહા તમતમપહા, કમેણ પુઢવીણ ગોત્તાઈં ॥૨૦૭॥**

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃ પ્રભા-આ ક્રમશઃ સાત પૃથ્વીના ગોત્ર છે. (૨૦૭)

Ratnaprabhā, Sharkarāprabhā, Vālukāprabhā, Pankaprabhā, Dhoomaprabhā, Tamahprabhā, Tamastamahprabhā are the seven Gotrās (i.e. name according to their environmental conditions) of the seven hells. 207

**ઘમ્મા વંસા સેલા, અંજણ રિટ્ઠા મઘા ય માઘવઈ ।**
**નામેહિં પુઢવીઓ, છત્તાઈછત્ત સંઠાણા ॥૨૦૮॥**

ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી - આ નામો વડે સાત પૃથ્વીઓ છત્રાતિછત્રના આકારે રહેલી છે. (૨૦૮)

Gharmā (Dharmā), Vanshā, Shailā, Anjanā, Rishtā, Maghā, Māghavati are the names of the seven hells. These hells are one below other in the form of turned-down umbrellas placed one above another (i.e. the smaller ones above and the larger umbrellas below.) 208

**અસીઈ બત્તીસ અડવીસ, વીસા અટ્ઠાર સોલ અડ સહસ્સા ।**
**લક્ખુવરિ પુઢવિપિંડો, ઘણુદહિ-ઘણવાય-તણુવાયા ॥૨૦૯॥**
**ગયણં ચ પઈટ્ઠાણં, વીસસહસ્સાઈં ઘણુદહી પિંડો ।**
**ઘણતણુવાયાગાસા, અસંખજોયણજુયા પિંડે ॥૨૧૦॥**

૧ લાખની ઉપર ૮૦ હજાર, ૩૨ હજાર, ૨૮ હજાર, ૨૦ હજાર, ૧૮ હજાર, ૧૬ હજાર, ૮ હજાર યોજન, એ પૃથ્વીપિંડ છે. તેમાં નીચે ઘનોદધિ, ઘનવાત, તનવાત અને આકાશ આધાર છે. ઘનોદધિનો પિંડ ૨૦,૦૦૦ યોજન છે. ઘનવાત- તનવાત-આકાશનો પિંડ અસંખ્ય યોજનયુક્ત છે. (૨૦૯- ૨૧૦)

Thickness (height) of these seven hells is 1,80,000 yojanās, 1,32,000 yojanās, 1,28,000 yojanās, 1,20,000 yojanās, 1,18,000 yojanās, 1,16,000 yojanās, 1,08,000 yojanās respectively. Below each hell there are layers of Ghanodadhi, Ghanavāta, Tanavāta and Ākāsha. In the bottom (middle-part) the layer of Ghanodadhi is 20,000 yojanās thick whereas the layers of Ghanavāta, Tanavāta and Ākāsha are innumerable yojanās thick. 209-210

**ન ફુસંતિ અલોગં, ચઉદિસંપિ પુઢવીઉ વલયસંગહિયા ।**
**રયણાએ વલયાણં, છદ્ધપંચમજોયણં સડ્ઢં ॥૨૧૧॥**
**વિક્ખંભો ઘણઉદહી, ઘણતણુવાયાણ હોઈ જહસંખં ।**
**સતિભાગ ગાઉયં, ગાઉયં ચ તહ ગાઉયતિભાગો ॥૨૧૨॥**

**પઢમમહીવલએસું, ખિવિજ્જ એયં કમેણ બીયાએ ।**
**દુ-તિ-ચઉ-પંચ-છ-ગુણં, તઈયાઈસુ તંપિ ખિવ કમસો ॥૨૧૩॥**
**મજ્ઝે ચિય પુઢવીઅહે, ઘણુદહિપમુહાણ પિંડપરિમાણં ।**
**ભણિયં તઓ કમેણં, હાયઈ જા વલયપરિમાણં ॥૨૧૪॥**

વલયોથી વીંટાયેલી પૃથ્વીઓ ચારેય દિશામાં અલોકને સ્પર્શતી નથી. રત્નપ્રભાના ઘનોદધિ, ઘનવાત, તનવાતના વલયો ક્રમશઃ ૬, ૪$\frac{૧}{૨}$, ૧$\frac{૧}{૨}$ યોજન જાડા છે. પહેલી પૃથ્વીના વલયોમાં ૧$\frac{૧}{૩}$ ગાઉ, ૧ ગાઉ અને $\frac{૧}{૩}$ ગાઉ ઉમેરતા એ ક્રમશઃ બીજી પૃથ્વીના વલયોની પહોળાઈ છે. તેને ૨, ૩, ૪, ૫, ૬ ગુણા કરી ઉમેરવાથી ક્રમશઃ ત્રીજી વગેરે પૃથ્વીમાં વલયોની જાડાઈ આવે છે. પૃથ્વીની નીચે મધ્યભાગે જ ઘનોદધિ વગેરેના પિંડનું પરિમાણ કહ્યુ છે, ત્યાર પછી ક્રમશઃ વલયના પરિમાણ સુધી ઘટે છે. (૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪)

The hells are surrounded by these layers from all the sides, hence they have no touch with the Aloka (non-world). These (bowl shaped) layers are gradually decreasing on the upper sides. The thickness of Ghanodadhi, Ghanavāta and Tanavāta on the upper sides of the first hell is 6 yojanās, 4 $\frac{1}{2}$ yojanās and 1 $\frac{1}{2}$ yojanās respectively. By adding 1 $\frac{1}{3}$ gāu, 1 gāu and $\frac{1}{3}$ gāu respectively to the thickness of the three layers of the first hell, we get the thickness of the three layers of the second hell. On multiplying the above mentioned three (addition) measures with 2, 3, 4, 5, 6 and adding them to the measures of first hell we get the thickness of the three layers of third, fourth, fifth, sixth, seventh hells respectively. 211-212-213-214

**તીસ પણવીસ પન્નરસ, દસ તિન્નિ પણૂણ એગ લક્ખાઇં ।**
**પંચ ય નરયા કમસો, ચુલસી લક્ખાઈં સત્તસુ વિ ॥૨૧૫॥**

૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, ૫ ન્યૂન ૧ લાખ અને પાંચ નરકાવાસો ક્રમશઃ સાત પૃથ્વીઓમાં છે. સાતેમાં ૮૪ લાખ નરકાવાસ છે. (૨૧૫)

The number of narakāvāsās (residential abodes of hell dwellers) of the seven hells are 30 lakhs, 25 lakhs, 15 lakhs, 10 lakhs, 3 lakhs, 5 less in 1 lakh and 5 respectively. The grand total of all the narakāvāsās is 84 lakhs. 215

**તેરિક્કારસ નવ સગ, પણ તિન્નિગ પયર સવ્વિગુણવન્ના ।**
**સીમંતાઈ અપ્પઈ-ઠાણંતા ઈંદયા મજ્ઝે ॥૨૧૬॥**

સાત પૃથ્વીમાં ક્રમશઃ ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩, ૧ પ્રતરો છે. કુલ ૪૯ પ્રતર છે. તેમની વચ્ચે સીમન્તકથી માંડીને અપ્રતિષ્ઠાન સુધીના ઈન્દ્રક નરકાવાસ છે. (૨૧૬)

The number of pratarās of the seven hells are 13, 11, 9, 7, 5, 3, 1 respectively. The grand total of pratarās is 49. The name of the first Indrakanarakāvāsa is 'Simantaka' and the name of the last Indrakanarakāvāsa is 'Apratisthāna.' 216

**તેહિંતો દિસિવિદિસિં, વિણિગ્ગયા અટ્ઠ નિરયઆવલીયા ।**
**પઢમે પયરે દિસિ, ઈગુણવન્ન વિદિસાસુ અડયાલા ॥૨૧૭॥**
**બીયાઈસુ પયરેસુ, ઈગ ઈગ હીણા ઉ હુન્તિ પંતીઓ ।**
**જા સત્તમમહીપયરે, દિસી ઈક્કિક્કો વિદિસિ નત્થિ ॥૨૧૮॥**

તે ઈન્દ્રક નરકાવાસોથી દિશા-વિદિશામાં નરકાવાસોની ૮ આવલિઓ નીકળેલી છે. પહેલા પ્રતરમાં દિશામાં ૪૯ અને વિદિશામાં ૪૮ નરકાવાસ છે. બીજા વગેરે પ્રતરોમાં પંક્તિઓ ૧- ૧ હીન નરકાવાસવાળી છે, યાવત્ સાતમી પૃથ્વીના પ્રતરમાં દિશામાં ૧-૧ નરકાવાસ છે અને વિદિશામાં નરકાવાસ નથી. (૨૧૭-૨૧૮)

There are eight rows of Āvalikāgata narakāvāsa in four directions and four sub-directions around the

Indrakanarakāvāsa (which is in the centre of every pratara. In the first pratara (of the first hell) there are 49 narakāvāsās in each direction and 48 narakāvāsās in each sub-direction. (i.e. South-east etc.) From the second pratara onwards (upto the last-one) one-one narakāvāsa is less in each direction and sub-direction. Hence, in the last 49th pratara there is one-one narakāvāsa in each direction and none in the sub-directions. 217-218

**ઇટ્ઠપયરેગદિસિ સંખ, અડગુણા ચઉવિણા સઇગસંખા ।**
**જહ સીમંતયપયરે, એગુણનઉયા સયા તિન્નિ ॥૨૧૯॥**
**અપઈટ્ઠાણે પંચ ઉ, પઢમો મુહમંતિમો હવઈ ભૂમી ।**
**મુહભૂમીસમાસદ્ધં, પયરગુણં હોઈ સવ્વધણં ॥૨૨૦॥**

ઇષ્ટ પ્રતરની એક દિશાની નરકાવાસની સંખ્યાને ૮થી ગુણી, તેમાં ૪ ઓછા કરી ૧ ઉમેરવો, જેમકે સીમન્તક પ્રતરમાં ૩૮૯ નરકાવાસ થાય. અપ્રતિષ્ઠાન પ્રતરમાં ૫ નરકાવાસ છે. પહેલો મુખ છે. છેલ્લો ભૂમિ છે. મુખ અને ભૂમિનો સરવાળો કરી અર્ધ કરી પ્રતર સાથે ગુણતા નરકાવાસની કુલ સંખ્યા આવે. (૨૧૯-૨૨૦)

**Formula for obtaining the total number of narakāvāsās in each pratara :-**

**1)** Multiply the number of narakāvāsās of one direction of the expected pratara with eight. **2)** Subtract four from the answer. **3)** Add one (for Indrakanarakāvāsa) to the answer. (For ex. First pratara = 49 narakāvāsa **1)** 49 x 8 = 392 **2)** 392 - 4 = 388 **3)** 388 + 1 = 389 narakāvāsās.)

**Formula for obtaining the total number of narakāvāsās of any hell is as follows :-**

Total number of narakāvāsās of the first pratara is called 'Mukha' and of the last pratara is called 'Bhoomi' **1)** Add 'Mukha' and 'Bhoomi' narakāvāsās. **2)** Divide the

answer by two. **3)** Multiply the answer with the total number of pratarās of the expected hell. (for ex. In first hell, Mukha = 389, Bhoomi = 293 **1)** 389+293 = 682 **2)** 682 ÷ 2 = 341 **3)** 341 x 13 = 4433 narakāvāsās) 219-220

**છન્નવઈસય તિવન્ના, સત્તસુ પુઢવીસુ આવલી નિરયા ।**
**સેસ તિયાસી લક્ખા, તિસય સિયાલા નવઈસહસા ॥૨૨૧॥**

સાત પૃથ્વીઓમાં આવલિકાગત નરકાવાસો ૯,૬૫૩ છે. શેષ ૮૩,૯૦,૩૪૭ પુષ્પાવકીર્ણ નરકાવાસો છે. (૨૨૧)

Altogether in seven hells there are 9653 Āvalikāgata narakāvāsās and 83,90,347 Pushpāvakirna narakāvāsās. (After subtracting the Āvalikāgata narakāvāsa and Indrakanarakāvāsa from the total number of narakāvāsās of each hell the result we get is the number of Pushpāvakirna narakāvāsās.) 221

**તિસહસ્સુચ્ચા સવ્વે, સંખમસંખિજ્જવિત્થડાયામા ।**
**પણયાલલક્ખ, સીમંતઓ ય લક્ખં અપઈટ્ઠાણો ॥૨૨૨॥**

બધા નરકાવાસો ૩૦૦૦ યોજન ઉંચા છે અને સંખ્યાતા-અસંખ્યાતા યોજન લાંબા-પહોળા છે. સીમન્તક નરકાવાસ ૪૫ લાખ યોજનનો છે અને અપ્રતિષ્ઠાન નરકાવાસ ૧ લાખ યોજનનો છે. (૨૨૨)

The narakāvāsās are of 3000 yojanās in height and numerable or innumerable yojanās in length and breadth. The first Simantaka Indrakanarakāvāsa is of 45 lakh yojanās (in diameter) and the last Apratishthana narakāvāsa is of 1 lakh yojanās (in diameter). 222

**છસુ હિટ્ઠોવરિ જોયણસહસ્સ, બાવન્ન સઢ્ઢ ચરિમાએ ।**
**પુઢવીએ નરયરહિયં, નરયા સેસંમિ સવ્વાસુ ॥૨૨૩॥**

છ પૃથ્વીઓમાં નીચે-ઉપર ૧૦૦૦ યોજન અને છેલ્લી પૃથ્વીમાં નીચે-ઉપર ૫૨,૫૦૦ યોજન નરકાવાસ રહિત છે. બધી પૃથ્વીઓમાં શેષ ક્ષેત્રમાં નરકાવાસો છે (૨૨૩)

In the first six hells, the narakāvāsās are located in the intervening space of their respective earths leaving 1000 yojanās above and below. In the seventh hell, the narakāvāsās are located in the intervening space of 3000 yojanās leaving off 52500 yojanās above and below. 223

**બિસહસ્સૂણા પુઢવી, તિસહસ્સગુણિએહિં નિયયપયરેહિં ।**
**ઊણા રૂવૂણનિયપયર-ભાઇયા પત્થડંતરયં ॥૨૨૪॥**

૨૦૦૦ યોજન ન્યૂન પૃથ્વીપિંડમાં ૩૦૦૦ વડે ગુણાયેલા પોતાના પ્રતરો ઓછા કરી એક ન્યૂન પોતાના પ્રતરો વડે ભાગવાથી પ્રતરોનું આંતરુ આવે છે. (૨૨૪)

**Formula for obtaining the distance between the pratarās of any hell.**

**1)** Multiply the number of pratarās of the expected hell with 3000. **2)** Subtract the answer from the result obtained by subtracting 2000. (i.e. of intervering space) from the total height of the hell. **3)** Divide the answer by one less in the total number of pratarās of that hell. The obtained answer is the distance between the two pratarās. (for ex. First hell's height = 1,80,000 yojanās.

**1)** 13 x 3000 = 39,000 **2a)** 1,80,000 - 2000 = 1,78,000 **2b)** 1,78,000 - 39,000 = 1,39,000 **3)** 1,39,000÷12 (13-1) = 11,583$\frac{1}{3}$ yojanās.) 224

**પઉણટ્ઠ ધણુ છ અંગુલ, રયણાએ દેહમાણમુક્કોસં ।**
**સેસાસુ દુગુણદુગુણં, પણ ધણુસય જાવ ચરમાએ ॥૨૨૫॥**

રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ શરીરમાન ૭$\frac{૩}{૪}$ ધનુષ્ય ૬ અંગુલ છે, શેષ પૃથ્વીઓમાં બમણું બમણું છે, યાવત્ છેલ્લી પૃથ્વીમાં ૫૦૦ ધનુષ્ય છે. (૨૨૫)

Maximum height of the helldwellers of the first hell is 7$\frac{3}{4}$ dhanushyās (Bow) and six angulās (fingers). Height of the hell dwellers of the latter hells is double than the

height of the hell dwellers of the former hells. Hence, the maximum height of the helldwellers of the seventh hell is 500 dhanushyās. 225

**રયણાએ પઢમપયરે, હત્થતિય દેહમાણમણુપયરં ।**

**છપ્પન્નંગુલસઢ્ઢા, વુઢ્ઢી જા તેરસે પુન્નં ॥૨૨૬॥**

રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ પ્રતરમાં શરીરમાન ૩ હાથ છે. ત્યાર પછી દરેક પ્રતરે ૫૬$\frac{૧}{૨}$ અંગુલની વૃદ્ધિ કરવી યાવત્ તેરમા પ્રતરે સંપૂર્ણ થાય. (૨૨૬)

The height of the hell dwellers of the first pratara of the first hell is three hands. To obtain the heights of the hell dwellers of the latter pratarās the height of 56 $\frac{1}{2}$ angulās should be added gradually. 226

**જં દેહપમાણં ઉવરિમાએ, પુઢવીએ અંતિમે પયરે ।**

**તં ચિય હિટ્ઠિમપુઢવીએ, પઢમપયરંમિ બોદ્ધવ્વં ॥૨૨૭॥**

ઉપરની પૃથ્વીના અંતિમ પ્રતરમાં જે શરીરમાન હોય તે જ નીચેની પૃથ્વીના પહેલા પ્રતરમાં જાણવું. (૨૨૭)

The height of the hell dwellers of the first pratara of the second to seventh hells is same as the height of the hell dwellers of the last pratara of the previous hells respectively. 227

**તં ચેગૂણગસગપયરભઇયં, બીયાઈ પયરવુઢ્ઢિ ભવે ।**

**તિકર તિઅંગુલ કરસત્ત, અંગુલા સઢ્ઢિગુણવીસં ॥૨૨૮॥**

**પણ ધણુ અંગુલ વીસં, પનરસ ધણુ દુન્નિ હત્થ સડ્ઢા ।**

**બાસટ્ઠિ ધણુહ સઢ્ઢા, પણ પુઢવી પયરવુઢ્ઢિ ઈમા ॥૨૨૯॥**

તેને ૧ ન્યૂન પોતાના પ્રતરો વડે ભાગતા બીજી વગેરે પૃથ્વીના પ્રતરોમાં વૃદ્ધિ થાય છે. ૩ હાથ ૩ અંગુલ, ૭ હાથ ૧૯$\frac{૧}{૨}$ આંગુલ, ૫ ધનુષ્ય ૨૦ અંગુલ, ૧૫ ધનુષ્ય ૨$\frac{૧}{૨}$ હાથ, ૬૨$\frac{૧}{૨}$ ધનુષ્ય આ પાંચ પૃથ્વીઓમાં દરેક પ્રતરે વૃદ્ધિ છે. (૨૨૮, ૨૨૯)

**Formula for obtaining the maximum height of the helldwellers of every pratara is as follows :-**

1) Divide the height of the helldwellers of the first pratara by one less in the total number of prataras of that hell. The answer is the increasement in the height of the hell dwellers of every pratara of that hell. So, the increasement in the height of hell dwellers of every pratara of second hell to sixth hell is 3 hands - 3 angulās, 7 hands - 19 $\frac{1}{2}$ angulās, 5 dhanushyās - 20 angulās, 15 dhanushyās - 2 $\frac{1}{2}$ hands, 62 $\frac{1}{2}$ dhanushyās respectively. 228-229

**ઈઅ સાહાવિય દેહો, ઉત્તરવેઉવ્વિઓ ય તદ્દુગુણો ।**
**દુવિહોવિ જહન્ન કમા, અંગુલઅસંખસંખંસો ॥૨૩૦॥**

આ સ્વાભાવિક શરીરનું પ્રમાણ છે. ઉત્તરવૈક્રિયશરીર તેનાથી બમણું છે. બન્ને પ્રકારનું શરીર જઘન્યથી ક્રમશઃ અંગુલનો અસંખ્યાતમો અને સંખ્યાતમો ભાગ છે. (૨૩૦)

The above said heights are of the natural body. Maximum height of the Uttaravaikriya (newly made) body is double than that of the natural body. Minimum height of both the bodies is innumerable part of an angula and numerable part of an angula respectively. 230

**સત્તસુ ચઉવીસ મુહૂ, સગ પન્નર દિણેગ ચઉ છમ્માસા ।**
**ઉવવાયચવણવિરહો, ઓહે બારસ મુહુત્ત ગુરૂ॥૨૩૧॥**
**લહુઓ દુહાવિ સમઓ, સંખા પુણ સુરસમા મુણેયવ્વા ।**
**સંખાઉ પજ્જત્ત પણિંદિ, તિરિ-નરા જંતિ નરએસુ ॥૨૩૨॥**

સાત પૃથ્વીઓમાં (ઉત્કૃષ્ટ) ઉપપાત-ચ્યવન વિરહકાળ ક્રમશઃ ૨૪ મુહૂર્ત, ૭ દિવસ, ૧૫ દિવસ, ૧ માસ, ૨ માસ, ૪ માસ, ૬ માસ છે. સામાન્યથી નરકમાં ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ ૧૨ મુહૂર્ત છે. સામાન્યથી અને વિશેષથી જઘન્ય ઉપપાત-ચ્યવન વિરહકાળ ૧ સમય

છે. ૧ સમયે ઉપપાત-ચ્યવન સંખ્યા દેવોની સમાન જાણવી. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો નરકમાં જાય છે. (૨૩૧, ૨૩૨)

Maximum time of Upapāta viraha and Cyavana viraha in seven hells is 24 muhurtās, 7 days, 15 days, 1 month, 2 months, 4 months and 6 months respectively. The general maximum time of Upapāta viraha and Cyavana viraha in hells is twelve muhurtās. General or specific minimum time of Upapāta viraha and Cyavana viraha is one samaya. Minimum and maximum Upapāta sankhyā and Cyavana sankhyā of one samaya is similar to that of deities. 231-232

**મિચ્છદિટ્ઠિ મહારંભ, પરિગ્ગહો તિવ્વકોહ નિસ્સીલો ।**
**નરયાઉઅં નિબંધઈ, પાવરુઈ રુદ્દપરિણામો ॥૨૩૩॥**

મિથ્યાદૃષ્ટિ, મહારંભી, પરિગ્રહી, તીવ્ર ક્રોધવાળો, શીલરહિત, પાપરુચિવાળો, રૌદ્ર પરિણામવાળો જીવ નરકાયુષ્ય બાંધે છે. (૨૩૩)

**Āgati of hell dwellers**

Five sensed human beings and animals having lifespan of numerable years can take birth in hell.

Living beings having mithyādrashti (false belief), mahārambha (most sinful conducts), mahāparigraha (greed), terrible anger, unchastity, pāparuci (like for sinful acts), raudraparināma (most horrible, painful, meanest emotions or thoughts) bind narakāyushya (birth in the hell). 233

**અસન્નિ સરિસિવ પક્ખી, સીહ ઉરગિત્થિ જન્તિ જા છટ્ઠિં ।**
**કમસો ઉક્કોસેણં, સત્તમપુઢવિં મણુય મચ્છા ॥૨૩૪॥**

અસંજ્ઞી, ભુજપરિસર્પ, પક્ષી, સિંહ, સર્પ, સ્ત્રી ક્રમશઃ ઉત્કૃષ્ટથી (પહેલી થી) છટ્ઠી પૃથ્વી સુધી જાય છે. સાતમી પૃથ્વીમાં મનુષ્યો અને માછલા જાય છે. (૨૩૪)

In the next birth, Asangni (irrational) five sensed beings can take birth upto first hell, Bhujaparisarpa (reptiles) can take birth upto the second hell, birds can take birth upto third hell, wild animals (lion, tiger etc.) can take birth upto fifth hell, women can take birth upto sixth hell and male human beings and fishes can take birth upto seventh hell. 234

**વાલા દાઢી પક્ખી, જલયર નરયાગયા ઉ અઈક્રૂરા ।**
**જંતિ પુણો નરએસું, બાહુલ્લેણં ન ઉણ નિયમો ॥૨૩૫॥**

અતિક્રૂર એવા સર્પ, વાઘ-સિંહ, પક્ષી, જલચર નરકમાંથી આવેલા ફરીને ઘણું કરીને નરકમાં જાય છે, પણ નિયમ નથી. (૨૩૫)

Wild and most violent animals, wild birds and aquatic animals (like lion, eagle, hawk, alligators, sharks etc.) most probably come from hell and they take next birth also in hell (because of their violent nature). It in not a fixed law. 235

**દોપઢમપુઢવિગમણં, છેવટ્ઠે કીલિયાઈ સંઘયણે ।**
**ઈક્કિક્ક પુઢવી વુઢ્ઢી, આઈતિલેસાઉ નરએસુ ॥૨૩૬॥**

છેવટ્ઠા સંઘયણમાં પહેલી બે પૃથ્વીમાં જાય, કીલિકા વગેરે સંઘયણમાં ૧-૧ પૃથ્વીની વૃદ્ધિ છે. નરકોમાં પહેલી ત્રણ લેશ્યાઓ છે. (૨૩૬)

Living beings having the last sixth sanghayana can take birth upto two hells after death.

Living beings having the fifth sanghayana can take birth upto third hell after death.

Living beings having the fourth sanghayana can take birth upto fourth hell after death.

Living beings having the third sanghayana can take birth upto fifth hell after death.

Living beings having the second sanghayana can take birth upto sixth hell after death.

Living beings having the first sanghayana can take birth upto seventh hell after death. 236

**દુસુ કાઊ તઈયાએ, કાઊ નીલા ય નીલ પંકાએ ।**

**ધૂમાએ નીલકિણ્હા, દુસુ કિણ્હા હુન્તિ લેસાઓ ॥૨૩૭॥**

બે પૃથ્વીમાં કાપોતલેશ્યા છે, ત્રીજી પૃથ્વીમાં કાપોત-નીલ લેશ્યા છે, પંકપ્રભામાં નીલલેશ્યા છે, ધૂમપ્રભામાં નીલ-કૃષ્ણલેશ્યા છે, બે નરકમાં કૃષ્ણ લેશ્યા છે. (૨૩૭)

Helldwellers of the first two hells have Kāpota leshyā, of the third hell have Kāpota leshyā or Neel leshyā, of the fifth hell have Neel leshyā or Krishna leshyā and of the last two hells have only Krishna leshyā. 237

**સુરનારયાણ તાઓ, દવ્વલેસા અવટ્ઠિઆ ભણિયા ।**

**ભાવપરાવત્તીએ, પુણ એસિં હુન્તિ છલ્લેસા ॥૨૩૮॥**

દેવો-નારકોને તે દ્રવ્યલેશ્યાઓ અવસ્થિત કહી છે. ભાવના પરાવર્તનથી એમને છએ લેશ્યાઓ હોય છે. (૨૩૮)

The previous mentioned dravya leshyās of deities and hell dwellers are fixed, still all the six types of leshyās are prone to them according to the change of emotions. 238

**નિરઉવ્વટ્ટા ગબ્ભે, પજ્જત્ત સંખાઉ લદ્ધિ એએસિં ।**

**ચક્કિ હરિજુઅલ અરિહા, જિણ જઈ દિસ સમ્મ પુહવિકમા ॥૨૩૯॥**

નરકમાંથી આવેલા જીવો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ થાય. પૃથ્વીના ક્રમથી એમની લબ્ધિ ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, અરિહંત, સામાન્ય કેવળી, સાધુ, દેશવિરતિ અને સમ્યક્ત્વ છે. (૨૩૯)

**Gati of hell dwellers :**

Souls descended from hell take birth as paryāpta garbhaja having lifespan of numerable years. The maximum stages attained by the souls descended from first

to seventh hells are Cakravarti, Baladev/Vāsudev, Teerthankara, Sāmānya Kevali (omniscient), Sādhu (Jain monk), Deshaviratidhara (Shrāvaka-Jain follower accepting 12 vows), Samyagadrashti (having right knowledge, beliefs) respectively. 239

**રયણાએ ઓહિ ગાઉઆ, ચત્તારિ અદ્ધુટ્ઠ ગુરૂ લહુ કમેણ ।**
**પઈ પુઢવિ ગાઉયદ્ધં, હાયઈ જા સત્તમિ ઈગદ્ધં ॥૨૪૦॥**

રત્નપ્રભામાં ઉત્કૃષ્ટ જઘન્ય અવધિજ્ઞાન ક્રમશઃ ૪ ગાઉ અને ૩$\frac{૧}{૨}$ ગાઉ છે. દરેક પૃથ્વીમાં $\frac{૧}{૨}$ ગાઉ ઓછો થાય છે, યાવત્ સાતમી પૃથ્વીમાં ૧ ગાઉ અને $\frac{૧}{૨}$ ગાઉ છે. (૨૪૦)

The maximum range and minimum range of Avadhigyāna of the helldwellers of the first hell is 4 gāus and $3\frac{1}{2}$ gāus respectively. $\frac{1}{2}$ - $\frac{1}{2}$ gāu is decreasing in the further hells. Hence, the maximum range and minimum range of Avadhigyāna of the helldwellers of the last hell is 1 gāu and $\frac{1}{2}$ gāu respectively. 240

**ગબ્ભનર તિપલિયાઉ, તિ ગાઉ ઉક્કોસ તે જહન્નેણં ।**
**મુચ્છિમ દુહાવિ અંતમુહૂ, અંગુલઅસંખભાગતણૂ ॥૨૪૧॥**

ગર્ભજ મનુષ્યો ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા છે. તેઓ ઉત્કૃષ્ટથી ૩ ગાઉના શરીરવાળા છે. તેઓ જઘન્યથી અને સંમૂર્ચ્છિમ મનુષ્યો બન્ને રીતે અંતર્મુહૂર્તના આયુષ્યવાળા અને અંગુલના અસંખ્યાતમા ભાગના શરીરવાળા છે. (૨૪૧)

**Sthiti etc. aspects about human beings.**

Maximum lifespan of Garbhaja human beings is of three palyopamās and their maximum height is of three gāus. Their minimum lifespan is 'Antarmuhurta.' Maximum and minimum lifespan of sammurchhima human beings is 'Antarmuhurta.' The minimum height of Garbhaja human

beings and maximum-minimum height of sammurchhima human beings is innumerable part of an angula. 241

**બારસ મુહુત્ત ગબ્ભે, ઈયરે ચઉવીસ વિરહ ઉક્કોસો ।**
**જમ્મમરણેસુ સમઓ, જહન્ન સંખા સુરસમાણા ॥૨૪૨॥**

ઉપપાત-ચ્યવન વિરહકાળ ઉત્કૃષ્ટથી ગર્ભજ મનુષ્યોનો ૧૨ મુહૂર્ત છે અને સંમૂર્ચ્છિમ મનુષ્યોનો ૨૪ મુહૂર્ત છે. જઘન્યથી (બધાનો) ૧ સમય છે. ૧ સમયમાં ઉપપાત-ચ્યવન સંખ્યા દેવોની સમાન છે. (૨૪૨)

Maximum time of upapāta viraha and cyavana viraha of Garbhaja human beings is 12 muhurtās and of Sammurchhima human beings is 24 muhurtās. Their minimum time of upapāta viraha and cyavana viraha is one samaya. Upapāta sankhyā and Cyavana sankhyā of one samaya is similar to that of deities. 242

**સત્તમમહિનેરઈએ, તેઊ વાઊ અસંખનરતિરિએ ।**
**મુત્તૂણ સેસ જીવા, ઉપ્પજ્જંતિ નરભવંમિ ॥૨૪૩॥**

સાતમી પૃથ્વીના નારકો, તેઉકાય, વાયુકાય અસંખ્ય વર્ષાયુષ્ય-વાળા મનુષ્યો-તિર્યંચોને છોડીને શેષ જીવો મનુષ્ય ભવમાં ઉત્પન્ન થાય છે. (૨૪૩)

All living beings except hell dwellers of seventh hell, Teukāya, Vāyukāya, human beings and animals having lifespan of innumerable years can take birth as human beings in the next birth. 243

**સુરનેરઈએહિં ચિય, હવંતિ હરિ-અરિહ-ચક્કિ-બલદેવા ।**
**ચઊવિહ સુર ચક્કિ-બલા, વેમાણિય હુન્તિ હરિ-અરિહા ॥૨૪૪॥**

વાસુદેવ, અરિહંત, ચક્રવર્તી, બળદેવ દેવ-નરકમાંથી જ આવેલા થાય છે. ચારે પ્રકારના દેવો ચક્રવર્તી અને બળદેવ થાય છે. વૈમાનિક દેવો વાસુદેવ અને અરિહંત થાય છે. (૨૪૪)

Vāsudeva, Baladeva, Cakravarti and Teerthankarās are supposed to have come from either heaven or hell. Cakravarti and Baladeva can come from all the four types of deities but only Vaimānika deities (no other deities) can take birth as Vāsudevās and Arihantās (in the next birth). 244

**હરિણો મણુસ્સરયણાઇં, હુન્તિ નાણુત્તરેહિં દેવેહિં ।**

**જહ સંભવમુવવાઓ, હય-ગય-એગિંદિ-રયણાણં ॥૨૪૫॥**

વાસુદેવ અને ચક્રવર્તિના મનુષ્યરત્નો અનુત્તરદેવોમાંથી નથી થતા. અશ્વ, હાથી, એકેન્દ્રિય રત્નોની ઉત્પત્તિ યથાસંભવ હોય છે. (૨૪૫)

The human-ratnās of Cakravarti and ratnās of Vāsudeva never take birth from Anuttara heaven. Elephant ratna, horse ratna and five-ekendriya ratnās take birth (from any birth) as per their probabilities. 245

**વામપમાણં ચક્કં, છત્તં દંડં દુહત્થયં ચમ્મં ।**

**બત્તીસંગુલ ખગ્ગો, સુવન્નકાગિણિ ચઉરંગુલિયા ॥૨૪૬॥**

**ચઉરંગુલો દુઅંગુલપિહુલો ય, મણિ પુરોહિગયતુરયા ।**

**સેણાવઈ ગાહાવઈ, વઙ્ઢઇત્થી ચક્કિરયણાઈં ॥૨૪૭॥**

ચક્ર-છત્ર-દંડ વ્યામ (ધનુષ્ય) પ્રમાણ છે, ચર્મરત્ન બે હાથનું છે, ખડ્ગ રત્ન ૩૨ અંગુલનું છે, સુવર્ણનું કાકિણી રત્ન ચાર અંગુલનું છે, ચાર અંગુલ લાંબુ અને ૨ અંગુલ પહોળું મણિરત્ન છે. પુરોહિત, હાથી, ઘોડો, સેનાપતિ, ગાથાપતિ, વાર્ધકી (સુથાર), સ્ત્રી - આ ચક્રવર્તિના રત્નો છે. (૨૪૬, ૨૪૭)

**The fourteen ratnas of Cakravarti are as follows :-**

1) Cakra ratna (a circular disc type sharp missile) 2) Chatra ratna (a big heavy ornamental umbrella) 3) Danda ratna (a big stick type). All the three are of one vyām (i.e.

four hands) in measurement. 4) Carma ratna (a piece of leather) measures two hands 5) Khadga ratna (sword) measures 32 angulās 6) Kākini ratna is made of gold and measures four angulās 7) Maniratna (gem) measures four angulās in length and two angulās is breadth. 8) Purohita ratna (a family priest) 9) Elephant ratna 10) Horse ratna 11) Senāpati ratna (army commander) 12) Gāthāpati ratna 13) Vārdhaki ratna (carpenter) 14) Stree ratna (Royal chief consort). 246-247

**ચક્કં ધણુહં ખગ્ગો, મણી ગયા તહ ય હોઈ વણમાલા ।**
**સંખો સત્ત ઈમાઈ, રયણાઈ વાસુદેવસ્સ ॥૨૪૮॥**

ચક્ર, ધનુષ્ય, ખડ્ગ, મણિ, ગદા, વનમાલા, શંખ - આ સાત રત્નો વાસુદેવના છે. (૨૪૮)

**The seven ratnās of Vāsudeva are as follows :-** 1) Cakra ratna 2) Dhanushya ratna (bow) 3) Khadga ratna 4) Maniratna 5) Gadā ratna (mace) 6) Vanmālā ratna (garland) 7) Shankha ratna (conch). 248

**સંખનરા ચઉસુ ગઈસુ, જંતિ પંચસુ વિ પઢમસંઘયણે ।**
**ઈગ દુ તિ જા અટ્ઠસયં, ઈગસમએ જંતિ તે સિદ્ધિં ॥૨૪૯॥**

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યો ચારે ગતિમાં જાય છે. પહેલા સંઘયણમાં તેઓ પાંચે ગતિમાં જાય છે. ૧ સમયમાં તેઓ ૧, ૨, ૩, યાવત્ ૧૦૮ મોક્ષમાં જાય છે. (૨૪૯)

The human beings having lifespan of numerable years can take birth in all the four gatis (after death). Those who have the first sanghayana have the liability for the fifth gati (Moksha) also. 1,2,3, until 108 human beings can attain Moksha at the same moment. 249

**વીસિત્થિ દસ નપુંસગ, પુરિસટ્ઠસયં તુ એગસમએણં ।**
**સિજ્ઝઈ ગિહિઅન્નસલિંગ, ચઉ દસ અટ્ઠાહિય સયં ચ ॥૨૫૦॥**

૧ સમયમાં ૨૦ સ્ત્રીઓ, ૧૦ નપુંસકો, ૧૦૮ પુરુષો, ગૃહિલિંગ -અન્યલિંગ-સ્વલિંગમાં ક્રમશઃ ૪-૧૦-૧૦૮ સિદ્ધ થાય છે. (૨૫૦)

20 women, 10 napunsakās (neuter gender), 108 men, 4 gruhilingis (domestic householder), 10 anyalingis (hermits) and 108 swalingis (jain monks) can attain Moksha at the same time. 250

**ગુરુ લહુ મજ્ઝિમ દો ચઉ, અટ્ઠસયં ઉઢ્ઢહો તિરિયલોએ ।**
**ચઉ બાવીસડટ્ઠસયં, દુ સમુદ્દે તિન્નિ સેસજલે ॥૨૫૧॥**

ઉત્કૃષ્ટ-જઘન્ય-મધ્યમ અવગાહનાવાળા ક્રમશઃ ૨-૪-૧૦૮, ઊર્ધ્વલોક-અધોલોક-તિર્છાલોકમાં ક્રમશઃ ૪-૨૨-૧૦૮, સમુદ્રમાં ૨, શેષ જલમાં ૩ સિદ્ધ થાય છે. (૨૫૧)

2 human beings of maximum height, 4 human beings of minimum height and 108 human beings of medium height can attain moksha at the same moment. In the urdhvaloka (upper world) 4 human beings, in the adholoka (lower world) 22 human beings, in the tirchhāloka 108 human beings, in the oceans 2 human beings, in the rest water bodies 3 human beings can attain Moksha at the same moment. 251

**નરયતિરિયાગયા દસ, નરદેવગઈઉ વીસ અટ્ઠસયં ।**
**દસ રયણા સક્કર વાલુયાઉ, ચઉ પંક-ભૂ-દગઓ ॥૨૫૨॥**
**છચ્ચ વણસ્સઈ દસ તિરિ, તિરિત્થી દસ મણુય વીસ નારીઓ ।**
**અસુરાઈ વંતરા દસ, પણ તદ્દેવિઉ પત્તેયં ॥૨૫૩॥**

નરક-તિર્યંચમાંથી આવેલા ૧૦, મનુષ્ય-દેવમાંથી આવેલા ૨૦ અને ૧૦૮, રત્નપ્રભા-શર્કરાપ્રભા-વાલુકાપ્રભામાંથી આવેલા ૧૦, પંકપ્રભા-પૃથ્વીકાય-અપ્કાયમાંથી આવેલા ૪, વનસ્પતિમાંથી આવેલા ૬, તિર્યંચ પુરુષ અને સ્ત્રીમાંથી આવેલા ૧૦, મનુષ્યપુરુષમાંથી આવેલા ૧૦, મનુષ્યસ્ત્રીમાંથી આવેલા ૨૦, અસુરકુમારથી વ્યન્તર દરેકમાંથી

આવેલા ૧૦, તેમની દેવીઓમાંથી દરેકમાંથી આવેલા ૫ એક સમયમાં સિદ્ધ થાય છે. (૨૫૨- ૨૫૩)

Maximum number of human beings coming from different previous births and attaining Moksha at the same moment are as follows :- 10 from hell and tiryancās, 20 from human beings, 108 from heaven, 10 from Ratnaprabhā hell, Sharkarāprabhā hell and Vālukāprabhā hell, 4 from Pankaprabhā hell, Prithvikāya and Apkāya, 6 from Vanaspatikāya, 10 from male-female tiryancās, 10 from male human beings, 20 from female human beings, 10 from Bhavanapati deities and Vyantara deities, 5 from female deities of Bhavanapati and female deities of Vyantara. 252-253

**જોઈ દસ દેવી વીસં, વેમાણિ અટ્ઠસય વીસ દેવીઓ ।**
**તહ પુંવેએહિંતો, પુરિસા હોઊણ અટ્ઠસયં ॥૨૫૪॥**
**સેસટ્ઠભંગએસું, દસ દસ સિજ્ઝન્તિ એગસમએણં ।**
**વિરહો છમાસ ગુરુઓ, લહુ સમઓ ચવણમિહ નત્થિ ॥૨૫૫॥**

જ્યોતિષ દેવમાંથી આવેલા ૧૦, જ્યોતિષ દેવીમાંથી આવેલા ૨૦, વૈમાનિક દેવમાંથી આવેલા ૧૦૮, વૈમાનિક દેવીમાંથી આવેલા ૨૦, તથા પુરુષવેદમાંથી પુરુષ થઈને ૧૦૮, શેષ ૮ ભાંગામાં ૧૦-૧૦ એક સમયમાં સિદ્ધ થાય છે. ઉત્કૃષ્ટ ઉપપાત- વિરહકાળ છ માસ છે, જઘન્ય ઉપપાતવિરહકાળ ૧ સમય છે. અહીં ચ્યવન નથી. (૨૫૪-૨૫૫)

10 from Jyotisha deities, 20 from female deities of Jyotisha, 108 from Vaimānika deities, 20 from female deities of Vaimānika. Human beings having previous birth and present birth both as male = 108. Human beings having previous birth as male and present birth as female or neuter = 10-10. Human beings having previous birth as female

and present birth as male or female or neuter = 10-10-10. Human beings having previous birth as neuter and present birth as male or female or neuter = 10-10-10. Maximum time of upapāta viraha of Moksha is 6 months and minimum time of upapāta viraha of Moksha is one samaya. There is no Cyavana from Moksha. 254-255

**અડ સગ છ પંચ ચઉ તિન્નિ, દુન્નિ ઈક્કો ય સિજ્ઝમાણેસુ ।**
**બત્તીસાઈસુ સમયા, નિરંતરં અંતરં ઉવરિં ॥૨૫૬॥**
**બત્તીસા અડયાલા, સટ્ઠી બાવત્તરી ય અવહીઓ ।**
**ચુલસીઈ છન્નવઈ, દુરહિયમટ્ઠુત્તરસયં ચ ॥૨૫૭॥**

૩૨ વગેરે સિદ્ધ થતે છતે ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧ સમય નિરંતર હોય છે. ઉપર અંતર છે. (તે ૩૨ વગેરે) અવધિઓ આ પ્રમાણે છે- ૩૨, ૪૮, ૬૦, ૭૨, ૮૪, ૯૬, ૧૦૨ અને ૧૦૮. (૨૫૬, ૨૫૭)

One to 32 human beings can repeatedly attain Moksha upto eight samayās (different-different souls), 33 to 48 human beings can repeatedly attain Moksha upto seven samayās, 49 to 60 human beings can repeatedly attain Moksha upto six samayās, 61 to 72 human beings can repeatedly attain Moksha upto five samayās, 73 to 84 human beings can repeatedly attain Moksha upto four samayās, 85 to 96 human beings can repeatedly attain Moksha upto three samayās, 97 to 102 human beings can repeatedly attain Moksha upto two samayās, 103 to 108 human beings can repeatedly attain Moksha upto one samaya. After the above said time definately there comes a break (gap) in these continuous series. 256-257

**પણયાલલક્ખજોયણ-વિક્ખંભા સિદ્ધસિલ ફલિહવિમલા ।**
**તદુવરિગજોયણંતે, લોગંતો તત્થ સિદ્ધઠિઈ ॥૨૫૮॥**

૪૫ લાખ યોજન પહોળી સ્ફટિકની, નિર્મળ સિદ્ધશિલા છે. તેની ઉપર એક યોજનને અંતે લોકનો છેડો છે ત્યાં સિદ્ધો રહેલા છે. (૨૫૮)

Siddhasheelā is 45 Lakh yojanās in length / breadth (diameter) and is made of spotless Sfatika (Quartz jewel). Above it at the distance of one yojana is the end of Loka, where siddhās (souls having attained salvation) are residing. 258

**બાવીસ સગ તિ દસ વાસ-સહસગણિ તિદિણ બેઇંદિયાઇસુ ।**
**બારસવાસુણપણદિણ, છમ્માસ તિપલિયઠિઇ જિટ્ઠા ॥૨૫૯॥**

(પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, વનસ્પતિકાયની ક્રમશઃ) ૨૨,૦૦૦ વર્ષ, ૭,૦૦૦ વર્ષ, ૩૦૦૦ વર્ષ, ૧૦,૦૦૦ વર્ષ, તેઉકાયની ૩ દિવસ, બેઇન્દ્રિય વગેરેમાં ક્રમશઃ ૧૨ વર્ષ - ૪૯ દિવસ - ૬ માસ - ૩ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૨૫૯)

**Sthiti (lifespan) etc. aspects of Tiryancās**

**Maximum lifespans of Tiryancās are as follows :-**

| Tiryancās | Maximum lifespan |
|---|---|
| Prithvikāya | 22,000 years |
| Apkāya | 7,000 years |
| Teukāya | 3 days |
| Vāyukāya | 3000 years |
| Vanaspatikāya | 10,000 years |
| Beindriya | 12 years |
| Teindriya | 49 days |
| Caurindriya | 6 months |
| Pancendriya | 3 palyopamās |

**સણ્હા ય સુદ્ધવાલુય, મણોસિલા સક્કરા ય ખરપુઢવી ।**
**ઈગ બાર ચઉદ સોલસ-ટ્ઠાર બાવીસ સમસહસા ॥૨૬૦॥**

સુંવાળી, શુદ્ધ, રેતી, મનશિલ (પારો), કાંકરા, કઠણ પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૧,૦૦૦ વર્ષ, ૧૨,૦૦૦ વર્ષ, ૧૪,૦૦૦ વર્ષ, ૧૬,૦૦૦ વર્ષ, ૧૮,૦૦૦ વર્ષ, ૨૨,૦૦૦ વર્ષ છે. (૨૬૦)

| Tiryancās | Maximum lifespan |
|---|---|
| Slakshna (smooth) Earth | 1000 years |
| Shuddha (clear) Earth | 12,000 years |
| Vālukā (sand) | 14,000 years |
| Manasheela (mercury) | 16,000 years |
| Sharkarā (pebbles) | 18,000 years |
| Khara (hard) Earth | 22,000 years |

260

**ગબ્ભભુય જલયરોભય, ગબ્ભોરગ પુવ્વકોડિ ઉક્કોસા ।**
**ગબ્ભચઉપ્પયપક્ખિસુ, તિપલિય પલિયાઅસંખંસો ॥૨૬૧॥**

ગર્ભજ ભુજપરિસર્પ, બન્ને જલચર, ગર્ભજ ઉરપરિસર્પની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પૂર્વક્રોડ વર્ષ છે, ગર્ભજ ચતુષ્પદ અને પક્ષીઓમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૩ પલ્યોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. (૨૬૧)

The maximum lifespan of Garbhaja Bhujaparisarpa, Garbhaja and Sammurchhima Jalacara and Garbhaja Uraparisarpa is one crore poorva years, of Garbhaja Catushpada is three palyopamās and of birds is innumerable part of a palyopama. 261

**પુવ્વસ્સ ઉ પરિમાણં, સયરિં ખલુ વાસ કોડિલક્ખાઓ ।**
**છપ્પન્નં ચ સહસ્સા, બોદ્ધવ્વા વાસકોડીણં ॥૨૬૨॥**

પૂર્વનું પ્રમાણ ૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ છે. (૨૬૨)

One poorva = 7,05,60,00,00,00,000 years. 262

**સંમુચ્છિમપણિંદિ-થલ-ખહયરુરગ-ભુયગ-જિટ્ઠઠિઈ કમસો ।**
**વાસસહસ્સા ચુલસી, બિસત્તરિ તિપન્ન બાયાલા ॥૨૬૩॥**

સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય, સ્થલચર (ચતુષ્પદ), ખેચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૮૪,૦૦૦ વર્ષ, ૭૨,૦૦૦ વર્ષ, ૫૩,૦૦૦ વર્ષ, ૪૨,૦૦૦ વર્ષ છે. (૨૬૩)

Maximum lifespan of Sammurchhima Catushpada is 84,000 years, of Sammurchhima Khecara is 72,000 years, of Sammurchhima Uraparisarpa is 53,000 years and of Sammurchhima Bhujaparisarpa is 42,000 years. 263

**એસા પુઢવાઈણં, ભવઠિઈ સંપયં તુ કાયઠિઈ ।**
**ચઉ એગિંદિસુ ણેયા, ઓસ્સપ્પિણિઓ અસંખેજ્જા ॥૨૬૪॥**

આ પૃથ્વીકાય વગેરેની ભવસ્થિતિ છે. હવે કાયસ્થિતિ કહીશ - ચાર એકેન્દ્રિયમાં અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી જાણવી. (૨૬૪)

Having described the bhavasthiti (lifespan), I shall now describe the Kāyasthiti (time span of taking re-births as the same form). Kāyasthiti of Prithvikāya, Apkāya, Teukāya and Vayukāya is asankhya (uncountable) Utsarpinis-Avasarpinis. 264

**તાઓ વણંમિ અણંતા, સંખેજ્જા વાસસહસ વિગલેસુ ।**
**પંચિંદિ-તિરિ-નરેસુ, સત્તટ્ઠ ભવા ઉ ઉક્કોસા ॥૨૬૫॥**

વનસ્પતિકાયમાં અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી, વિકલેન્દ્રિયમાં સંખ્યાતા હજાર વર્ષ, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોમાં ૭-૮ ભવ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે. (૨૬૫)

Kāyasthiti of Vanaspatikāya is ananta Utsarpinis-Avasarpinis, of Beindriya, Teindriya, Caurindriya is

numerable thousand years and of Pancendriya human beings and animals is 7 to 8 births. (Deities and helldwellers never take re-birth in heavens or hells). 265

**સવ્વેસિંપિ જહન્ના, અંતમુહુત્તં ભવે ય કાયે ય ।**
**જોયણસહસ્સમહિયં, એગિંદિયદેહમુક્કોસં ॥૨૬૬॥**
**બિતિચઉરિંદિસરીરં, બારસજોયણ તિકોસ ચઉકોસં ।**
**જોયણસહસ પણિંદિય, ઓહે વુચ્છં વિસેસં તુ ॥૨૬૭॥**

બધા જીવોની જઘન્ય ભવસ્થિતિ અને કાયસ્થિતિ અંતર્મુહૂર્ત છે. એકેન્દ્રિયનું ઉત્કૃષ્ટ શરીરમાન સાધિક હજાર યોજન છે. (૨૬૬)

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયનું ક્રમશઃ ૧૨ યોજન, ૩ ગાઉ, ૪ ગાઉ અને પંચેન્દ્રિયનું ઓઘે ૧૦૦૦ યોજન ઉત્કૃષ્ટ શરીરમાન છે. વિશેષ શરીરમાન હવે કહીશ. (૨૬૭)

Minimum bhavasthiti and kāyasthiti of all the creatures (living beings) is antarmuhurta.

**General maximum heights of tiryancās are as follows :-**

| Tiryancās | Maximum height |
|---|---|
| Ekendriya | Some more than 1000 yojanās |
| Beindriya | 12 yojanās |
| Teindriya | 3 gāus |
| Caurindriya | 4 gāus |
| Pancendriya | 1000 yojanās |

266-267

**અંગુલઅસંખભાગો, સુહુમનિગોઓ અસંખગુણ વાઊ ।**
**તો અગણિ તઓ આઊ, તત્તો સુહુમા ભવે પુઢવી ॥૨૬૮॥**
**તો બાયરવાઉગણી, આઊ પુઢવી નિગોઅ અણુક્કમસો ।**
**પત્તેઅવણસરીરં, અહિયં જોયણસહસ્સં તુ ॥૨૬૯॥**

સૂક્ષ્મ નિગોદનું શરીરમાન અંગુલના અસંખ્યાતમા ભાગનું છે. તેના કરતા સૂક્ષ્મ વાયુકાયનું અસંખ્યગુણ, તેના કરતા સૂક્ષ્મ તેઉકાયનું અસંખ્યગુણ, તેના કરતા સૂક્ષ્મ અપ્કાયનું અસંખ્યગુણ, તેના કરતા સૂક્ષ્મ પૃથ્વીકાયનું અસંખ્યગુણ, તેના કરતા બાદર વાયુકાય - તેઉકાય - અપ્કાય - પૃથ્વીકાય, નિગોદનું ક્રમશઃ અસંખ્યગુણ શરીરમાન છે, પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર સાધિક ૧૦૦૦ યોજન છે. (૨૬૮, ૨૬૯)

Height of Sukshma (smallest) Nigoda is innumerable part of an angula. Height of each Sukshma Vāyukāya, Sukshma Teukāya, Sukshma Apkāya, Sukshma Prithvikāya, Bādar Vāyukāya, Bādar Teukāya, Bādar Apkāya, Bādar Prithvikāya and Bādar Nigoda is innumerable times bigger-bigger than the previous ones. (Still height of each is innumerable part of an angula).

Maximum height of Pratyeka Vanaspatikāya is more than 1000 yojanās. 268-269

**ઉસ્સેહંગુલજોયણ-સહસ્સમાણે જલાસએ નેયં ।**
**તં વલ્લિપઉમપમુહં, અઓ પરં પુઢવીરૂવં તુ ॥૨૭૦॥**

ઉત્સેધાંગુલથી ૧૦૦૦ યોજન પ્રમાણવાળા સરોવરમાં તે (પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર) વેલડી, કમળ વગેરેનું જાણવું. એનાથી વધુ પ્રમાણવાળા પૃથ્વીકાયરૂપ જાણવા. (૨૭૦)

This height of Vanaspatikāya (plants) is to be known (is possible) for plants, lotuses growing in the lake which is 1000 yojanās large and deep by Utsedhāngula. Plants, which are larger than thousand yojanās are of Prithvikaya (earth bodied). 270

**બારસજોયણ સંખો, તિકોસ ગુમ્મીય જોયણં ભમરો ।**
**મુચ્છિમચઉપયભુયગુરગ, ગાઉઅ-ધણુ-જોયણ-પુહત્તં ॥૨૭૧॥**

૧૨ યોજન પ્રમાણ શંખ, ૩ ગાઉ પ્રમાણ કાનખજુરા, ૧ યોજન પ્રમાણ ભમરો છે. સંમૂર્ચ્છિમ ચતુષ્પદ-ભુજપરિસર્પ- ઉરપરિસર્પનું શરીરમાન ક્રમશઃ ગાઉપૃથક્ત્વ, ધનુષ્યપૃથક્ત્વ અને યોજનપૃથક્ત્વ છે. (૨૭૧)

Maximum length of Shankha (conch) is 12 yojanās, of Centipede is 3 gāus and of Wasp is 4 gāus. (They are seen outside the human world)

**Maximum height of five sensed tiryancās**

Maximum height of Sammurchhimma Catushpada is 2 to 9 gāus. Maximum height of Sammurchhimma Bhujaparisarpa is 2 to 9 dhanushyạs. Maximum height of Sammurchhimma Uraparisarpa is 2 to 9 yojanās. 271

**ગબ્ભચઉપ્પય છગ્ગાઉયાઈ, ભુયગા ઉ ગાઉયપુહત્તં ।**
**જોયણસહસ્સમુરગા, મચ્છા ઉભયે વિ ય સહસ્સં ॥૨૭૨॥**

ગર્ભજ ચતુષ્પદનું ૬ ગાઉ, ગર્ભજ ભુજપરિસર્પનું ગાઉપૃથક્ત્વ, ગર્ભજ ઉરપરિસર્પનું ૧૦૦૦ યોજન, બન્ને (ગર્ભજ- સંમૂર્ચ્છિમ) માછલાનું ૧૦૦૦ યોજન શરીરમાન છે. (૨૭૨)

Maximum height of Garbhaja Catushpada is 6 gāus. Maximum height of Garbhaja Bhujaparisarpa is 2 to 9 gāus. Maximum height of Garbhaja Uraparisarpa is 1000 yojanās. Maximum height of Garbhaja and Sammurchhima fishes (Jalacara) is 1000 yojanās. 272

**પક્ખિદુગ ધણુપુહત્તં, સવ્વાણંગુલઅસંખભાગ લહૂ ।**
**વિરહો વિગલાસન્નીણ, જમ્મમરણેસુ અંતમુહૂ ॥૨૭૩॥**
**ગબ્ભે મુહુત્ત બારસ, ગુરુઓ લહુ સમય સંખ સુરતુલ્લા ।**
**અણુસમયમસંખિજ્જા, એગિંદિય હુંતિ ય ચવંતિ ॥૨૭૪॥**

બે (ગર્ભજ-સંમૂર્ચ્છિમ) પક્ષીઓનું ધનુષ્યપૃથક્ત્વ, બધાનું જઘન્ય શરીરમાન અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો અંતર્મુહૂર્ત, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચનો ૧૨ મુહૂર્ત ઉત્કૃષ્ટ ઉપપાત-ચ્યવન વિરહકાળ છે, જઘન્ય ૧ સમય છે. એક સમયે ઉપપાત-ચ્યવન સંખ્યા દેવતુલ્ય છે. એકેન્દ્રિય પ્રતિસમય અસંખ્યાતા ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે. (૨૭૩, ૨૭૪)

Maximum height of Garbhaja and Sammurchhima birds (Khecara) is 2 to 9 dhanushyās. Minimum height of all the tiryancās is innumerable part of an angula.

Maximum time of Upapāta viraha and Cyavana viraha of Vikalendriya and Asangni (irrational) Pancendriya animals is antarmuhurta and of Garbhaja Pancendriya animals is twelve muhurtās. Minimum time of Upapāta viraha and Cyavana viraha of all the tiryancas is one samaya. The minimum and maximum Upapāta sankhyā and Cyavana sankhyā of one samaya is similar to that of deities. Every samaya (moment) asankhya (innuemerable) Ekendriyās are dying and taking birth. 273-274

**વણકાઈઓ અણંતા, ઈક્કિક્કાઓ વિ જં નિગોયાઓ ।**
**નિચ્ચમસંખો ભાગો, અણંતજીવો ચયઈ એઈ ॥૨૭૫॥**

વનસ્પતિકાયમાં દરેક સમયે અનંતા ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે, કેમકે એક-એક નિગોદમાં હંમેશા અનંતજીવોવાળો અસંખ્યાતમો ભાગ ચ્યવે છે અને ઉત્પન્ન થાય છે. (૨૭૫)

Every samaya ananta souls are dying and taking birth in Vanaspatikāya, because always innumerable part of every nigoda consisting ananta souls dies and takes birth. 275

**ગોલા ય અસંખિજ્જા, અસંખ નિગોયઓ હવઈ ગોલો ।**
**ઈક્કિક્કંમિ નિગોએ, અણંતજીવા મુણેયવ્વા ॥૨૭૬॥**

અસંખ્ય ગોળા છે, અસંખ્ય નિગોદવાળો ૧ ગોળો છે, એક એક નિગોદમાં અનંત જીવો જાણવા. (૨૭૬)

There are asankhya spherical balls in this loka, each consisting asankhya nigodās. There are ananta (infinite) souls in each nigoda. 276

**અત્થિ અણંતા જીવા, જેહિં ન પત્તો તસાઈ પરિણામો ।**
**ઉપ્પજ્જંતિ ચયંતિ ય, પુણોવિ તત્થેવ તત્થેવ ॥૨૭૭॥**

અનંતજીવો એવા છે કે જેઓ ત્રસ વગેરે પરિણામ નથી પામ્યા. તેઓ ફરી ત્યાં ને ત્યાં જ ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે. (૨૭૭)

There are infinite souls who have never achieved the stage of 'Trasa.' There infinite births and deaths are occuring in the same stage (Ekendriya-nigoda). 277

**સવ્વોવિ કિસલઓ ખલુ, ઉગ્ગમમાણો અણંતઓ ભણિઓ ।**
**સો ચેવ વિવઢ્ઢન્તો, હોઈ પરિત્તો અણંતો વા ॥૨૭૮॥**

ઉત્પન્ન થતો બધો કિસલય (પ્રથમ પાંદડાની અવસ્થા) અનંતકાય કહ્યો છે. તે જ વધતો થકો પ્રત્યેક કે અનંતકાય થાય છે. (૨૭૮)

All vegetations in their primary stage as a sprout are 'Anantkāya' (i.e. infinite souls living in one body). After development, they may either be 'Pratyeka' (i.e. one soul in one body) or 'Anantakāya.' 278

**જયા મોહોદઓ તિવ્વો, અન્નાણં ખુ મહબ્ભયં ।**
**પેલવં વેયણીયં તુ, તયા એગિંદિયત્તણં ॥૨૭૯॥**

જ્યારે મોહોદય તીવ્ર હોય, મહાભયરૂપ અજ્ઞાન હોય અને અસાર (અસાતા) વેદનીયનો ઉદય હોય ત્યારે જીવો એકેન્દ્રિયપણું પામે. (૨૭૯)

The living beings experiencing (having) extreme moha (infatuation), horrifying ignorance and Asātā vedaniya karma (karma which inflicts unberable pain) attain Ekendriya births. 279

**તિરિએસુ જંતિ સંખાઉ, તિરિનરા જા દુકપ્પદેવાઓ ।**

**પજ્જત્તસંખગબ્ભય-બાયરભૂદગપરિત્તેસુ ॥૨૮૦॥**

**તો સહસારંતસુરા, નિરયા ય પજ્જત્તસંખગબ્ભેસુ ।**

**સંખપણિંદિયતિરિયા, મરિઉં ચઉસુ વિ ગઈસુ જન્તિ ॥૨૮૧॥**

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચો-મનુષ્યો, તિર્યંચમાં જાય છે. બે દેવલોક સુધીના દેવો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ (તિર્યંચ-મનુષ્ય) અને બાદર પૃથ્વીકાય, અપ્કાય પ્રત્યેક વનસ્પતિકાયમાં જાય છે. ત્યાર પછી સહસ્રાર સુધીના દેવો અને નારકો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ (તિર્યંચ-મનુષ્ય)માં જાય. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચો મરીને ચારેય ગતિમાં જાય છે. (૨૮૦, ૨૮૧)

**Āgati and gati of tiryancās**

Humans and animals having lifespan of numerable years can take birth as Tiryancās. Deities upto two heavens can take birth as Paryāpta garbhaja tiryancās (and human beings) having lifespan of numerable years, Bādar Prithvikāya, Bādar Apkāya and Pratyeka Vanaspatikāya. Deities of third to eight heavens and helldwellers can take birth as Paryāpta garbhaja tiryancās (and human beings). After death, Pancendriya animals having lifespan of numerable years can take birth in all the four gatis. 280-281

**થાવર-વિગલા નિયમા, સંખાઉયતિરિનરેસુ ગચ્છન્તિ ।**

**વિગલા લબ્ભિજ્જ વિરઈ, સમ્મંપિ ન તેઉવાઉચુયા ॥૨૮૨॥**

સ્થાવર અને વિકલેન્દ્રિય અવશ્ય સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચો-મનુષ્યોમાં જાય છે. વિકલેન્દ્રિયમાંથી ચ્યવેલા સર્વવિરતિ પામે, તેઉકાય-વાયુકાયમાંથી ચ્યવેલા સમ્યક્ત્વ પણ ન પામે. (૨૮૨)

Ekendriyās and Vikalendriyās can take birth as human beings and animals having lifespan of numerable years. Vikalendriyās can achieve Sarvavirati in the next birth. Teukāya-Vāyukāya can not achieve even Saṃyaktva in the next birth. 282

**પુઢવી-દગ-પરિત્તવણા, બાયરપજ્જત્ત હુન્તિ ચઉલેસા ।**
**ગબ્ભયતિરિયનરાણં, છલ્લેસા તિન્નિ સેસાણં ॥૨૮૩॥**

બાદર પર્યાપ્તા પૃથ્વીકાય-અપ્કાય-પ્રત્યેકવનસ્પતિકાય ચાર લેશ્યાવાળા છે, ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોને ૬ લેશ્યા હોય છે, શેષ જીવોને ૩ લેશ્યા હોય છે. (૨૮૩)

Bādar paryāpta Prithvikāya, Apkāya, Pratyeka Vanaspatikāya have first four types of Leshyās. Garbhaja animals and human beings have six types of Leshyās. Rest living beings have three types of Leshyās. 283

**અંતમુહુત્તંમિ ગએ, અંતમુહુત્તંમિ સેસએ ચેવ ।**
**લેસાહિ પરિણયાહિં, જીવા વચ્ચંતિ પરલોયં ॥૨૮૪॥**

અંતર્મુહૂર્ત ગયે છતે અને અંતર્મુહૂર્ત શેષ હોતે છતે પરિણામ પામેલી લેશ્યાઓ વડે જીવો પરલોકમાં જાય છે. (૨૮૪)

(During the transition from one birth to another there are two types of laws about the leshyās.) Living beings go to the next birth when an antarmuhurta has passed of their developed leshyās (of the next birth) and when an antarmuhurta is remaining of their (present birth's) developed leshyās. 284

**તિરિ-નર આગામિભવલેસ્સાએ, અઈગયે સુરા નિરયા ।**
**પુવ્વભવલેસ્સસેસે, અંતમુહુત્તે મરણમિંતિ ॥૨૮૫॥**

તિર્યંચો અને મનુષ્યો આગામી ભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત ગયે છતે અને દેવ-નારકો પૂર્વભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત બાકી હોતે છતે મરણ પામે છે. (૨૮૫)

Human beings and tiryancās die after completing an antarmuhurta of next birth's Leshyā. Deities and hell-dwellers die when an antarmuhurta of the leshya of the present birth is remaining (i.e. leshya of present birth continues upto an antarmuhurta in the next birth). 285

**અંતમુહુત્તઠિઈઓ, તિરિયનરાણં હવન્તિ લેસ્સાઓ ।**
**ચરિમા નરાણ પુણ, નવવાસૂણા પુવ્વકોડી વિ ॥૨૮૬॥**

તિર્યંચો-મનુષ્યોની લેશ્યાઓ અંતર્મૂહુર્ત સ્થિતિવાળી હોય છે. મનુષ્યોની છેલ્લી (શુક્લ) લેશ્યા ૯ વર્ષ ન્યૂન ૧ પૂર્વક્રોડ વર્ષની પણ હોય. (૨૮૬)

The maximum duration of a single leshyā for tiryancās and human beings is antarmuhurta, but the last Shukla leshyā can remain upto 9 years less in one crore poorva years. 286

**તિરિયાણ વિ ઠિઈપમુહં, ભણિયમસેસં પિ સંપયં વુચ્છં ।**
**અભિહિયદારબ્ભહિયં, ચઉગઈજીવાણ સામન્નં ॥૨૮૭॥**

તિર્યંચોનું પણ સ્થિતિ વગેરે બધુ ય કહ્યું. હવે કહેલા દ્વારથી અધિક ચારે ગતિના જીવોને વિષે સામાન્યથી કહીશ. (૨૮૭)

Completing the aspects of tiryancās, I shall describe something different from the above said aspects which is common for all the living beings of the four gatis. 287

**દેવા અસંખનરતિરિ, ઈત્થી પુંવેય ગબ્ભનરતિરિયા ।**
**સંખાઉયા તિવેયા, નપુંસગા નારયાઈઆ ॥૨૮૮॥**

દેવો, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-તિર્યંચો સ્ત્રીવેદી અને પુરુષવેદી છે. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો-તિર્યંચો ત્રણ વેદવાળા છે. નારકી વગેરે નપુંસકવેદવાળા છે. (૨૮૮)

There are three types of vedās (gender). In heavens, in humans and animals having lifespan of innumerable years there are two vedās masculine and feminine. In humans and animals having lifespan of numerable years there are all the three vedās. In hell there is only neuter gender. 288

**આયંગુલેણ વત્થું, સરીરમુસ્સેહઅંગુલેણ તહા ।**
**નગપુઢવિવિમાણાઈં, મિણસુ પમાણંગુલેણં તુ ॥૨૮૯॥**

આત્માંગુલથી વાસ્તુ (મકાન વગેરે), ઉત્સેધાંગુલથી શરીર અને પ્રમાણાંગુલથી પર્વત-પૃથ્વી-વિમાન વગેરે માપ. (૨૮૯)

There are three types of angulās 1) Ātmāngula 2) Utsedhāngula 3) Pramānāngula. Generally, Ātmāngula is used for measuring vāstu (i.e. measurement of houses etc.), Utsedhāngula is used for measuring body (i.e. height measurements etc.) and Pramānāngula is used for measuring mountains, earth, vimānās etc. 289

**સત્થેણ સુતિક્ખેણ વિ, છેત્તું ભિત્તું ચ જં કિર ન સક્કા ।**
**તં પરમાણું સિદ્ધા, વયંતિ આઈ પમાણાણં ॥૨૯૦॥**

ખૂબ તીક્ષ્ણ એવા પણ શસ્ત્ર વડે જે છેદી અને ભેદી નથી શકાતો તે પરમાણુને સિદ્ધો પ્રમાણની આદિ (શરૂઆત) કહે છે. (૨૯૦)

The most minute particle which cannot be cut or divided in two pieces or pierced by the sharpest (thinest) weapon is said as 'Paramānu' by siddhās. It is the primary

unit of measurement. 290

**પરમાણુ તસરેણુ, રહરેણુ વાલઅગ્ગ લિક્ખા ય ।**

**જૂય જવો અટ્ઠગુણા, કમેણ ઉસ્સેહઅંગુલયં ॥૨૯૧॥**

**અંગુલછક્કં પાઓ, સો દુગુણ વિહત્થિ સા દુગુણ હત્થો ।**

**ચઉહત્થં ધણુ દુસહસ, કોસો તે જોયણં ચઉરો ॥૨૯૨॥**

પરમાણુ, ત્રસરેણુ, રથરેણુ, વાલાગ્ર, લીખ, જૂ, જવ, ઉત્સેધાંગુલ ક્રમશઃ આઠગુણ કરતા થાય છે. છ અંગુલનો ૧ પાદ, તે બમણો ૧ વેંત, તે બમણો ૧ હાથ, ચાર હાથનું ૧ ધનુષ્ય, ૨000 ધનુષ્યનો ૧ કોશ, ચાર કોશનો એક યોજન થાય. (૨૯૧, ૨૯૨)

**Table of measurement units :**

| | | |
|---|---|---|
| 8 paramānus | = | 1 Trasrenu |
| 8 Trasrenus | = | 1 Rathrenu |
| 8 Rathrenus | = | 1 Vālāgra (minute part of a hair) |
| 8 Vālāgrās | = | 1 Likha (nit) |
| 8 Likhās | = | 1 Jue (louse) |
| 8 Jues | = | 1 Java (Barley seed) |
| 8 Javās | = | 1 Utsedhāngula |
| 6 Utsedhāngulās | = | 1 Pāda (Breadth of a foot) |
| 2 Pādās | = | 1 Veta (span) |
| 2 Vetās | = | 1 Hātha (hand) |
| 4 Hāthās | = | 1 Dhanushya |
| 2000 Dhanushyās | = | 1 Kosha / Gāu |
| 4 Koshās/Gāus | = | 1 Yojana |

291-292

**ચઉસયગુણં પમાણંગુલ-મુસ્સેહંગુલાઓ બોદ્ધવ્વં ।**
**ઉસ્સેહંગુલદુગુણં, વીરસ્સાયંગુલં ભણિયં ॥૨૯૩॥**

ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ ૪૦૦ ગણુ જાણવુ. બમણુ ઉત્સેધાંગુલ તે વીરપ્રભુનું ૧ આત્માંગુલ કહ્યુ છે. (૨૯૩)

| | | |
|---|---|---|
| 400 Utsedhāngulās | = | 1 Pramānāgula |
| 2 Utsedhāngulās | = | 1 Ātmāngula of Bhagawān Mahāveera |

293

**પુઢવાઈસુ પત્તેયં સગ, વણપત્તેયણંત દસ ચઉદસ ।**
**વિગલે દુ દુ સુર-નારય-તિરિ, ચઉ ચઉ ચઉદસ નરેસુ ॥૨૯૪॥**
**જોણીણ હોંતિ લક્ખા, સવ્વે ચુલસી ઈહેવ ઘેપ્પંતિ ।**
**સમવણ્ણાઈસમેઆ, એગત્તેણેવ સામન્ના ॥૨૯૫॥**
**એગિંદિએસુ પંચસુ, બાર સગ તિ સત્ત અડ્ઠવીસા ય ।**
**વિગલેસુ સત્ત અડ નવ, જલ-ખહ-ચઉપય-ઉરગ ભુયગે ॥૨૯૬॥**
**અદ્ધતેરસ બારસ, દસ દસ નવગં નરામરે નરએ ।**
**બારસ છવ્વીસ પણવીસ, હુન્તિ કુલકોડિલક્ખાઈં ॥૨૯૭॥**

પૃથ્વીકાય વગેરે દરેકની ૭ લાખ, પ્રત્યેક-અનંતકાય વનસ્પતિ-કાયની ક્રમશઃ ૧૦ લાખ અને ૧૪ લાખ, વિકલેન્દ્રિયની દરેકની ૨ લાખ, દેવો-નારકો-તિર્યંચોની ૪-૪ લાખ મનુષ્યોની ૧૪ લાખ યોનિ છે. (૨૯૪)

બધી મળીને ૮૪ લાખ યોનિ છે. સમાન વર્ણ વગેરેથી યુક્ત હોવાથી એકપણા વડે જાતિરૂપ થયેલી યોનિઓનું આ ૮૪ લાખ યોનિમાં જ ગ્રહણ થઈ જાય છે. (૨૯૫)

પાંચ એકેન્દ્રિયોમાં ક્રમશઃ ૧૨ લાખ, ૭ લાખ, ૩ લાખ, ૭ લાખ, ૨૮ લાખ, વિકલેન્દ્રિયમાં ક્રમશઃ ૭ લાખ, ૮ લાખ, ૯ લાખ,

જલચર-ખેચર-ચતુષ્પદ-ઉરપરિસર્પ-ભુજપરિસર્પમાં ક્રમશઃ સાડા ૧૨ લાખ - ૧૨ લાખ - ૧૦ લાખ - ૧૦ લાખ - ૯ લાખ, મનુષ્ય-દેવ-નારકમાં ક્રમશઃ ૧૨ લાખ - ૨૬ લાખ - ૨૫ લાખ કુલકોટી છે. (૨૯૬- ૨૯૭)

'Yoni' means origin i.e. place where the living beings take birth. Each soul has individual yoni. Still, places (yonis) having similiar factors like colour, smell, touch, taste etc. are included in one yoni. There are 84 lakhs such groups of yonis.

Different types of originators taking birth in the same yoni are known as 'Kula.'

Originators having similiar factors are included in one Kula. (for ex. In cowdung different insects take birth like worms, scorpions etc.)

**Yonis and Kulakotis of the living beings are as follows :-**

| **Living beings** | **Yonis** | **Kulakotis** |
|---|---|---|
| Prithvikāya | 7 lakhs | 12 lakhs |
| Apkāya | 7 lakhs | 7 lakhs |
| Teukāya | 7 lakhs | 3 lakhs |
| Vayukāya | 7 lakhs | 7 lakhs |
| Pratyeka Vanaspatikāya<br>Sādhārana vanaspatikāya | 10 lakhs<br>14 lakhs | 28 lakhs |
| Beindriya | 2 lakhs | 7 lakhs |
| Teindriya | 2 lakhs | 8 lakhs |
| Caurindriya | 2 lakhs | 9 lakhs |

| **Living beings** | **Yonis** | **Kulakotis** |
|---|---|---|
| Jalacara | 4 lakhs | 12 1/2 lakhs |
| Catushpada | | 10 lakhs |
| Khecara | | 12 lakhs |
| Uraparisarpa | | 10 lakhs |
| Bhujaparisarpa | | 9 lakhs |
| Hell dwellers | 4 lakhs | 25 lakhs |
| Deities | 4 lakhs | 26 lakhs |
| Humans | 14 lakhs | 12 lakhs |
| **Total** | **84 lakhs** | **1,97,50,000** |

294-295-296-297

**ઈગ કોડિ સત્તનવઈ, લક્ખા સઢ્ઢા કુલાણ કોડીણં ।**
**સંવુડજોણિ સુરેગિંદિનારયા, વિયડ વિગલ ગબ્ભુભયા ॥૨૯૮॥**

કુલ ૧,૯૭,૫૦,૦૦૦ કુલકોટી છે. દેવો-એકેન્દ્રિય-નારકો સંવૃત (ઢંકાયેલી) યોનિવાળા છે, વિકલેન્દ્રિય વિવૃત (પ્રગટ) યોનિવાળા છે. ગર્ભજ જીવો સંવૃત-વિવૃત યોનિવાળા છે. (૨૯૮)

There are 1,97,50,000 kulakotis in total.

The yoni of deities, hell dwellers and Ekendriyās is samvruta type (covered), of vikalendriyās is vivruta type (open) and of embryo originators (human beings and animals) is Ubhaya-mishra type (mixed-partially open partially closed.) 298

**અચિત્તજોણિ સુર-નિરય, મીસ ગબ્ભે તિભેય સેસાણં ।**
**સીઉસિણ નિરયસુરગબ્ભ, મીસ ઉસિણ સેસ તિહા ॥૨૯૯॥**

દેવો-નારકો અચિત્ત યોનિવાળા છે, ગર્ભજ જીવો મિશ્ર યોનિવાળા છે, શેષ જીવો ત્રણ પ્રકારની યોનિવાળા છે. નારકો શીત અને ઉષ્ણ

યોનિવાળા છે. દેવો અને ગર્ભજ મનુષ્યો-તિર્યંચો મિશ્ર યોનિવાળા છે, તેઉકાય ઉષ્ણ યોનિવાળા છે, શેષ જીવો ત્રણ પ્રકારની યોનિવાળા છે. (૨૯૯)

The yoni of deities and hell dwellers is Acitta, of embryo originators is mishra (mixed) and of all the rest creatures is of three types i.e. Sacitta (living), Acitta (lifeless) and mishra (mixed). The yoni of hell dwellers is either hot or cold, of deities and embryo originators is mishra (mixed), of Teukāya is only hot and of all the rest creatures is of three types i.e. hot, cold or mishra. 299

**હયગબ્ભ સંખવત્તા, જોણી કુમુન્નયાઈ જાયંતિ ।**

**અરિહ હરિ ચક્કિ રામા, વંસીપત્તાઈ સેસનરા ॥૩૦૦॥**

શંખાવર્ત યોનિ ગર્ભને હણી નાખે છે. કુર્મોન્નત યોનિમાં અરિહંત, વાસુદેવ, ચક્રવર્તી અને બળદેવ ઉત્પન્ન થાય છે. શેષ મનુષ્યો વંશીપત્રા યોનિમાં ઉત્પન્ન થાય છે. (૩૦૦)

The yonis of women are of three types :

1) Shankhāvarta (similar to conch)-It kills the foetus.

2) Kurmonnata (similar to the back of the tortoise) Great personalities like Arihanta, Cakravarti, Vāsudeva, Baladeva take birth from this yoni.

3) Vanshipatra (similar to the leaves of bamboo) common human beings take birth from this yoni. 300

**આઉસ્સ બંધકાલો, અબાહકાલો ય અંતસમઓ ય ।**

**અપવત્તણણપવત્તણ, ઉવક્કમણુવક્કમા ભણિયા॥૩૦૧॥**

આયુષ્યના બંધકાલ, અબાધાકાલ, અંતસમય, અપવર્તન, અનપવર્તન, ઉપક્રમ, અનુપક્રમ કહ્યા છે. (૩૦૧)

There are seven aspects of Āyushya karma (i.e. karma which gives future births)

1) Bandhakāla - time of binding the āyushya karma.

2) Abādhākāla - time gap after binding upto its experience.

3) Antasamaya - last moment of the present birth.

4) Apavartana - to experience long lasting āyushya karma within a short time.

5) Anapavartana - to experience the āyushya karma as binded.

6) Upakrama - causes due to which āyushya karma is experienced in a short time.

7) Anupakrama - causes due to which āyushya karma is not experienced in a short time.

301.

**બંધન્તિ દેવનારય, અસંખતિરિનર છમાસસેસાઊ ।**
**પરભવિયાઉં સેસા, નિરૂવક્કમ તિભાગસેસાઊ ॥૩૦૨॥**
**સોવક્કમાઉયા પુણ, સેસતિભાગે અહવ નવમભાગે ।**
**સત્તાવીસઈમે વા, અંતમુહુત્તંતિમે વાવિ ॥૩૦૩॥**

દેવો - નારકો - અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-તિર્યંચો છ માસ આયુષ્ય બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે. શેષ નિરુપક્રમ આયુષ્યવાળા જીવો ત્રીજો ભાગ આયુષ્ય બાકી હોય ત્યારે પરભવાયુષ્ય બાંધે. સોપક્રમ આયુષ્યવાળા જીવો ત્રીજો ભાગ અથવા નવમો ભાગ અથવા સત્યાવીશમો ભાગ આયુષ્ય બાકી હોય ત્યારે અથવા છેલ્લા અંતર્મુહૂર્તમાં પરભવાયુષ્ય બાંધે. (૩૦૨- ૩૦૩)

Deities, hell dwellers and human beings or animals having lifespan of innumerable years bind the āyushya of next birth before the last six months of the present birth. Other living beings having anupakrama āyushya bind the āyushya of next birth when the last 1/3rd part of the present birth is remaining. Whereas living beings having sopakrama āyushya bind the āyushya of next birth when

the last 1/3rd part or 1/9th part or 1/27th part or the last antarmuhurta is remaining of the present birth. 302-303

**જઈમે ભાગે બંધો, આઉસ્સ ભવે અબાહકાલો સો ।**

**અંતે ઉજ્જુગઈ ઈગ, સમય વક્ક ચઉ પંચ સમયંતા ॥૩૦૪॥**

જેટલામા ભાગે આયુષ્યનો બંધ થાય તેટલો કાળ અબાધા છે. અંતે ઋજુગતિ ૧ સમયની અને વક્રગતિ ૪ કે ૫ સમય સુધીની હોય છે. (૩૦૪)

Abādhākāla is similar to the above said bandhakāla. After death the soul reaches the next birth's place by rujugati of a single samaya or by vakragati of 2/3/4/5 samayās. 304

**ઉજ્જુગઈપઢમસમએ, પરભવિયં આઉયં તહાહારો ।**

**વક્કાઈ બીયસમએ, પરભવિયાઉં ઉદયમેઈ ॥૩૦૫॥**

ઋજુગતિના પહેલા સમયે પરભવનું આયુષ્ય અને આહાર ઉદયમાં આવે છે, વક્રગતિના બીજા સમયે પરભવનું આયુષ્ય ઉદયમાં આવે છે. (૩૦૫)

If the soul is passing by rujugati (straight way), the experience of the āyushya of the next birth and food intake starts from the first samaya while in vakragati (way with turns) the experience of the āyushya of the next birth starts from the second samaya. 305

**ઈગ-દુ-તિ-ચઉ-વક્કાસુ, દુગાઈસમએસુ પરભવાહારો ।**

**દુગવક્કાઈસુ સમયા, ઈગ દો તિન્નિ ય અણાહારા ॥૩૦૬॥**

૧,૨,૩,૪ વક્રવાળી વિગ્રહગતિમાં ક્રમશઃ બીજા વગેરે સમયે પરભવનો આહાર હોય છે. બે વગેરે વક્રવાળી વિગ્રહગતિમાં ક્રમશઃ ૧,૨,૩ સમય અણાહારી હોય છે. (૩૦૬)

Food intake in vakragati of 1,2,3 or 4 turns is from the second, third, fourth, fifth samayā (i.e. the last samaya).

Hence, in the vakragati's of 2,3,4 turns soul does not take food for one, two, three samayās respectively. 306

**બહુકાલવેયણિજ્જં, કમ્મં અપ્પેણ જમિહ કાલેણં ।**
**વેઈજ્જઈ જુગવં ચિય, ઉઈન્નસવ્વપએસગ્ગં ॥૩૦૭॥**
**અપવત્તણિજ્જમેયં, આઉં અહવા અસેસકમ્મંપિ ।**
**બંધસમએવિ બદ્ધં, સિઢિલં ચિય તં જહાજોગં ॥૩૦૮॥**

અહીં ઘણા કાળે ભોગવવા યોગ્ય જે કર્મ અલ્પકાળમાં બધા પ્રદેશોના ઉદય દ્વારા એક સાથે ભોગવાય છે તે અપવર્તનીય આયુષ્ય છે અથવા બધા કર્મો છે. તે બંધસમયે પણ યથાયોગ્ય રીતે ઢીલું જ બાંધેલું હોય છે. (૩૦૭- ૩૦૮)

If the karmās, which are to be experienced in a long period of time, are experienced in a short period of time by the experience of all Karmapradeshās at a time, than these karmās are known as 'Apavartaniya karmās.' They are already bound in a loose position during 'Bandhakāla.' 307-308

**જં પુણ ગાઢનિકાયણબંધેણં, પુવ્વમેવ કિલ બદ્ધં ।**
**તં હોઈ અણપવત્તણ-જુગ્ગં કમવેયણિજ્જફલં ॥૩૦૯॥**

જે પહેલા જ ગાઢ નિકાચિત બંધ વડે બાંધેલું હોય તે અનપવર્તનયોગ્ય કર્મ છે. તે ક્રમે કરીને ભોગવવા યોગ્ય ફળવાળું છે. (૩૦૯)

The karmas which are extremely bound with the soul are 'Anapavartaniya karmās.' They are ought to be experienced according to their fixed time limit. 309

**ઉત્તમચરમસરીરા, સુરનેરઈયા અસંખનરતિરિયા ।**
**હુન્તિ નિરુવક્કમાઓ, દુહાવિ સેસા મુણેયવ્વા ॥૩૧૦॥**

ઉત્તમ પુરુષો, ચરમશરીરી જીવો, દેવો, નારકો, અસંખ્ય વર્ષના

આયુષ્યવાળા મનુષ્યો-તિર્યંચો નિરુપક્રમ આયુષ્યવાળા છે, શેષ જીવો બન્ને પ્રકારના જાણવા. (૩૧૦)

Great personalities, souls having last birth (sure to attain salvation in the present birth), deities, hell dwellers and human beings or animals having lifespan of innumerable years surely have nirupakrama āyushya. Rest of the living beings have both the types of āyushyās i.e. nirupakrama āyushya - sopakrama āyushya. 310

**જેણાઉમુવક્કમિજ્જઈ, અપ્પસમુત્થેણ ઈયરગેણાવિ ।**
**સો અજ્ઝવસાણાઈ, ઉવક્કમણુવક્કમો ઈયરો ॥૩૧૧॥**

પોતાનાથી ઉત્પન્ન થયેલા અથવા અન્ય એવા પણ જેના વડે આયુષ્યનો ઉપક્રમ થાય તે અધ્યવસાય વગેરે ઉપક્રમ છે અને બીજા અનુપક્રમ છે. (૩૧૧)

The personal reasons or other reasons which shortern the lifespan are known as 'Upakramās'; the rest are 'Anupakramās.' 311

**અજ્ઝવસાણ નિમિત્તે, આહારે વેયણા પરાઘાએ ।**
**ફાસે આણાપાણૂ, સત્તવિહં ઝિજ્ઝએ આઉં ॥૩૧૨॥**

અધ્યવસાય, નિમિત્ત, આહાર, વેદના, પરાઘાત, સ્પર્શ, શ્વાસોચ્છ્વાસ - આ સાત રીતે આયુષ્ય ક્ષય પામે છે. (૩૧૨)

There are seven types of reasons which shortern the lifespan. They are as follows :- 1) Adhyavasāya (thoughts of extreme love, fear, shock etc.) 2) Nimitta (causes like poision etc.) 3) Food (excess food or adverse food) 4) Extreme pain 5) Parāghāta (falling etc.) 6) Sparsha (inconvient touch of fire, extreme heat/cold etc.) 7) Breath (excess breathing, lack of breathing, lack of oxygen etc.) 312

**આહાર સરીરિંદિય, પજ્જત્તી આણપાણ ભાસ મણે ।**
**ચઉ પંચ પંચ છપ્પિ ય, ઈગવિગલાસન્નિસંન્નીણં ॥૩૧૩॥**

આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન- આ છ પર્યાપ્તિ છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞીને ક્રમશઃ ૪,૫,૫ અને ૬ પર્યાપ્તિ હોય છે. (૩૧૩)

There are six types of paryāptis. They are as follows :-

1) Āhār 2) Sharir 3) Indriya 4) Ānaprāna 5) Bhāshā 6) Mana. Ekendriyās have first four paryāptis. Vikalendriyās and asangni pancendriyās have first five paryāptis. Sangni pancendriyās have all the six paryāptis. 313

**આહાર-સરીરિંદિય-ઊસાસ-વઉ-મણોડભિનિવ્વત્તી ।**
**હોઈ જઓ દલિયાઓ, કરણં પઈ સા ઉ પજ્જત્તી ॥૩૧૪॥**

જે દલિકોમાંથી જે શક્તિ વડે આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, વચન અને મન બને છે તે પર્યાપ્તિ છે. (૩૧૪)

The ability of intaking and processing the 'Pudgalās' (i.e. particles, atoms) of āhār, sharir, indriya, shwāsochhvās, vacana and mana is known as 'Paryāpti.' 314

**પણિંદિયતિબલૂસા, આઉઅ દસપાણ ચઉ છ સગ અટ્ઠ ।**
**ઈગ-દુ-તિ-ચઉરિંદીણં, અસન્નિ-સન્નીણ નવ દસ ય ॥૩૧૫॥**

પાંચ ઇન્દ્રિય, ૩ બળ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય - આ ૧૦ પ્રાણ છે. એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિયને ક્રમશઃ ૪, ૬, ૭, ૮ પ્રાણ છે, અસંજ્ઞી-સંજ્ઞીને ક્રમશઃ ૯ અને ૧૦ પ્રાણ છે. (૩૧૫)

There are ten types of 'Prānās' (essential items of living beings).

1-5) Five Indriyās = Sparshendriya, Rasnendriya, Ghrānendriya, Cakshurindriya, Shrotrendriya 6-8) Three balās = Manabala, Vacanabala, Kāyabala 9) Shwāsochwāsa 10) Āyushya. Ekendriya, Beindriya,

Teindriya, Caurindriya, Asangni Pancendriya and Sangni Pancendriya have 4-6-7-8-9-10 prānās respectively. 315

**સંખિત્તા સંઘયણી, ગુરુતરસંઘયણિમજ્ઝઓ એસા ।**

**સિરિ-સિરિચંદમુણિંદેણ, નિમ્મિયા અપ્પપઢણટ્ઠા ॥૩૧૬॥**

શ્રી શ્રીચન્દ્રસૂરિએ પોતાના અભ્યાસ માટે મોટી સંગ્રહણિમાંથી આ સંક્ષિપ્ત સંગ્રહણિ બનાવી. (૩૧૬)

This precis of Sangrahani sootra is composed by Shree Shreecandrasuri from large sangrahani sootra for his own study. 316

**સંખિત્તયરી ઉ ઈમા, સરીરમોગાહણા ય સંઘયણા ।**

**સન્ના સંઠાણ કસાય, લેસિંદિય દુસમુગ્ઘાયા ॥૩૧૭॥**

**દિટ્ઠી-દંસણ-નાણે, જોગુ-વઓગો-વવાય-ચવણ-ઠિઈ ।**

**પજ્જત્તિ-કિમાહારે, સન્નિ-ગઈ-આગઈ-વેએ ॥૩૧૮॥**

આ વધુ સંક્ષિપ્ત સંગ્રહણિ છે - શરીર, અવગાહના, સંઘયણ, સંજ્ઞા, સંસ્થાન, કષાય, લેશ્યા, ઈન્દ્રિય, બે સમુદ્ઘાત, દષ્ટિ, દર્શન, જ્ઞાન, યોગ, ઉપયોગ, ઉપપાત, ચ્યવન, સ્થિતિ, પર્યાપ્તિ, કિમાહાર, સંજ્ઞી, ગતિ, આગતિ, વેદ. (૩૧૭- ૩૧૮)

The shortest Sangrahani is only of 24 subjects. They are : 1) Sharir 2) Avagāhana 3) Sanghayana 4) Sangnā 5) Sansthāna 6) Kashāya 7) Leshyā 8) Indriya 9) Jeeva samudghāta 10) Ajeeva samudghāta 11) Drashti 12) Darshana 13) Gyāna 14) Yoga 15) Upayoga 16) Upapāta sankhyā 17) Cyavana sankhyā 18) Sthiti 19) Paryāpti 20) Kimāhār 21) Sangni 22) Gati 23) Āgati 24) Veda. 317-318

**મલહારિહેમસૂરીણ, સીસલેસેણ વિરઈયં સમ્મં ।**

**સંઘયણિરયણમેયં, નંદઈ જા વીરજિણતિત્થં ॥૩૧૯॥**

મલધારી શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજના શિષ્યલેશે સારી રીતે રચેલ

આ સંગ્રહણિરત્ન જ્યાં સુધી વીરપ્રભુનું તીર્થ છે ત્યાં સુધી વૃદ્ધિ પામે. (૩૧૯)

This 'Sangrahani Sootra' is very properly composed by the disciple of Malladhāri Shree Hemcandrasuriji Mahāraja. I wish that it will prosper till the shāshana of Bhagawān Mahāveera prevails. 319

## SHREE SANGRAHANI SOOTRA

*A marvellous text of Shree Shreecandrasuri imparts light upon the Jaina Geography as well as the Jaina Biology. Creates a perfect sketch of the three worlds. Embodies the heavenly beings and hell dwellers.*

*Just have a look.....*

1969 પં. પદ્મવિજય જન્મશતાબ્દિ 2069

BHARAT GRAPHICS - Ahmedabad-1.
Ph. : 079-22134176, Mob. 9925020106

MULTY GRAPHICS
(022) 23873222 23884222